



હરણનું લાવણ્ય · કલાકાર શ્યાવક્ષ ચાવડાની પ્રાણીચિત્રણા
(એ વિષય ઉપર શ્રી રવિશંકર રાવળનો, પુષ્કળ નમૂનાઓ સાથેનો
પ્રતીતિજનક લેખ આ અંકમાં આપ્યો છે.)

# કુમાર


આવતી કાલનાં નાગરિકો
માટે આજનું અગ્રણી માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી ◎ બચુભાઈ રાવત
વર્ષ છવ્વીસમું · અંક બારમો
ડિસેમ્બર · ઓગણીસસો ઓ-
ગણપચાસ · સળંગ અંક ૩૧૨



**આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન મંદિરની કોતરણી ભરેલી છતો** (ફોટો · વિક્રમ દલાલ)

ગિરિરાજ આબુ ઉપર દેલવાડાનાં જૈન મંદિરોમાં ગુજરાતના શિલ્પ-સ્વામીઓએ મનોહર આરસમાં, મુલાયમ માખણની જેમ; મબલખ કોતરણીની જે સપ્તરંગી લીલા વિસ્તારી છે તેની ખરી પ્રતીતિ તો એ મંદિરોની છતોમાંની કોતરણીમાં થાય છે. એક-બે નહિ પણ સંખ્યાબંધ છતોમાં કમળો અને ભૌમિતિક રચનાઓની વિલસી રહેલી એ લહેરોના જે પંદરવીસ જેટલા પ્રકારો ભાઇ દલાલે આણ્યા છે તેમાંથી એના વૈવિધ્યનો ખ્યાલ આપવા જતાં એકસામટા છ નમૂના અહીં ઉતારવા જતાં તે નાનાં થઈ જવાથી તેનાં ડિઝાઇનોની વિગતો બતાવી શકાતી નથી એનો અમને અસંતોષ છે. પણ આવતા અંકોમાં આ અને આવી બીજી કૃતિઓને ખૂબ મોટા સ્વરૂપમાં એકએક કરીને આપવાની મનીષા છે.

કુમાર

ડિસેમ્બર ૧૯૪૯

અંક ૩૧૨


ચિત્રો



કાવ્યો



ચરિત્ર



નાટિકા



લેખો



વિભાગો




કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છૂટક નકલના બાર આના

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.



લય અને તાલ (લીથોગ્રાફ)

કલાકાર : નારાયણ શ્રીધર બેન્દ્રે

'પ્રણય માધુરી'
નામના આગામી
ચિત્રસંપુટમાંથી




ગીત
ચિત્રકાર
કનુ દેસાઈ

## ઊઘડયાં ઉરનાં દ્વાર

મારાં ઊઘડ્યાં ઉરનાં દ્વાર,
મહીં મળ્યો માનવનો મેળો,
હું જ રહ્યો રે બ્હાર!

લખ આવે, લખ જાય,
થાય શી ભીડમાં હેલંહેલ;
મને જ ના કહે 'આય!'
અવરને રસની રેલંછેલ;
ખાલી ખોબે બ્હાર ઊભો છું,
અંદર રસની ધાર!

જગને દીધું દામ
અરે, ત્યાં મારો તે શો ભાર?
આ તે કેવો ડામ,
દીધો તેં પોતાને જાકાર!
હળવે પૂછું: હૈયા, તારો
હું જ ન પામું પાર?
મારાં ઊઘડ્યાં ઉરનાં દ્વાર!

**નિરંજન ભગત**

## ઉપાલંભ

હે મન! આવા ન હાલશે ઢંગ.

કોક હૂંફાળી પાંપણો ઓઢી
પોઢી જવાના તરંગ,
શ્યામ લટો કેરા કોમળ હીંચકે
ઝૂલતા જાવું સંગ.—હે૦

લાલમ લાલ કો ગાલ ગાલીચે
આળોટવાનું અ-ભંગ,
પાતળા દેહની પામરી આડેથી
દેખવા વીજલ દંગ.—હે૦

રૂપપિયાસી! સ્વરૂપને ઓળખ
દેખ મા એક જ રંગ,
ભૂલ મા, ભોળા, ભવ-જટામહીં
ખાળવી કાળની ગંગ—હે૦

**વ્રજલાલ દવે**

## મૂગાનું સ્વપ્નું

દિને ખીલ્યાં ફૂલ બોલે રંગભરી વાણી:
'હતભાગી એક છે આ મૂગી રાતરાણી'

રાતે ગંધવાચા સહુ ફૂલને ઢંઢોળે,
કોણ સુણે કથા પોઢેલાં જે ઘરાખોળે?

સંપદા જે મળી તેનું સુખ નહિ ઉરે,
એથી આખું વન ભરી નિશિગંધા ઝૂરે.

**મકરન્દ દવે**

## પવનપંથે

• પૃથ્વી સૉનેટ •

અહીં જડ જમીન સંગ અમને જડચા, આંખને
દિધો તિમિર-અંચળો, હૃદયને દિધો કામના-
વિમૂઢ વિપલાગ્નિ, પાંખ ફરતી અમારે બધે
રચી અદશ ઇન્દ્રજાળ, અહ દાવ ખાસ્સો ઘડ્યો!

વિદારી સહુ આ હવે ગગન મેર આરોહવું—
પ્રચણ્ડ પડકાર આ; પરમ તારું આમંત્રણ.
અહો કયમ સહાય આ અબ જમીનની જિન્દગી!
ઉડે ફફડી પાંખ, આંખ ગગનોની યાત્રા ગ્રહે.

અનંત અવકાશના પટ ક્રમંત તું ગોંદરે
ખડી છ અમ ગામ જ બસ, એટલી વાર કે
તજી ઘરની ગોદને નિસરીએ, ત્યહીં તાહરો
ખડો પવનપંથનો રથ રણેશનો પાઠવ્યો.

કશી રણઝણી રહી મધુર ચક્રની ઘૂઘરી!
પ્રશસ્ત તવ મૂર્તિ સંગ અબ પ્રીત છે આદરી.

**સુન્દરમ**

## ફલિતા

• પૃથ્વી સૉનેટ •

કલામય ગુંથેલ પુષ્પ થકી શોભતો કુન્તલ;
ગુલાબ સમ ખીલતા મૃદુલ ગાલ, માથે તલ;
અચુંબિત હસી રહ્યાં અધરસંપુટ પ્રેમલ;
સુલોચન લસે, તહીં ગરવું શોભતું કજ્જલ;
કપોત સમ પાતળી મલપતી ગ્રીવા નાહરી;
બધે ય મુજ દૃષ્ટિ આ ફરી ફરી અને ત્યાં ઠરી
સુડોળ તવ વક્ષ પે સ્થિર થઈ; બન્યો લીન હું.
સખીરિ! તુજ ચારુતાસભર સર્વ અંગાંગમાં
દીઠી અજબ માધુરી; તદપિ ચિત્ત આ ચંચલ
વિમુગ્ધ નવ એ થયું; ન જરી ડોલતું રંગમાં.
પરન્તુ મુજ આંખડી સ્તન છુપાવતા અંચલ
પરે પડી અને ઊઠી મનમહીં તરંગાવલિ.
ભવિષ્ય શુભ ભાળતો; હસતું પાલવે કો કલિ
સમું મૃદુલ બાલ દુગ્ધ-સરવાણીને ઝીલતું.

**રંજનમ**



# આધુનિક મહારાષ્ટ્રમાં સંત સમ ગણાતા સાને ગુરુજી



કશા પણ માન-સંમાનની અપેક્ષા વગર રાજકારણ, ધર્મ, સાહિત્ય સમાજ-સેવા આદિ અનેક ક્ષેત્રોમાં કેવળ લોકસંગ્રહાર્થે કાર્ય કરનાર સાને ગુરુજીનું અંગત ચારિત્ર્ય પણ એટલું નિર્મળ છે કે આજે જ તે સંતપુરુષોમાં ગણાય છે.

લેખક • પ્રો૦ વસન્ત જોષી એમ.એ.

આજના મહારાષ્ટ્રના જીવનમાં સાને ગુરુજી તરીકે ઓળખાતા શ્રી પાંડુરંગ સદાશિવ સાનેનું સ્થાન બહુ જ ઊંચું છે. સાને ગુરુજીએ જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં એટલું બધું કાર્ય કર્યું છે કે તેનાથી તેઓ મહારાષ્ટ્રમાં ગણ્યાગાંઠ્યા લોકોને જ મળતી કીર્તિ અને લોકપ્રિયતા મેળવી શક્યા છે. સાહિત્યના બધા વિભાગોમાં એમણે સંચાર કર્યો છે: નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, કવિતા, ચરિત્ર—એવાં એમનાં આશરે સોએક નાનાંમોટાં પુસ્તકો આજ સુધી બહાર પડ્યાં છે. રાજકારણમાં પણ એમણે અગત્યનો ભાગ ભજવ્યો છે. હરિજનોનો ઉદ્ધાર કરવામાટે એમણે મોટી ઝુંબેશ ઉપાડી હતી. ખાનગી જીવનમાં તેઓ એટલી નિર્મળતા જાળવવાનો પ્રયાસ કરે છે કે તેઓ આજે જ મહારાષ્ટ્રના સંતપુરુષોમાં ગણાવા માંડ્યા છે. એક સમાજવાદી નેતા તરીકે પણ ભારત એમને ઓળખે છે; તોપણ મહારાષ્ટ્રમાં તેઓ જેટલા જાણીતા થયા છે તેટલા બીજા પ્રાંતોમાં હોય એવું લાગતું નથી. એમનાં કેટલાંક પુસ્તકોના ગુજરાતી અનુવાદ બહાર પડ્યા છે ખરા, પણ એ પુસ્તકો પાછળનું વ્યક્તિત્વ હજી લોકોને પ્રતીત થયું નથી. એટલે એમનો ટૂંકો પરિચય અહીં અસ્થાને નહિ ગણાય.

પૈસાદાર ગણાતા એક ચિત્પાવન કુટુંબમાં સાને ગુરુજી ૨૪મી ડિસેમ્બર ૧૮૯૯ને દિવસે જન્મ્યા હતા. એમની જિંદગીનાં શરૂઆતનાં વર્ષ સુખમાં વીત્યાં. પણ કુટુંબના ઝગડા થવાથી એમના ઘરના ભાગલા પડ્યા. એમના પિતાને ભાગે થોડી જમીન સિવાય કંઈ આવ્યું નહિ. એ સરદાર કુટુંબમાં જન્મેલા એટલે નોકરી કરવા જવાય નહિ, ને વળી ગૃહસ્થ એટલે ભિક્ષુક પણ થઈ ન શકે. કુળની પ્રતિષ્ઠા અને એનું અભિમાન સાચવતાં પિતાને માથે જે વીતી તેનો ખ્યાલ ગુરુજીએ પોતાના એક પુસ્તકમાં આપ્યો છે. મોભો જાળવવા જતાં પુષ્કળ દેવું થયું. વારસામાં ઘર તો મળ્યું ન હતું, એટલે ઝૂંપડી જેવું કામચલાઉ મકાન કરાવી એમાં સાને કુટુંબ રહેતું. વ્યાજની રકમ આપવા જેટલા યે પૈસા મળે નહિ એટલે વ્યાજ ચડતું જ જાય અને દેવાની રકમ વધતી જ જાય. આમાંથી માર્ગ કેમ નીકળે એ વિકટ પ્રશ્ન હતો. સસરા ગામમાં જ રહેતા. એમનાથી દીકરીની પરિસ્થિતિ જોવાઇ નહિ, એટલે જમાઇને સમજાવવા આવ્યા. જમાઇનું અભિમાન કંઇ જેવું તેવું ન હતું. બંને લડ્યા, તારું થવાનું હોય તે થાય, હું હવે આ ઘેર આવવાનો નથી એમ કહી સસરા ગયા. વાણિયાનો મુનીમ વ્યાજ ઉઘરાવવા આવ્યો ત્યારે ઘરમાં પૈસા ન હતા. 'છોકરાઓને પૈસા ખરચી ભણાવી શકો છો, પણ વ્યાજ નથી ભરી શકતા એમ કહેતાં તમને શરમ પણ નથી આવતી? બૈરીને વેચો ને વ્યાજ આપી દો.' મામલો વીફર્યો. કોર્ટ-કચેરીઓ થઇ. ઘર ઉપર જપ્તી આવી. પછીની હાલાકીનું તો પૂછવું જ શું? ઘરમાં કોઇ દિવસ તેલ હોય તો મીઠું નહિ એવો સમય આવ્યો. ગુરુજીનાં માતા પ્રાચીન કાળની સતીઓ જેવાં હતા. ખવાય તેવાં પાદડાં પાણીમાં રાંધે, ભાત બનાવે અને આમ ગુજરાન ચાલે. આવક કંઇ નહિ, એટલે ગામમાં રહેવા આવેલા એક પેન્શનરને ત્યાં કામ કરે: કપડાં ધોવાં, છોકરાંને નવડાવવાં, દળણાં દળવાં; અને એને માટે માસિક પગાર બે રૂપિયા! આ કુટુંબની પરિસ્થિતિ.

માતાના ઉજ્જવળ ચારિત્ર્યની છાપ સાને ગુરુજીના જીવનમાં ડગલે ને પગલે દેખાય છે. તેઓ લખે છે, "મિત્રો! મારામાં જેટલું કંઈ સારું છે તે મારી માતાનું છે. મા મારી ગુરુ, મા મારું કલ્પતરુ. એણે મને શું શું આપ્યું છે તે કેવી રીતે કહું? બધું જ આપ્યું છે. પ્રેમદૃષ્ટિથી જોતાં, પ્રેમથી બોલતાં એણે જ મને શીખવ્યું. માત્ર માણસો પ્રત્યે નહિ પણ ઢોરઢાંખર, પતંગીયાં, ફૂલ અને ઝાડ પ્રત્યે પ્રેમ રાખતાં એણે જ શીખવ્યું. શરીરને ભલેને ગમે તેટલાં કષ્ટ થાય પણ ચૂં કે ચાં કર્યા વિના પોતાનું કામ ઉત્કૃષ્ટ રીતે કરતાં એણે જ શીખવ્યું. દરિદ્ર અવસ્થામાં પણ સ્વત્વ અને સત્ત્વ ગુમાવ્યા વગર કેમ જીવવું એ એણે જ બતાવ્યું. મારી માએ મારા જીવનમાં અત્તર રેડ્યું. મારા જીવનનો રંગ, સુગંધ બધું એનું જ. ખરેખર, હું તો નકામો છું. બધું એનું, એ પવિત્ર માનું." ગુરુજી માને યાદ કરે છે ત્યારે એમની આંખોમાં આંસુ માતાં નથી. એમનો સ્વભાવ એટલો ભાવનાવશ છે કે તેઓ લાગણીઓ છુપાવી શકતા નથી.

પુષ્કળ દુ:ખ ને આપદા વેઠી એમનાં માતા મૃત્યુ પામ્યાં ત્યારે ગુરુજી દૂરના એક શહેરમાં ભણતા હતા. એક રાત્રે એમને સ્વપ્નામાં મા દેખાયાં: 'કેમ, બેટા, મને મળવા નથી આવતો? એમણે તને ખબર આપી નથી? જરૂર મળવા આવજે.' ગુરુજી ઊઠ્યા. મનમાં આશંકા પુષ્કળ હતી. પાસે પૈસો ન હતો. એક મિત્ર પાસેથી પૈસા ઉછીના લઈ ગામ આવ્યા ત્યાં ખબર પડી કે માનું અવસાન થયું છે! આખરે માને મળી શક્યા નહિ. એનું પાર્થિવ શરીર ખાખ થયું હતું. અસ્થિસંચયન માટે સ્મશાનમાં જઈ માની ભસ્મમય મૂર્તિનાં દર્શન કર્યાં. 'श्यामची आई' નામનું પુસ્તક એ ગુરુજીએ કરેલું માનું સ્મારક. હિંદુ સ્ત્રીનું પાવિત્ર્ય, પાતિવ્રત્ય અને સહિષ્ણુતા એવા ગુણો જ્યાં સુધી આપણે ત્યાં છે ત્યાંસુધી લોકો આ પુસ્તક ભૂલી નહિ શકે. મહારાષ્ટ્રમાં એણે લાખો લોકોને રડાવ્યા છે, પવિત્ર બનાવ્યા છે. એ પુસ્તકની આઠથી દસ જેટલી આવૃત્તિઓ થઈ ચૂકી છે.

ભણવાની ગુરુજીને તીવ્ર ઈચ્છા હતી. એમના ગામમાં નિશાળ હતી, પણ ફીનાં સાંસાં હતા. મોટા ઘરનો છોકરો, એટલે માફીની માગણી કરી શકાય નહિ, અને કરે તો માસ્તરો હસી કાઢે, એવી

વિચિત્ર સ્થિતિમાં તેઓ મુકાયા. ત્યાં એમને ખબર પડી કે ઔંધમાં ગરીબ વિદ્યાર્થીઓને ખાવાનું મફત આપવામાં આવે છે અને ત્યાં શાળામાં માફી પણ મળે છે. પિતાએ કહ્યું: 'તું ભણે એમ હું ઇચ્છું છું. દિલગીર છું કે ભણાવી નથી શકતો. જાતમહેનતે તું ભણે તો જવું હોય ત્યાં જા. મારા આશીર્વાદ છે તને.' ૧૯૧૬માં ઔંધ ગયા ત્યારે ગુરુજી અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હતા. ત્યાં ગયા ત્યારે ખબર પડી કે માત્ર ઔંધ રાજ્યના છોકરાઓને જ ખાવાનું મળતું હતું, બીજાઓને નહિ. પાસે થોડા પૈસા હતા. આઠ આના માસિક ભાડાવાળી એક ઓરડી રાખી એમાં રહ્યા. હાથે રાંધે, કપડાં ધૂએ અને અભ્યાસ કરે. એમ થોડા દિવસ ચલાવ્યું. આખરે પૈસા ખૂટ્યા. એક ચક્કીમાં નોકરી કરતા માણસ જોડે પરિચય થએલો. એ એમને થોડો લોટ આપે. થોડા દિવસ એ લોટની ભાખરી બનાવી ખાવાનો પ્રબંધ રાખ્યો. પણ થયું કે આમાં અપ્રામાણિકતા છે. આ પૈસા આપ્યા વિના લઉં છું તે તો ચોરી કહેવાય. એટલે મિત્રનો આગ્રહ છતાં લોટ લેવાનું બંધ કર્યું, અને આખરે... બ્રાહ્મણનો મુખ્ય ધર્મ—ભિક્ષા! પોતે લખે છે:

'એ રવિવાર હું કોઈ દિવસ ભૂલીશ નહિ. મારું અબોટિયું, થાળી અને એક રુમાલ લઇ હું ગોવિન્દાને ઘેર ગયો. ત્યાં અબોટિયું પહેરી લીધું. ખભા પર એક ભીનું કપડું લીધું. હાથમાં ઝોળી લીધી. મારાથી ઓરડાની બહાર નીકળાયું નહિ. મારા હાથપગ થરથરતા હતા. આંખોમાં પાણી ભરાયાં હતાં.

'શ્યામ! આમ કર્યે કેમ ચાલશે?' ગોવિંદા બોલ્યો.

'ગોવિંદા, દુઃખ થાય છે,' મેં કહ્યું.

'પણ, તું જ કહેતો હતો ને, કે આમાં દુઃખ થવા જેવું કશું જ નથી? ત્યારે આજે આમ કેમ?'

'હું બહાર નીકળ્યો. ગોવિન્દો અને હું 'ॐ भवति भिक्षां देहि' બોલતા ઘેરઘેર ગયા.'

ઔંધમાં પ્લેગ ફાટ્યો એટલે છ મહિનામાં એમને ત્યાંથી નીકળવું પડ્યું. પછી તેઓ પૂનાના જાણીતા મરાઠી વિદ્યાલયમાં જોડાયા અને ત્યાંથી જ ૧૯૧૮માં મૅટ્રિક થયા. ૧૯૨૧ના અસહકારમાં એમણે કૉલેજ છોડી. પણ પિતાની ઈચ્છાને વશ થઈ ફરી કૉલેજમાં જોડાયા અને ૧૯૨૨માં બી.એ. થયા, અને ફેલો નિમાયા. ૧૯૨૩માં તેઓ અમળનેરમાં તત્ત્વજ્ઞાનમંદિરમાં વિદ્યાર્થી તરીકે આવ્યા અને ૧૯૨૪માં એમ. એ. થયા. તરત વિલ્સન કૉલેજમાં નોકરી માટે અરજી કરી. પણ ત્યાંથી જવાબ આવે તે પહેલાં તો અમળનેરની હાઇસ્કૂલે તાર કરી એમને બોલાવી લીધા. ત્યાં જે દિવસે જોડાવાના હતા તે જ દિવસે વિલ્સન કૉલેજમાં પણ નિમાયાનો કાગળ આવ્યો. પણ તેઓ ગયા નહિ. ૧૯૩૦ સુધી તેઓ શિક્ષક તરીકે ત્યાં રહ્યા.

સાહિત્યરચનાની શરૂઆત ગુરુજીએ બાળપણમાં જ કરી દીધી હતી. તેઓ અંગ્રેજી પહેલા ધોરણમાં ભણતા હતા ત્યારની વાત. એમને ઘેર એક શાસ્ત્રી ઊતર્યા હતા. વિષ્ણુસહસ્ર નામનો પાઠ કરતા હતા, ત્યાં એમને કેમે કર્યે એક ચરણ યાદ આવે નહિ. પાંડુરંગ પાસે જ બેઠો હતો. એણે તરત જ શ્લોક જોડી આપ્યો. શાસ્ત્રીએ આશીર્વાદ આપ્યા: 'પંઢરિ, આગળ જતાં તું કવિ થશે.' એ વખતે પુરાણોમાં વાંચેલાં આખ્યાનો સાકી વૃત્તમાં તેઓ લખતા. અંગ્રેજી ત્રીજું ધોરણ ભણતા હતા ત્યારે એક મિત્રે કહ્યું, 'સાને, તું કવિતા લખે તો?' ગુરુજીએ હા પાડી. બીજે જ દહાડે એક કવિતા લખી કાઢી. એમાં એમનો પ્રિય વિષય રામની ભક્તિ જ હતી. એમને આ વખતે પોતાની કાવ્યશક્તિ વિષેનું ભાન પહેલીવાર થયું. પછી તો એમણે ઘણાં કાવ્યો લખ્યાં. એટલું જ નહિ, પણ માતપિતાને કહેતા: 'મારાં કાવ્યો છપાય પછી જુઓ, જોઇએ તેટલા પૈસા મળશે!' મિત્રોને કવિતામાં જ પત્રો લખતા. વિદ્યાર્જન માટે ઔંધ ગયા ત્યાં સંસ્કૃતમાં કાવ્યરચના શરૂ કરી. પુનામાં એક ગૃહસ્થને પોતાનાં છોકરાંઓને ભણાવવા માસ્તરની જરૂર છે એવી ખબર મળી ત્યારે એમણે સંસ્કૃતમાં લખેલા કાગળમાંની આ લીટીઓ જોવા જેવી છે:

भवत्पदब्जिं शिरसा प्रणम्य विनम्रवृत्त्या खलु प्रार्थयेऽहम्  
अकिंचनोऽहं सुभृशं सुदीनः। परंतु विद्यार्जनकामकामी ॥  
उदार किंचित् क्रियतां मदर्थं भवत्कुमारान् वितरामि विद्याम्  
कुटुंबसेवामितदां करिष्ये भवान् यदाज्ञापयति प्रसंगे ॥

એકવાર ઔંધમાં હસ્તકૌશલ્યનું પ્રદર્શન હતું. ગુરુજીને હસ્તવ્યવસાય આવડતા ન હતા. એટલે એમણે એક કવિતા લખી પ્રદર્શન માટે મોકલી. પણ એનો સ્વીકાર થયો નહિ. ક્યાંથી થાય? આગળ જતાં પોતાનાં કાવ્યો એમને કૃત્રિમ ભાસવા માંડ્યાં, એટલે એમણે બધાં જ ફાડી નાખ્યાં! પછી કૉલેજમાં કાર્લાઈલ, રસ્કિન, બાયરન, કીટ્સ, શેલી, બ્રાઉનિંગ, ઈમર્સન, ટેનિસન અને વર્ડ્સ્વર્થ ફરીફરી વાંચી ગયા. એમનો પ્રિય કવિ વ્હિટમન એ જ અરસામાં એમને જડ્યો. પોતાના કાવ્યસંગ્રહને એમણે 'पत्री' નામ આપ્યું ત્યારે એ કવિનું Leaves of Grass એમના મનમાં રમતું જ હતું.

રાજકારણમાં તો ગુરુજીએ આગળપડતો ભાગ લીધો. ગાંધીજીની બધી જ ચળવળોમાં એમણે પુષ્કળ કામ કર્યું. ૧૯મી મે ૧૯૩૦એ તેઓ એરંડોલમાં પકડાયા અને પંદર મહિનાની સખત કેદ પામ્યા. આ સજા એમણે ધૂળિયા અને ત્રિચિનાપલ્લી જેલોમાં ભોગવી. ૧૯૩૧ની ૨૩મી માર્ચે તેઓ છૂટ્યા. ૧૯૩૨માં ૧૭મી જાન્યુઆરીએ ફરી પકડાયા ને ધુળિયા-નાશિક જેલોમાં ગયા. ઑક્ટોબર ૧૯૩૩માં છૂટ્યા અને જાન્યુઆરી ૧૯૩૪માં ફરી પકડાયા. પછી ૧૯૪૦ના સત્યાગ્રહમાં પકડાયા અને બે વર્ષની સખત કેદ પામ્યા. ૧૯૪૨ની ૧૦મી ઑગસ્ટે છૂટ્યા અને ભૂમિગત થયા. એમની આગેવાની નીચે મહારાષ્ટ્રમાં ભાંગફોડની ચળવળ સારી રીતે ચાલી. ખાનદેશમાં ગાડીઓ પાટા પરથી ઉથલાવી નાખવામાં આવી, અમળનેરમાં આગો લાગી, સતારામાં ગ્રામરાજ્ય સ્થાપ્યું ને કર્જત પાસેનાં જંગલોમાં સશસ્ત્ર બળવાના પ્રયાસો થયા, એ બધું એમની પ્રેરણાને જ આભારી હતું. શિવાજીના વખતમાં રામદાસે કર્યું હતું તેમ એમણે '૪૨માં આખો મહારાષ્ટ્ર સળગાવ્યો. એ વખતે કાર્ય કરનારાઓને સ્ફૂર્તિ ગુરુજી તરફથી જ મળતી હતી. એ કાર્યકરોને માટે ગોઠવણ કરવાની અને એમના પોષણની જવાબદારી એમણે માથે લીધી. કોઇ પણ રીતે એ તેમને મદદ કરતાં. મહારાષ્ટ્રે એમને આપેલા એક લાખ રૂપિયા એમણે એ કાર્યમાં જ ખરચી નાખ્યા. તેમજ લેખનમાંથી થતી આવક પણ એમણે બધી આપી દીધી. લોકોએ લડતમાં ફાળો કેવી રીતે આપવો એ બતાવવા એમણે क्रान्तीच्या मार्गावर નામનું પુસ્તક લખ્યું. એ છપાયું નથી, પણ એની સાયક્લોસ્ટાઇલ નકલો વેચાતી મળતી હતી.

૧૯૩૦ની લડતમાં ગુરુજીએ મહારાષ્ટ્રમાં સંચાર કરી ભાષણો કર્યાં. તેઓ બોલવાના છે એટલી ખબર મળતાં જ દસદસ પંદરપંદર હજાર માણસ ગામડાંઓમાં એમને સાંભળવા ભેગું થતું. એ માગે કે તરત લોકો શરીર પરનાં ઘરેણાં અને ગજવામાં હોય તેટલા પૈસા ખુશીથી આપી દેતા. એમણે ઘણા સ્વયંસેવકો પણ મેળવ્યા. ૧૯૩૧માં એમણે ડાંગરીમાં આશ્રમની સ્થાપના કરી. અમળનેરમાં સૂતરની નિશાળ કાઢી અમળનેર તરફથી ૨૦ લાખ વાર સૂતર સૂત્રયજ્ઞમાં આપેલું. ફૈઝપુર મહાસભાના અધિવેશન વખતે પણ એમણે સારો પ્રચાર

કર્યો. સેવાદળના તેઓ પ્રારંભથી કાર્યકર્તા હતા. જોકે સમાજવાદી હોવાથી તેઓ હવે રાષ્ટ્રીય સેવાદળની પ્રવૃત્તિમાં વધારે રસ લે છે.

હરિજનો માટે મંદિરો ખુલ્લાં થાય એ માટે હવે ગુરુજીએ ઝુંબેશ ઉઠાવી. મહારાષ્ટ્રમાં તેઓ ઘૂમી વળ્યા ને પોતાના પરિણામકારક વક્તૃત્વથી મંદિરો ઉઘાડી આપ્યાં. પણ પંઢરપુરનું વિઠ્ઠલ મંદિર ખુલતું ન હતું. પ્રચારથી કામ થતું નથી જોઈ એમણે ઉપવાસ કરવાની જાહેરાત કરી. બધી છેલ્લી તૈયારી કરી મિત્રોને આખરી કાગળો લખી એમણે ઉપવાસ આરંભ્યા. મહારાષ્ટ્રમાં ગામેગામ 'સાને ગુરુજી કરે પુકાર, ખોલો પંઢરપુર કા દ્વાર' એવી ઘોષણાઓ થઇ ને ૧૯૪૭ની ૭મી નવેમ્બરે એ મંદિર હરિજનો માટે ખુલ્લું થયું. છઠ્ઠી નવેમ્બરે ગાંધીજીએ પ્રાર્થનામાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. બીજા પણ ઉપવાસ એમણે આદર્યા હતા. ૧૯૩૮માં મજૂરોનો પગાર વધારવામાં આવે એ ખાતર એમણે ઉપવાસ કર્યા હતા. અમળનેરમાં ૫૦૦ જેટલા ખાદીધારીઓ થાય એ ખાતર તેઓ અર્ધ-ઉપવાસ પર ઊતર્યા હતા. ૧૯૩૯માં ધૂળિયામાં મિલ ચાલુ કરવામાં ન આવે તો જળસમાધિ લેવાનો નિર્ણય એમણે જાહેર કર્યો હતો. તે સિવાય નાશિક જેલમાં પણ તેઓ ઉપવાસ પર ઊતર્યા હતા.

એમના સાહિત્ય વિષે ઉપર થોડું લખાઇ ગયું છે. સત્ય, શિવ, અને સુંદરનો આવિષ્કાર કરવા જ સાહિત્ય લખવું જોઇએ એમ તેઓ માને છે. મહારાષ્ટ્રમાં સાહિત્યમાં ભાગ્યે જ દેખા દેતી ભાવના-પ્રધાનતા એમના સાહિત્યમાં પુષ્કળ દેખાય છે. પોતે વાંચ્યું એમાં જેટલું સારું હોય એનો લાભ જનતાને મળવો જોઈએ એમ તેઓ માને છે. એટલે અનુવાદ, ભાવનુવાદ કે તરજૂમો કરતાં યે તેઓ શરમાતા નથી. એમના સાહિત્યનો પ્રચારકાર્ય માટે પણ ઘણો ઉપયોગ થયો છે.

એમના એક વખતના શિષ્ય શ્રી રામભાઉ ભોગેએ એમનું ટૂંકું ચરિત્ર બહાર પાડયું છે. એમના 'श्याम', 'जीवनकलह' તથા 'जीवन-विकास'માં એમનું થોડું આત્મચરિત્ર આવી જાય છે. એ પુસ્તકોમાંના કેટલાય ભાગોનું ગુજરાતી ભાષાંતર છપાઈ ગયું છે, એટલે એમના ચરિત્રના પ્રસંગો આપવાને બદલે એમણે પોતે કરેલું પોતાનું સ્વ-ભાવવર્ણન જ આપવું ઉચિત ગણાશે.

'મારા જીવનનો મુખ્ય ધર્મ ભક્તિ છે. મારા જીવનમાંથી ભક્તિ કાઢી નાખો તો મારું મુડદું જ રહેશે. ઘણી વાર મારા મિત્રો આગળ હું બોલું છું કે ઇશ્વર માટે મેં જેટલાં આંસુ સાર્યાં છે એટલાં કશાયને માટે નથી સાર્યાં. મારી ઉંમરના તેર કે ચૌદમા વર્ષથી મેં દેવ માટે રડવાની શરૂઆત કરી. એ રડવું હજી ચાલે જ છે. નાનો હતો ત્યારે માને કહેતો કે, મા, ખેતરમાં જઈ ઝાડ પર ચડી બેસીશ અને ધ્રુવ જેવો થઈશ. દેવ માટે હું ઘેલો છું. ઘણી વાર મને એવું થાય છે કે જાણે જગન્માતાની ગોદમાં સૂતો છું. પણ એ તો ભાવનામાં જ હોય છે. પ્રત્યક્ષ અનુભવ થતો નથી.

'જીવનમાં એક વખત એવો પણ આવી ગયો જ્યારે હું માનવ-જાતિનો દ્વેષ કરતો. એમ બહાર બોલતો પણ ખરો. મનુષ્ય જેવું નીચ પ્રાણી દુનિયામાં હોઈ ન શકે એમ હું કહેતો. સૌથી પતિત એટલે માનવી, અને સૌથી ઉન્નત તો પત્થર એમ હું માનતો. મનુષ્ય કરતાં પશુપંખી સારાં, પશુપંખી કરતાં વનસ્પતિ અને સૌથી સરસ પત્થર! કોઇ કોઈ વાર માનવો પ્રત્યે એવી ઘૃણા જાગતી કે ત્રિચિનાપલ્લી જેલમાં તો આંખે પાટા બાંધીને બેસતો! પણ એ સ્થિતિમાંથી બચી ગયો......નાશિક જેલમાં મેં એક વાર કહ્યું મહાત્માજી મોટા મૂડીદાર છે. દયાસાગર, પ્રેમસાગર, સેવાસિંધુ, ક્ષમામૂર્તિ, એમની પાસે આ દૈવી સંપદાની કેટલી મૂડી છે? અને મારી પાસે? ક્ષમાનું ટીપું પણ નહિ, સેવાનો કણ નહિ. ગાંધીજીની સેવાવૃત્તિ, રવીન્દ્રનાથની કવિવૃત્તિ ને રામકૃષ્ણ પરમહંસની ભક્તિ એ બધાંમાંથી મારામાં થોડું—ખૂબ જ થોડું પરાર્ધાંશ જેટલું યે હોય તોય કેટલું સારું! આ ત્રણ વિભૂતિઓના વિચાર તેમજ જીવને મારા પર ઊંડી અસર કરી છે.

'મનુષ્યજન્મ સૌમાં શ્રેષ્ઠ. તેમાં વળી આ સુવર્ણભૂમિમાં, આ ત્યાગ, તપસ્યા ને યજ્ઞની ભૂમિમાં ભળી જવું એટલે સોનું ને સુગંધ ભેગાં થાય. આવી આ સુવર્ણભૂમિમાં જન્મ મેળવી હું શું કરવાનો છું? મૂડી મળી તો દેવાળું કાઢવું? તુકારામ કહી ગયા કે सोनियाचा कलश ॥ माजी भरला सुरारस ॥ સોનાના કળશમાં દારૂ ભરાતો હશે? આ સોના જેવો જીવનઘટ મળ્યો એમાં ભોગ, વિલાસ, સ્વાર્થ, દ્વેષ, મત્સરનો સુરારસ ભરું? કે પ્રેમ, ત્યાગ, સેવા ને નમ્રતાનો સુધારસ ભરું? સુરારસ કે સુધારસ? શું ભરાશે તે પ્રભુ જાણે. મારા હાથ સત્કર્મો કરે, હૃદયમાં પ્રેમ રહે, ભેદભાવ દૂર થાય, ત્યાગ અને વૈરાગ્ય આવે એ ખાતર ફાંફાં મારું છું. આનાતોલ ફ્રાંસે કહ્યું છે, 'પ્રભુ! મારું બધું લઈ જા; એટલું દુ:ખ રહેવા દે.' એ દુ:ખ કયું? હું માનું છું આપણી અપૂર્ણતાનું દુ:ખ. મારા ધ્યેય-ભગવાન મને દૂર દેખાય છે. આંખો એમને જોઇ શકે છે, પણ એક જ ડગલું આગળ જવાય છે. એ દૂરદૂર હોય તો પણ હું જન્મ-મરણનાં પગલાં વટાવતો એને મેળવીશ'.

રાજકારણ, ધર્મકારણ, સાહિત્યકારણ એ બધાંમાં ગુરુજીનું સ્થાન કયું તે નક્કી કરવું અઘરું છે. તેઓ શામાં નથી એ કહેવું પણ મુશ્કેલ છે. કોઇ પણ માન-સન્માનની અપેક્ષા વગર તેઓ પોતાનું કાર્ય કરી રહ્યા છે અને સંતોમાં ગણાયા છે. લોકહૃદયમાં એ જ એમનું સ્થાન.

# લગ્ન વિષે

**દેશ પરદેશની માન્યતાઓ : તેમની કહેવતોમાંથી**

પત્નીનો શણગાર એ પતિની શાંતિની કિંમત છે. (આફ્રિકનો)

લગ્ન પહેલાં આંખો પૂરી ઉઘાડી રાખવી; લગ્ન પછી અરધી. (અમેરિકા)

લગ્ન છીંક ખાવા જેવું છે : પહેલેથી તેની ખબર પડતી નથી. (રશિયા)

લગ્ન વિષે બહુ વિચાર કરવો નહિ;—જેમ ગોળી ગળવામાં કરતા નથી તેમ. (હૉલૅન્ડ)

લગ્ન કરવામાં, અને બરફ ઉપર દોડવામાં વખત મળે ત્યાં સુધી વિચાર કરવો. (ડેન્માર્ક)

સ્ત્રી એ મહાન આપત્તિ છે, પણ કોઇ ગૃહને એ મહાઆપત્તિ વગર ચાલતું નથી. (ઈરાન)

લગ્ન એ ઘેરાએલા કિલ્લા જેવું છે. બહાર ઊભેલાઓને અંદર જવાની ઇચ્છા હોય છે, ને અંદર ઊભેલાઓને બહાર આવવાની. (અરબસ્તાન)


પતિ જો પત્નીને બેવફા નીવડે તો એ ઘરમાંથી બહાર થૂંકવા જેવું છે; પણ જો પત્ની, પતિને બેવફા નીવડે તો એ બહારથી ઘરમાં થૂંકવા જેવું છે. (ચીન)

(પીટર. એચ. ગ્રીનના અંગ્રેજી ઉપરથી અનુવાદ)

# ગિરિગુરુ ગિરનાર

રેડિયો-રૂપક

**લેખક · ચન્દ્રવદન મહેતા**



[ ભજવાય નહિ તો કંઈ નહિ, પણ વાંચવા કરતાં કદાચ સાંભળવું ગમે એવું આ રૂપક છે. સમયનું ફલક જરા વિસ્તાર્યું છે, એ સૌ-કોઈ દરગુજર કરશે. એથી ભાષામાં પણ ગુજરાતી સિવાય બીજા પ્રયોગો આમેજ કર્યા છે, તે માટે પણ ક્ષમા માગું છું. —ચં૦ ]

૧

એક અવાજ: પૃથ્વીને પાટલે ભવ્ય, માનદંડ હિમાચલ;
સૌરાષ્ટ્રે આભ ઊડંતો, ગિરિનાર મહાબલ.

કાલધ્વનિ: **कालोऽस्मि महाकाल.**

એક અવાજ: સૌરાષ્ટ્રે ગિરિમાળ:

કાલધ્વનિ:(એ...) બઢિયો ગઢ ગિરનાર, બાદલસેં બતિયાં કરે,
સોરઠ કી રસધાર, યુગયુગસે હી રહી ચલી.

સંઘધ્વનિ: શ્રી કૃષ્ણચન્દ્ર કી જય! ભગવન્ સોમનાથ કી જય!

ગિરનાર: હું ગિરનાર છું. યુગયુગથી અહીં ઊભો છું. મેં આફ્રિકાને એશિયાથી અલગ થતો નિહાળ્યો છે. ઉત્તરાપથે જ્યાં મહાસાગર ઘૂઘવતો હતો ત્યાં અચાનક કુમાર હિમાલયનો ઉદ્ભવ થતો મેં ભાળ્યો છે. ભારતવર્ષે હિમાલયે પ્રસ્થાપેલી સંસ્કૃતિનાં વ્હેણ પથરાતાં અને વિસ્તરતાં મેં ન્યાળ્યાં છે. એમાં નગાધિરાજ...

કાલધ્વનિ : **कालोऽस्मि महाकाल.**

ગિરનાર: કાલચક્રના અનેક ઝંઝાવાતો અને પ્રલય-તાંડવો મેં જીરવ્યાં છે. એકદા નગાધિરાજ હિમાલયે એક ભવ્ય અને પુણ્યવંતું દાન અમને કર્યું: એ હતી વૈદિક સરિતા સરસ્વતી. ગૌતમ, કણાદ ને પરાશરાદિ મહામુનિઓનાં જ્ઞાનતેજે રસોજ્જ્વલ, પુષ્કરતીર્થ સમાં વિવિધ ક્ષેત્રો રસળતી, તે સ્કંભતીર્થ સમીપે સાગરસંગમ સાધવા વહી આવી. પણ......

એક ધ્વનિ: અનાયાસ ધરાકંપ, અકલ્પ્ય દૈવની ગતિ,
નિર્જળી ક્રૌંચ ભૂમિશ્ચ, અત્ર લુપ્તા સરસ્વતી.

ગિરનાર: એમ સરસ્વતી લોપ પામી, અને અમે દ્વીપ મટી, ભારતવર્ષે સંયોજિત થઇ દ્વીપકલ્પ બન્યા. કાળનો એ અનન્ય પ્રકાર વહ્યો ગયો, અને...

ગીતધ્વનિ: ગોકુલ સે આયે ગિરધારી.
માધવપુર કી મરુભૂમિ પર, ગિરિનગર મેં ગિરધારી,
આ કર વસીઆ, રતિમન રસિયા, નયા નગર કી બલિહારી.
ગયે દ્વારિકા, અટે દ્વારિકા, બની નગરિયાં ઉજિયારી,
કૃષ્ણચન્દ્ર કે દર્શન કર કે ધન્ય હુએ સબ નરનારી.

એક ગોપી: હેં? સાચે જ એવું બન્યું?

બીજી ગોપી: નહિ તો! ભગવાને જ પ્રિય મિત્ર સુદામાને નામે નવી નગરી વસાવી અને નામ પાડ્યું સુદામાપુરી. અને પછી ત્યાં સમીપમાં માધવપુરમાં વિદર્ભકુમારી રુક્મિણી સાથે લગ્ન પણ કર્યું.

પહેલી ગોપી: ભગવાન છે. કંઇ પણ કરે.

બીજી ગોપી: ના...આ...રે! ભગવાનની પણ ભગવાન તો બની રુક્મણિ. તે કહે, વૈકુંઠથી પણ વ્રજ વહાલું હવે કહેશો તો નહિ ચાલે. મને વર્યા છો, તો હવે રહો પણ અહીં જ.

પહેલી ગોપી: હં, હં? એટલે વસાવ્યું દ્વારિકા? કહે છે કે ત્યાં તો કનકકોટ ચળકારા કરે,
મણિમય રત્ન જડયાં કાંગરે.

બીજી ગોપી: અને પછી, સાંભળ તો ખરી,—રુક્મિણી-સ્વયંવર તો થયો; પણ જાણે છે? ભગવાન અહીં જ રહ્યા, એટલે બળરામ, સુદામા, ભગવાન, બધા વિહાર કરવા નીકળ્યા. બધાએ ગિરિનારને શૃંગે આરોહણ આદર્યું.

પહેલી ગોપી: વાહ!

બીજી ગોપી: સાથે વળી હસ્તિનાપુરથી અતિથિ પધારેલા, એમાં ભગવાનનો પ્રિય મિત્ર અર્જુન પણ હતો.

પહેલી ગોપી: ગાંડીવધન્વા, કૌંતેય, પાર્થ...



બીજી ગોપી: હા, હા; એણે વળી સુભદ્રાકુંવરીને ન્યાળી, પ્રેમયોગ થયો, અને પૌરુષને છાજે એવી રીતે એણે સુભદ્રાનું હરણ કર્યું; અને આખા સૌરાષ્ટ્રની નારીઓએ તે ગાયા કર્યું:

સંઘધ્વનિ : આવ્યો'તો હસ્તિનાપુરનો ચોર,
તે લાખેણી લાડી લઇ ગયો રે.
એ તો છોરો કુંતીનો નઠોર
તે ઓતરાખંડ જઈ વહ્યો રે.

ગિરનાર: દ્વારિકા શ્રીકૃષ્ણે વસાવી ૨૪ની વયે. આજથી ૫૧૧૦ વર્ષ પહેલાં એણે ગીતા વિચારી, તે અહીં આ સૌરાષ્ટ્રે, આ જ ઐતિહાસિક ભોમમાં. સાંદીપનિ મુનિને પ્રભાસયાત્રા કરતાં મેં તો બહુ વાર નિહાળ્યા છે, ને ભાગવતકારે એ નોંધ્યું પણ છે. માલિની-તટવાસી મહર્ષિ કણ્વ સોમતીર્થની યાત્રાએ પધારેલા તેમનાં પણ મેં દર્શન કર્યાં છે. કવિકુલગુરુ કાલિદાસે એ આલેખ્યું છે.

પ્રભાસ અને દ્વારિકા, માધવપુર, ગિરિનગર અને સુદામાપુરીની નગરીઓ, ભ તવર્ષનું 'ભરતખંડ' નામ પડ્યું તે પહેલાં સમૃદ્ધ થઇ પંકાયમાન છે.

કાલધ્વનિ: ગ્રીસ-રોમથી ય જૂના, કુરુપાંડવથી યે પ્રાચીન,
સોમનાથ,ગિરિનગર, દ્વારિકા,યુગયુગ ધ્યાનવિલીન.
ઊભીને કાલસિન્ધુને તીર,
બજવે બંસરી ભવ્ય સુધીર.*

* (કવિ નાનાલાલ)

ગિરનાર: શ્રીકૃષ્ણે ૮૫મે વર્ષે મહાભારત ખેલ્યું. અને અહીં પછી પ્રભાસમાં ખેલાઇ યાદવાસ્થળી. કૌરવોને જીતી, અહીં પાછા ફરી, સૌરાષ્ટ્રને કીર્તિવંતો કરી પ્રભાસતીર્થે, સોમદેવની નિકટ વિહરતાં એમનાથી યાદવાસ્થળીના રક્તપ્રપાત ન સહન થઇ શકયા, ત્યારે 'પિતામહ'નો શ્લોક રટતા હતા...

કાલધ્વનિ:

पिताहमस्य जगतो, माता धाता पितामह,
वेद्यं पवित्र ओंकार ऋसाम यजुरेव च.

ગિરનાર: શ્રીકૃષ્ણચન્દ્ર એ શ્લોક રટતા હતા ત્યારે અચાનક–અનાયાસ એક પારધિએ અજાણતાં તીર માર્યું, અને પ્રભુએ સંસાર-લીલા સંકેલી લીધી. અહીં જ, મારી દૃષ્ટિ સંમુખ એમણે ચિતા-સ્નાન કીધું. ત્યારે શ્રીકૃષ્ણે હરિણતટે સોમદેવ પ્રતિ મીટ માંડી. એની નિકટમાં દેહ ત્યજતાં બોલ્યા હે સોમનાથ! જય હો સોમનાથ! અને સોમતીર્થથી સોમદેવે પ્રતિધ્વનિ પુકાર્યો.

સંઘધ્વનિ: શ્રીકૃષ્ણચન્દ્ર કી જય!

[ઘોષ સંગીત કંઇંક વાર રહે; પછી સિંહગર્જના; પછી મન્દ સંગીત.]

૨

ગિરનાર: એ યુગ અને એની સંસ્કૃતિ કાળના ઓથારમાં ક્યાંક ઓગળી ગયાં. અનાદિ અનંત ને અગાધ એવા અગમ્ય કાળની એક ઓર પાંખ ફરી વાર વીંઝાણી.

સંઘધ્વનિ: धर्मम् चर । सत्यम् वद ।

ગિરનાર: એક માનવેન્દ્રે મારી ગોદમાંથી એક દૃઢ અને નક્કર શિલા કોતરી કાઢી. એ ઉપર એ અશોકદેવે બોધપાઠ કોતરાવ્યા અને કાળદેવને વિનતિ કરી કે લોકકલ્યાણાર્થે એને કાળની તડકી-છાંયડીથી અલિપ્ત રાખજો, એનું જતન કરી જાળવજો. કાળે ઉચ્ચાર્યું:

કાલધ્વનિ: તથાસ્તુ! મહારાજ અશોકદેવ! ઝંઝાવાતોથી મુક્ત અને અમર રહેશે તારો આ શિલાલેખ. સહસ્રસહસ્ર વર્ષો પછી પુનરુત્થાન પામશે તારું રાજ્યચક્ર, ને સજીવન થશે તારો મર્મમંત્ર.

ગિરનાર: મારે મસ્તકે ભગવાન દત્તાત્રેય પધારી પોતાની પવિત્ર પાદુકા મૂકતા ગયા હતા. પડખે મારા નાના ભાઇ શત્રુંજયને શિરે ભગવાન જિન પગલીઓ માંડી એને સિદ્ધાચળ બનાવી ગયા. અહીં, અમારી આંખ આગળ જ, ઇસાઈ શતક ત્રણથી સાતની વચ્ચે વલ્લભીપુર મ્હોર્યું. જૈન ધર્મનાં સૂત્રો પ્રથમ અહીં જ ગ્રન્થ રૂપે લખાયાં. ફરતા ફરતા પ્રખર પ્રવાસી હુએનસંગ ચીન દેશથી અહીં પધાર્યા, અને આ ભૂમિનાં ગુણગાન ગાતા ગયા.

એક ધ્વનિ: ઐસો નગર ન મૈંને દેખ્યો
દહીંદૂધ કી ભરતી થી.
ઐસો દાન ન મૈંને પેખ્યો,
કીર્તિ ઉજ્જ્વલ કરતી થી.

ગિરનાર: પછી તો વલ્લભીપુર ભાંગ્યું અને ઇડર સ્થપાયું. ઇડરના અવશેષોમાંથી વળી ચિત્તોડ સરજાયું, અને એ ચિત્તોડના વંશજો હિમાદ્રિ-સિંહાદ્રિ સુધી ફેલાયા.

'અહિંસા પરમોધર્મ'નો અશોકવર્ધનનો લેખ મારા હૃદય પર કોતરાએલો છતાં કરાળ કાળની રણચંડી તાંડવે ચઢી. ભયંકર નોબતો મૃત્યુના ડંકા બજાવવા માંડી.

કાલધ્વનિ: યાદવકુલથી ઊપન્યાં, વિવિધ કુલઅભિમાન,
દિન પલટ્યો પલટી ઘડી, ભુલ્યા સકલ સહુ ભાન.

ભૂમિ કુંજનવન સમી, કંચનવરણી ચેહ,
અગનઝાળ પ્રગટી ગઈ, ને રૂઠયો વળી મેહ.
ખડ્ગ-તીર વર્ષાઝડી, વહી રુધિરની ધાર
ગતિ મતિ બગડી અતિ, કુંજનવન મોઝાર,

ગિરનાર: મયૂર વંશ અને ક્ષત્રપો; એના લોપ પછી ગુપ્ત વંશ અને પછી પાછો અંધારપછેડો... એમાં ક્યાંક ક્યાંક ચાવડા ને સોલંકીઓ, ગોહીલો ને જેઠવાઓએ પોતાની મશાલો ફેરવી. યદુવંશના વારસોએ પણ વલ્લભીપુર, અહીં વંથલી, ત્યાં ધૂમલી, એમ કાળની કતારોમાં અધર્મી વિધર્મી અને પરધર્મીઓના લોહીના છંટકાવોમાં તાતી તલવારો રંગી.

સંઘધ્વનિ: જય અંબે! જય અંબે!
જય અંબે! જય અંબે!

[સંઘધ્વનિ ધીમેધીમે વધે છે. એમાં ઝાંઝ, કરતાલ, શંખ, શરણાઈ વગેરે સંભળાય છે.]

ગિરનાર: એ છે સૌરાષ્ટ્રની ત્રણ સતીઓનો ચિતાપ્રવેશ. ગિરનારને કપાળે ફટકારાએલા શાપોના સાક્ષી જેવો શાપ સોનરાણીનો. સોન! એને ધૂમલીના રાણાએ છેતરી અને હલામણને પરણવા ના દીધી. સોરઠની એ કવયિત્રી હતી. એણે વિલાપ લલકાર્યો

સોન: (એ...) લાજે આ શણગાર, હલામણ! તારા વિના!
તું મોરો ભરથાર, આજ અગનશય્યા સજું.
(એ...) મીંઢળ છૂટે સ્મશાન, હું હારી હુલામણા!
સાથે સ્વર્ગપ્રયાણ, ધૂળવું થાશે ધૂમલી.

ગિરનાર: સોન ગઈ, ધૂમલીનો વિનાશ થયો, અને આવ્યો મતિભ્રષ્ટ રા'મંડળીક. એની સામે ફટકારાએલો ચારણિયાણી નાગબાઇનો ભીષણ શાપ:

નાગબાઈ: તારા ગરવા ગઢ, મું સંતાપે મંડળીક!
ધૂળમાં ધગશે ધડ, વંશનિકંદન તાહરું!

ગિરનાર: પણ આપણે ઈતિહાસનો ક્રમ જરા ફેરવ્યો. પરંતુ મહાકાલના અનંત અગાધ સાગરમાં ભૂત શું, ભાવિ શું? એ જ મંડળીક વંશમાં બરાબર દોઢ સૈકા પહેલાં, અહીં સોરઠની ભૂમિપર સિદ્ધરાજ જયસિંહે મારેલો છાપો; રા'નોઘણની મૃત્યુશય્યા; રા'-ખેંગારની પ્રતિજ્ઞા; એની મહાતેજસ્વી મલપતી સતી રાણી રાણક; એના બે લાડકવાયા પુત્રોની કારમી અને ક્રૂર હત્યા; આખરે રાણકના અમર સતીત્વનો રોમાંચક ભડકો...

અવાજો: જય અંબે! જય અંબે!
જય અંબે! જય અંબે!

[કોલાહલ ધીમેધીમે શમે છે.]

રાણક: સાજણ રા'ખેંગાર! સુરલોકે સીધાવિયા;
ગરવા ગઢ ગિરનાર, કોણ હવે સથવારીઆ?

સિદ્ધરાજ: અરે! આ તેં શું કર્યું? ક્યાં છે રાણક અને ક્યાં છે એના કુંવરો? આહીર દેવચતન! ખેંગારના કુંવરોને બદલે તેં આ તારા કુંવરોની મારી પાસે હત્યા કરાવી? ધન્ય છે તારી રાજભક્તિને! પણ સિદ્ધરાજને અત્યારે એવી ચર્ચા કરવાનો વખત નથી. ક્યાં છે રાણક અને ક્યાં છે એના કુંવરો... આ... આ... તો લે, પેલા તારા બે ભેગા આ પણ જાય... [ચીસ અને કોલાહલ]

રાણક: 'માણેરા તું મ રોય, મા કર રાતી આંખડી.'
પતિ વિજોગણ નાર, પુત્ર વિહોણી માવડી.
સધરા! અભાગી ભાગ! અંતર આગ ન જગવીએં.
ઘડી બે ઘડીનો લાગ; ચુકતાં શાપ ન ચૂકશે.

સિદ્ધરાજ: છાંડો સતિયા વેશ, નમણાં રાણકદેવડી!
ચલો અમારે દેશ, પટરાણી પાટણ કરું.
રાણક: તારું સધરા! કૂળ! સળગો પાટણનો પટ,
રગદોળાશે ધૂળ, શાપે રાણકદેવડી.
જય અંબે! જય અંબે!
લોકોના અવાજો: જય અંબે! જય અંબે!
[ઝાંઝ, કરતાલ, ઢોલ વગેરેના અવાજો]

. ગિરનાર: એમ ગિરનારને ખોળે સોરઠની સતીઓ સળગતી ચિતા પર ચઢતી, ત્યારે અહીંના બહાદરિયા દરિયાલાલો અરબ્બી સમુદર તાગી, ચીન-આફ્રિકાના દરિયા ડહોળી દુશ્મનને ડારતા ને સાગર-ઝાલર પર ડંકો બજાવતા આખરે જિંદગીને આરે જળસમાધિ લેતા. એવો હતો એક પ્રભાત ચાવડો, સાગરનો સફરી, દરિયાનો ભેરુ. એણે સોમનાથને કિનારેથી જહાજ ઉપાડ્યું, સાથે લીધા આપીકા ચુનંદા માણસો. આ મારી નજર સામે જળસમાધિ સાધવા...

અવાજો: વહાણ-બંધો તોડી નાખો
સુકાન સૌને ફગવી દો,
જહાજને તરતું મૂકી દો,
આલબેલ! આલબેલ!
રામરામ તુજને ગિરનાર,
સોમનાથસાગરરખવાળ,
માથે અલ્લા બેલી,
ભૈયાં માથે અલ્લા બેલી.

પ્રભાત: અને અમારા જુહાર છે; સૌને છે જુહાર! રાજાઓ જાયગા લુટાવતા, તેમ અમે સાગરના રાણાઓ હવે જળસમાધિ સાધીએ છીએ. બોલ્યું ચાલ્યું માફ કરજો ભૈયા.

ઘેરા અવાજો: માથે અલ્લા બેલી
ભૈયા, માથે અલ્લા બેલી!
પ્રભાત ગવડાવે છે: માથે અલ્લા બેલી,
ભૈયા, માથે અલ્લા બેલી.
જિંદગી બહુ છે ખેલી
ભૈયા માથે અલ્લા બેલી.
હે ચલી આજ અકેલી,
નૈયા ચલી નાવ અકેલી.
માથે અલ્લા બેલી,
ભૈયા માથે અલ્લા બેલી.
ચઢી જીવનની હેલી
ભૈયા, ચઢી જીવનની હેલી
માથે અલ્લા બેલી
ભૈયા માથે અલ્લા બેલી.
[પવન, તોફાન, સૂસવાટા, વીજળીના કડાકા; પછી સંઘસંગીત; પછી આખરે સિંહની ગર્જના.]

## ૩


ગિરનાર: હા, હજી હું એ જ ગિરનાર ઊભો છું. ઘણું જોયું: કુલાભમાન, રક્તપિપાસા ને લોભલોલુપતામાં યાદવાસ્થળીનાં અસંખ્ય પુનરાવર્તનો,—એ સૌ થકી નોતરાતો વિનાશ.

પણ કાળને યે છાયા-પડછાયા હોય છે. ક્યાંકક્યાંક મીઠી વીરડી, અનોખી લ્હેર, હૈયાહાર મધુરપ મુલકને મલકાવી જાય છે. અહીં જ મારી ગોદમાં જૂનાગઢને તુલસીક્યારે...

કાલધ્વનિ:
વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.

નરસૈં મહેતા, ભક્ત હરિના, હરિજનના નિત સહવાસી,
કરી તપ પરમેશ્વર પામ્યા, શિવમંદિરમાં અપવાસી.

ગિરા ગુર્જરી થઇ ઉજમાળી, નરસિંહથી ઉગિયાં પરભાત,
વૈષ્ણવજનના નિત્યે ભજનથી, દેશ થયો અદકો રળિયાત.



ગિરનાર: ઓર યહાં પર આઇ મીરાં, મેવાડકી મસ્ત રાની,
પ્રીતમ કે બિન હુઇ બહાવરી, ઠાકુર કી ઠકરાની;
દ્વારકેશ કી દર્શનપ્યાસી, હરિ બિન રહી ઉદાસી.

મીરાં દાસી, જનમજનમ ધી, કરે તિરથ વે અઠ્ઠાસી,
ચલી દ્વારિકા, રસ સારિક... ધન્ય ભયે સોરઠવાસી.

એક સ્ત્રી: મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુન.
એક પુરુષ: નરસૈંયા ચા સ્વામી સાચા,
નરસૈંયા ચા સ્વામી સાચા.
બંને સાથે: હમ જનમમરણ કે સાથી,
પ્રભુ! જનમજનમ કે પ્યાસી!
એક સ્ત્રી: મ... દાસી...
પુરુષ: સ્વામી સાચો
બંને: તુમ બીન સદા ઉદાસી,
પ્રભુ જનમજનમ કે પ્યાસી!

ગિરનાર: જે નરસિંહ-મીરાંએ ગાયું, એવું જ લોકોએ ભજન-કવિત-ચારણીમાં ફેલાવ્યું, બહલાવ્યું. અસલ વૃન્દાવનથી આવ્યા'તા ગિરધારી લાલા, સાથે લાવ્યા'તા રાસ ગીત રસાળા, નરસિંહે ગાઇ રાસમાળા, ગોવિંદના ગુણની હારમાળા.

[બંદૂકના અવાજો]

એ છે વીરરસનાં ડંકા-નિશાન! અહીં મારી કૂખે કઈક બહારવટિયા આવી ભરાયા છે. ડુંગરે ડુંગરે કાદુ મકરાણી અને બાવા વાળો, મોર સંધવાણી અને ભીમા જતનાં રાવણાં જામ્યાં છે. પણ એ સૌમાં અનન્ય એવો બહારવટીઓ, સતવાદી અને નીતિમાન, એ તો જોગીદાસ ખુમાણ.

કાલધ્વનિ: ભાવનગર દરબાર છે. એની સામે જોગા ખુમાણનાં બહારવટાં છે. રાજા સામે હાડોહાડ વેર છે. છતાં ભાવસંગજી મહારાજનો કુંવર ગુજર્યો છે ત્યારે ખુમાણોમાં ચોફાળ ઓઢી જોગીદાસ પણ ખરખરો કરવા છાનાછપના આવી ચડયા છે. શિયાળમાં સિંહ છુપો ન રહે. મહારાજે ઓળખ્યા અને કહ્યું: 'ભલે આવ્યા જોગીદાસ; પણ હવે ખમો!' તલવારો તલપી રહી. રાજા બોલ્યા, 'ખરખરે આવેલ છે. એને આઠ પહોરની છૂટ છે. કોઈ વાળ વાંકો ન કરે.' અને જોગીદાસ ભર બજારે ચાલ્યા ગયા.

ગિરનાર: આ હકીકત છે. ખુદ ભાવનગરને જ્યારે ગાયકવાડ સાથે તકરાર પડી ત્યારે લવાદીમાં જોગીદાસને બોલાવ્યા. પછી (પૃ. ૩૭૮)



# કલાકાર શ્યાવક્ષ ચાવડાની

## પ્રાણીચિત્રણા


અહીં તથા સામેના-પાના ઉપર આપેલાં સ્કેચ-બુકનાં બે પાનાંમાં હરણ ને રીંછની વિવિધ હીલચાલો, છટાઓ અંગમરોડો વગેરેનાં આલેખનો આપ્યાં છે. આ અંકના પૂઠા ઉપરનું ચિત્ર આમાંના જ એક સ્કેચ પર-થી યોજેલું છે એ તો તમે શોધી કાઢ્યું હશે.

★

કલાકાર શ્યાવક્ષ ચાવડાનાં માનવપાત્રો તથા રંગવિધાનોની વિશિષ્ટ ચિત્રણાનો પરિચય 'કુમાર'ના વાચકોએ આજ સુધી અનેક વાર કર્યો છે. તેમની વિકાસ પામતી પ્રયોગભૂમિ પર થતા રેખાઓના અભિનવ પ્રકારોથી આજે તે ગુજરાતના સર્વ ચિત્ર-કારોમાં તો મોખરે છે જ, પણ તે સાથે મુંબાઇ અને હિંદના બીજા પ્રાંતોના પ્રમુખ કલાકારોની હારમાં પણ તેમણે સ્થાન મેળવ્યું છે.


રેખા દ્વારા મનુષ્યનાં અને પ્રાણીઓનાં લક્ષણો તથા સંકેતો પકડવાને પૃથ્વીના જુદાજુદા દેશોમાં અવનવી પ્રણાલિઓ સરજાઈ છે. અજંતાની એકધારી રેખાઓમાં આપણે હાથીઓ, હંસો અને અશ્વો જોયા છે; ચીન-જાપાનની જાડીપાતળી થતી ભાવાનુકંપી-પીછીનો વેગીલો પ્રસાર જોયો છે; અને યુરોપની રચનાબદ્ધ, પિંડઘન આકૃતિઓ પણ જોઇ છે. ભાઈશ્રી ચાવડાએ આ બધાં તત્ત્વોને અપ-







મહાલય જોવા ઊપડ્યા જ હોય; અને ત્યાંથી અભિનવદૃષ્ટિબિંદુ તથા તાજગીભરી આકૃતિઓના આલેખો, અવતરણો કે ત્વરિત રેખાટનોની એક બે નવી નોંધપોથીઓ(સ્કેચબુકો)નો વધારો કર્યો જ હોય. જાહેર પ્રજા તો એમાંથી કેવળ યોગ્ય ચુનંદી ચીજો તથા સંયોજનાપૂર્વક તૈયાર કરેલાં ચિત્રો જ જોવા પામે છે; પણ કલાકારે એ જાહેરમાં મુકાતા આકારોની સિદ્ધિ અર્થે કેટકેટલા રેખાપ્રયોગો, અવલોકનો અને નિરીક્ષણોની તૃપ્તિ મેળવી હોય છે એ સમજવાને તો એની એ અસલ નોંધપોથીઓ જ જોવી જરૂરી છે. સમારેલાં તૈયાર ચિત્રોમાં રંગની ભભક, આકૃતિની સફાઇ વગેરે ગુણો સામાન્ય જનને રોચક બને એમાં નવાઈ નથી, પણ ચિત્રકાર, પ્રાણીને જોતાં વેંત જ તેની હીલચાલ અને છટાને આવરતી એક ચોટદાર રેખા કેવી ઝડપથી ખેંચી કાઢે છે તેનું દર્શન તો અસલ ચિત્રપોથીમાં જ થાય છે, ને તે વખતે પ્રાણીના સ્વભાવ ને સંકેતમાં તેણે કેવી તન્મયતા પ્રાપ્ત કરી હતી તેનો ખ્યાલ મળે છે. ચિત્રકારના જીવનની ધન્યતા ને પરિશ્રમનો બદલો એ કુદરતનું રહસ્ય પામવામાં મળી રહે છે, ને એ પળોના પ્રસાદ રૂપ એ સ્કેચબુકોને તે મોંઘી સમૃદ્ધિ સમજે છે.

તમે એમનાં તૈયાર ચિત્રોના થોડા નમૂના જુઓ; અને પછી આ મૂળ ભંડારમાં નજર કરશો તો તરત સમજી શકશો કે તમને એક ચિત્ર આપવાને ચિત્રકારે તેના પાત્રને કેટલી સમગ્રતાથી પિછાન્યું છે અને તેના પ્રાકૃતિક જીવનનો કેટલો ગાઢ પરિચય મેળવ્યો છે. એનાં એ ચિત્રાંકનોમાં માત્ર પ્રાણીની શારીરિક સાહજિકતા અને રૂપનિર્માણનો જ પ્રયત્ન નથી, પણ પ્રત્યેક પ્રાણી ઈશ્વરપ્રણીત સ્વરૂપમાં પણ કેટલું કલાભોગ્ય રેખાદર્શન અને પિંડસંયોજન ધરાવે છે તેનું સંપૂર્ણ સંશોધન કરવામાં આવ્યું છે. ભાઈશ્રી ચાવડા











¶ સિંહ, વાઘ, મગર, જિરાફ, કાંગારુ, જરખ, રીંછ, હરણ, હાથી, ગોધા—એમ ચિત્રાવચિત્ર પ્રાણીસૃષ્ટિ પર એમની કલમ ચાલી હોવા છતાં એ એકેએક જાનવરની લાક્ષણિકતાઓ દાખવતી દેહછટાઓ અને અંગવિન્યાસો એમણે કેટલી કાબેલિયતથી ઝડપ્યાં છે!

પ્રાણીઓનો મિજાજ પકડવાને એક એવી જોસ-દાર રેખાનો ઉપયોગ કરે છે કે તેને કોઈ ઉસ્તાદ ગવૈયાના એકજ તાનમાં રાગનો લય ઉતારવાના સામર્થ્ય બરોબર ગણી શકાય; અથવા તો કોઇ કાબેલ બીનકાર એક જ મીંડમાં રાગનું સ્વરૂપ ખડું કરી દે છે, તેવો પ્રકાર કહી શકાય. એમના એ સ્કેચોમાં, વાઘ, હરણ, કાંગારુ કે રીંછ, -એવાં જુદાંજુદાં લક્ષણોવાળા પ્રાણીઓનાં સ્વરૂપની એક જ રેખા, તેની નાસિકાથી લઇ પૂછડીના છેડા સુધી એક જ સપાટે પૂરી થાય છે, અને તેમાં તે તે પ્રાણીનાં ગતિવેગ કે મિજાજ ઝડપાઇ જાય છે. પછી બીજાં અવયવો ચીતરાય ન ચીતરાય તોપણ એ એક જ રેખા તેની વાત પૂરી કરી દે છે.


પ્રાણીઓનાં આવેગ, બલ, ચપલતા કે સુકોમળતા દર્શાવનારી રેખાઓને અતીવ સ્ફૂર્તિમાન અને આનંદપ્રેરક બનાવવામાં ભાઇશ્રી ચાવડાનું નૈપુણ્ય અને વિશેષતા છે. રેખા અને રૂપનો આનંદ આપવાનું કલાકારનું પ્રધાન કર્તવ્ય બજાવવાની સાથોસાથ તેઓ આપણને પ્રકૃતિના નિષ્પ્રપંચ તટસ્થ વાતાવરણમાં ખેંચી જાય છે. માણસોનાં મોં અને તેની વિવિધ પ્રવૃત્તિઓનાં ચિત્રોથી કંટાળેલા સંસારમાં આ ચિત્રો નવી જ ભાત પાડે છે, અને જીવનની પ્રાથમિક નિસર્ગ રમણીયતા તથા સાહજિક સૌંદર્ય તરફ તે અંગુલિનિર્દેશ કરે છે. ઈશ્વરપ્રણીત રૂપ અને અંગમરોડને માનવસર્જિત અલંકારો તથા સુશોભનો શા કામનાં છે? એવું પણ નથી કે માનવીએ આ પ્રાણીઓ ઉપરથી જ પોતાના અંગમાર્દવ અને રંગલેપનના પાઠો લીધા હશે?












એ ખ્યાલમાં રાખવાનું છે કે આ બધાં આલેખનોમાં પેન્સિલ કે રબરનું નામનિશાન નથી. સ્કેચ બુક પર સીધી ફાઉન્ટન-પેન જ ચાલી છે. વચ્ચે દાખવેલી છાયાઓ પણ પેનના લીટા પર આંગળી મારીને ઉપજાવી છે.



શ્રી ચાવડાની સ્કેચ બુકમાંથી પશુ-પંખીઓની વિવિધ લીલાઓના કેટલાક નમૂના

# છૂપી પોલીસ ખાતાનું ગુનાશોધક વિજ્ઞાન અને તેના વિખ્યાત હિંદી નિષ્ણાત શિવાબાસાપ્પા

અંગ્રેજોનો અમલ હતો ત્યાં સુધી આપણા દેશનાં અમુક ખાતાંઓમાં આપણને પ્રવેશ સુલભ ન હતો; ને અમુક ખાતાંઓ પ્રત્યે આપણને ઉપેક્ષા હતી. પરિણામે આજે લશ્કર, નૌ-સેના, હવાઈદળ, શહેર-પોલીસ અને છૂપી પોલીસ જેવાં ખાતાંઓમાં, તેમજ આઇ. સી. એસ. જેવાં ઊંચાં અને પ્રતિભાયુક્ત વહીવટી શક્તિ માગતાં ખાતાંઓમાં ખાસ કરીને આપણા ગુજરાતીઓની સંખ્યા ઘણી ઓછી છે,–કાંઇક અંશે સ્વભાવે સલામતી શોધક ને સુખવસ્તુ હોવાને લીધે તથા થોડે અંશે એ દિશાની માહિતીઓને અભાવે. હજી આજે પણ બને ત્યાં સુધી વેપાર કાં કારકુની શોધતા ગુજરાતીઓ એમાં પડવાનો વિચાર બહુ ઓછો કરતા હોય છે. પણ એ વૃત્તિ પોતાના તેમજ દેશના હિતમાં ઉચિત નથી એ વાત સમજવાનો અવસર હવે આવી લાગ્યો છે અને સવેળા એ દિશામાં ઉદ્યુક્ત નહિ થઇએ તો પસ્તાવાનો યે વખત આવે તો નવાઇ નહિ. 'કુમાર'નું હમેશાં એ દૃષ્ટિબિંદુ રહ્યું છે અને હવે પછી તે વિભાગોની ઉપયુક્ત માહિતી આપતા લેખો તથા માળાઓ પુષ્કળ ચિત્રો સાથે પ્રકટ કરવાની યોજના છે. એવા એક વિભાગ છૂપી પોલીસનાં ગુનાશોધક વૈજ્ઞાનિક સાધનોની લેખમાળા શરુ કરતા આ લેખમાં, એ દિશામાં તેજસ્વી બુદ્ધિ ધરાવતા એક પ્રતિભાવાન હિંદીની સાધના અને સિદ્ધિની કથા સાથે એ પદ્ધતિઓનો પ્રાથમિક પરિચય આપ્યો છે. ★

રજૂ કરનાર
નીરા નાયક – રતુ સાં. નાયક

સી. આઈ.ડી. કે ડિટેક્ટિવ, એ શબ્દો આજના વિજ્ઞાનયુગમાં હવે અજાણ્યા ન ગણાય. વિજ્ઞાનની સર્વવ્યાપી અસરોમાંની એક મોટી અસર ગુનાશોધનની કલા ઉપર પણ થઈ છે. અને વિજ્ઞાને કેટલીક એવી શોધો આપી છે કે એનાથી ગુનાઓ અત્યંત ત્વરાથી ને ઓછી તકલિફે તથા સચોટરીતે પકડી શકાય છે; એટલું જ નહિ પણ વિજ્ઞાનની કેટલીક અદ્યતન શોધો તો ગુનો બનવાનો હોય તે પહેલાં જ એની જાણ કરી દે છે!

વિજ્ઞાનની આવી શોધોમાં ઇંગ્લંડ અને અમેરિકાએ ઘણી સારી પ્રગતિ કરી છે. આથી ત્યાં જઇને એ અદ્યતન પદ્ધતિઓથી વાકેફ થઇ આવીને હિંદમાં પણ એ દાખલ કરવાની આકાંક્ષાથી ગયે વર્ષે એક હિંદીએ એ દિશામાં નવું જ પ્રયાણ કર્યું છે, અને પોતાની પ્રતિભા, ઉદ્યમ, દૃઢતા, ને ખંતથી એણે ધાર્યું ધ્યેય પાર પાડયું છે.

એ હિંદી યુવક તે શ્રી પુટપ્પા શિવાબાસપ્પા. મ્હૈસુરમાં એક ગરીબ કુટુંબમાં એમનો જન્મ થએલો. નાનપણમાં જ પિતાની છાયા એમને ગુમાવવી પડેલી. માતા જેમતેમ કરી એમનું અને એમનાથી મોટા બે ભાઇઓનું ગુજરાન ચલાવતી. નાનપણથી જ પુટપ્પાને ડિટેક્ટિવ વાર્તાઓમાં ખૂબ રસ પડતો અને એ વાંચતાં વાંચતાં મોટપણે એક ડિટેક્ટિવ બની શેરલૉક હોમ્સ જેવાં સાહસો કરવાની એમણે મહત્ત્વાકાંક્ષા બાંધેલી.

પરંતુ અનેક જુવાનોના જેવા એ કુમારકાળના હવાઈ તુક્કાઓ ન હતા. એમનો એ નિશ્ચય દૃઢ હતો. પણ શરુમાં એ માટે અભ્યાસની ડિગ્રી તો મેળવવી જોઇએ જ. એટલે એમણે પાયામાંથી સાધના આરંભી. પ્રથમ તો અભ્યાસમાં હોશિયારી બતાવી ફી માફ કરવા પ્રયત્નો કર્યા; અને બીજી બાજુથી મદદો મેળવવા મથ્યા. એક તરફ સખત અભ્યાસ, ફીની ચિંતા, ને વધારામાં કંઈ જ ન કમાતા બે ભાઈઓ અને માતાના ગુજરાનમાં સાથ આપવાની ચિંતા હતાં. છતાં ય એમણે નિશ્ચયને વળગી રહી આગળ ધપ્યે રાખ્યું. કદીકદી એવા કપરા દિવસો પણ પસાર થતા કે એમને થઇ જતું કે આના કરતાં આપઘાત કરી જીવનનો અંત આણવો સારો. છતાં અંતરમાં બેઠેલી પેલી મહત્ત્વાકાંક્ષા, એ હતાશાને હઠાવી દેતી અને યોજનાપુરઃસર પરિશ્રમથી તે ધપ્યે જતા. પોતાના ભાવિ કાર્યપ્રદેશ માટે તેમણે વિષય પણ વિચારપૂર્વક પસંદ કરેલોઃ પ્રાયોગિક માનસશાસ્ત્ર. અંતે એ વિષય સાથે તેઓ બી. એ.માં ઑનર્સ પાસ થયા અને હવે પેલી મહત્ત્વાકાંક્ષાને જાણે કે માર્ગ મળવાનાં દ્વાર ખુલ્લાં થયાં.

એમણે વિચાર કર્યો કે હું અભ્યાસકાળમાં સૂગડા જેવો-સૌથી અતડો-અપરિચિત રહેતો એમ જ જો હજુ યે રહીશ તો કોઈ મારી બાંહ્ય પકડશે નહિ ને આગળ વધી શકીશ નહિ. આથી એમણે એ દિશામાં યોજનાપૂર્વક પરિચયો કેળવવાના પ્રયત્નો શરુ કર્યા, અને પરિણામે એમને સી. આઇ. ડી. ખાતામાં જ નોકરી મળી ગઈ.

એમને મન એ દિવસ જીવનનો સોનેરી દિવસ હતો. એમણે ત્યારથી જ નિશ્ચય કરી લીધો કે ઇશ્વરે જ જો મને મારાં મનગમતા ખાતામાં અને તે ય આટલી ત્વરાથી નોકરી અપાવી છે તો એમાં દેશને હવે ગૌરવ અપાવીને જ જંપવું. અને એક નિર્ણય કર્યા પછી જળોની પેઠે એને ચોંટી રહેવાની ને તીરની પેઠે લક્ષ્યને વેધવાનો પુરુષાર્થ તો એમનામાં મૂળથી હતો જ. વળી મિલનસારપણું પણ કેળવ્યું જ હતું, એટલે મ્હૈસુરના દીવાન શ્રી એ. પુલ્લા રેડ્ડીની એમના પર કૃપા ઊતરી અને એમને નોકરીમાં સારા લાભ મળતા ગયા. ચૌદ વર્ષ સુધી તો એમણે ત્યાંની ગોપાલસ્વામી આયંગર લૅબોરેટરીમાં વૈજ્ઞાનિક અખતરા જ કર્યા કર્યા! ઉપાસના કાંઈ નાનીસૂની ન હતી! દરમ્યાન એમના ક્ષેત્રમાં એમની પ્રતિષ્ઠા જામતી ગઇ.

એવામાં ગાંધી ખૂન કેસના શંકાશીલ આરોપીઓની તપાસમાં એમને પણ પૂના બોલાવવામાં આવ્યા. અને ત્યાં એમણે માનસશાસ્ત્ર તથા વિજ્ઞાનનો મેળ મેળવી જે કુશળતા બતાવી એની ઘણી સારી કદર થઇ. આમ મ્હૈસુર સરકારને એમની શક્તિઓનો અંતિમ પરચો મળ્યો, એટલે એમને ગયે વર્ષે, ઇ. ૧૯૪૮માં વધુ અભ્યાસ માટે રાજ્યને ખરચે અમેરિકા મોકલવામાં આવ્યા. ત્યાં શિકાગોમાં 'લીઓનાર્ડ-કીલર લૅબોરેટરી'માં તે દાખલ થયા. ત્યાં પશ્ચિમના બીજા વિવિધ દેશોના ઘણા વિદ્યાર્થીઓ હતા. પણ હિંદી તો તેઓ



શ્રી શિવાબાસપ્પા અમેરિકામાં

એકલા જ હતા. તેમણે તરત જોઇ લીધું કે બીજા દેશોના વિદ્યાર્થીઓ મોટેભાગે લહેરી હતા અને તેમની સરકારોના મોકલ્યા જ ત્યાં શીખવા આવેલા; સ્વેચ્છા અને ધગશથી કોઇ આવેલા નહિ. જ્યારે પોતાને તો જીવનભરની એ દિશા માટેની ખરી તમન્ના હતી. તેમણે પોતાનો માર્ગ નક્કી કરી લીધો, કે આ દેશની કોઇ મોહિનીમાં પડ્યા વિના નક્કર અભ્યાસ પાછળ જ મચી પડવું. વળી જો આ બધા લહેરીઓમાં હું કંઇક ચીવટ બતાવીશ તો અધિકારીઓના હૈયામાં જલદીથી વસી શકીશ.

આથી તેમણે પોતાની તીવ્ર જ્ઞાનતૃષાની સાથોસાથ ખૂબ ચીવટ અને સખત પરિશ્રમથી અભ્યાસ કરવા માંડ્યો. પરિણામે, એ સંસ્થાના વડા ડૉ. કિલરની પ્રશંસા એમને મળી. એ સિદ્ધિ જેવી તેવી નથી. એ ડૉ. કિલર, ત્રીસ હજાર ડૉલર જેટલી માસિક આવક રળતી આ લૅબોરેટરીના નિર્માતા તેમજ અમેરિકન સરકારના સીક્રેટ 'જી'-મેન*માં મુખ્ય છે. એક વખત એમણે લૅબોરેટરીમાં વર્ગ લેવો બાજુએ રાખી, આ ચીવટથી ભણતા હિંદીની કસોટી કરવા કહ્યું, 'Well, officers! Hear is an announcement for you. Before our new Hindoo Cop learns something from us, we have to learn so many things from him, about which I request him to speak.' આમ કહીને એમણે શિવાબાસપ્પાને જ વર્ગ લેવાનું આમંત્રણ આપ્યું. અને પોતાની શક્તિઓમાં મૂકેલા ડૉ. કિલરના એ વિશ્વાસને શિવાબાસપ્પાએ સંપૂર્ણ પુરવાર કરી આપ્યો. એમણે એ એક જ નહિ પણ બીજો 'સમય' પણ આખો વર્ગ ચલાવ્યો, અને એ પૂરો થયો ત્યારે, એમની શક્તિથી મુગ્ધ થએલા દેશપરદેશના સી. આઈ. ડી. અફસરોની પ્રશંસાભરી ચાલુ તાળીઓના ગડગડાટથી લૅબોરેટરી ગાજી રહી.

બીજે જ દિવસે અમેરિકન પત્રોમાં એમની આ કુશળતાનો પહેલો પરચો પ્રકટ થયો અને ત્યાંના 'ફિંગર પ્રિન્ટ મૅગેઝીન'માં એમના ફોટોગ્રાફ સાથે એમનો પરિચય છપાયો. અમેરિકાના પોલીસ ગૅઝેટમાં એક હિંદી અમલદારને મળેલું આ માન પ્રથમ જ હતું.

**શ**રૂઆતમાં તેમણે લાઇ-ડિટેક્ટર (અસત્ય પકડી પાડનારા) યંત્ર વિષે અભ્યાસ આરંભ્યો હતો, અને તે, કેટલીક વાર તો રોજના વીસ વીસ કલાક જેટલા સખત પરિશ્રમને પરિણામે, માત્ર છ જ અઠવાડિયાંમાં પૂરો કર્યો. તેમનો આ ખંત અને પુરુષાર્થ જોઇને ડૉ. કિલરે એમને બીજાં યંત્રોની તાલીમ લેવા સલાહ આપી અને તેમાં પણ એવી જ કુશળતાથી તેઓ આગળ વધ્યા. અભ્યાસ સંપૂર્ણ થતાં એમની સિદ્ધિઓની કદર તરીકે ત્યાં એમને 'અંકલ સૅમ' ચંદ્રક એનાયત કરવામાં આવ્યો, અને આમ, વિશ્વભરમાં અમેરિકન સિવાય બીજા કોઇ દેશવાસીને ન મળતું એવું બહુમાન એમણે મેળવ્યું.

અમેરિકામાં એમણે કેટલાક કેસોમાં પણ ઊંડો રસ લીધેલો. એમાં એક કિસ્સો એવો આવેલો કે એક વખત એક સ્ત્રીએ પોતાના પતિના મિત્રના પ્રેમમાં પડી પતિનું ખૂન કરેલું. જોડે રહેતા એ મિત્રે આવી પહોંચી ગભરાટમાં સ્ત્રીના હાથમાંની રિવૉલ્વર લઇ લીધેલી, આથી આંગળાંની છાપના આધારે એ મિત્ર જ ગુનેગાર પુરવાર થએલો. પણ એ કેસની તપાસ ચાલતી હતી તે દરમ્યાન પાસે બેઠેલા શિવાબાસપ્પાને પોતાના માનસશાસ્ત્રના જ્ઞાનથી એ માણસ નિર્દોષ લાગ્યો. એટલે એમણે પોતે એ તપાસ હાથમાં લીધી. 'અસત્ય-શોધક વિજ્ઞાન'માં એક એવું અદ્ભુત રસાયન શોધવામાં આવ્યું છે કે જે ગુનેગારના શરીર પર લગાડીને તેની મદદથી માણસના મનમાં રહેલા કૃત્યના આઘાતો સ્પષ્ટ ઉપસાવી શકાય. શિવાબાસપ્પાએ માનસશાસ્ત્રીય ચાતુર્યથી અનેક પ્રશ્નો પૂછીને પેલી સ્ત્રીની ઉલટ તપાસ કરી, અને પછી, તેના હાથ ઉપર પેલું રાસાયનિક દ્રાવણ નાખી રિવૉલ્વર ફોડતાં થએલા તેના આઘાતની નિશાનીઓ ઉપસાવી આપી! અંતે સ્ત્રીએ ગુનો કબૂલ કર્યો. આમ, એક ગુંચવાએલા કેસમાં સાચો ગુનેગાર શોધી આપી અમેરિકામાં પોતાની કુશળતા દર્શાવેલી.

**આ** પછી થોડો વખત તેમણે હૅન્ડનની પોલીસ-સ્કૂલનો અનુભવ લીધો અને પછી ઇંગ્લંડના જગવિખ્યાત સ્કૉટલૅન્ડ યાર્ડની તાલીમના સંપર્ક માટે લંડન ગયા. લંડનમાં તેમણે સ્કૉટલૅન્ડ યાર્ડનાં યંત્રોનો અભ્યાસ કર્યો. અહીં પણ તેમની કાર્યદક્ષતાની કદર થઈ અને તેમના અમેરિકાના શિક્ષણજ્ઞાનના પ્રભાવે તેમને સારું માન મળ્યું. અભ્યાસ પૂરો થતાંવેંત સૌ પહેલો તેમને દેશ સાંભર્યો, અને પ્રશંસાનાં સર્ટિફિકેટો સાથે તેઓ હિંદ આવવા સ્ટીમરમાં બેઠા.

ત્યાં જ તેમને કાગળ મળ્યો કે પોતાને આવડી મોટી સિદ્ધિ મેળવવામાં મૂળ પ્રેરણાભૂત એવી પોતાની માતાનું અવસાન થયું છે! એમને જબરો આઘાત થયો. પણ કેટલાક અંગ્રેજ મિત્રોએ એ માટે દિલસોજી બતાવવા માંડી ત્યારે એમણે દિલ કઠણ કરીને કહ્યું, 'શરીરને જન્મ દેનારી મારી માતા મરી ગઈ; પણ આત્મા ઉપર પ્રભાવ રાખનારી મારી હિંદ માતા તો હજુ જીવે છે ને? એ મારી વાટ જુએ છે. એમાં યે મને તો માતાનું જ વાત્સલ્ય મળશે.'

હિંદ આવી તેઓ હોમ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી, ડિરેક્ટર જનરલ ઑવ ઈન્ટેલિજન્સ, મિ. સંજીવી, મુંબઇના આઈ. જી. પી. (ઇન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસ) વગેરેને મળ્યા અને હિંદમાં એક અદ્યતન ગુનાશોધક લૅબોરેટરી સ્થાપવાની હીલચાલ કરી. અમેરિકન ઢબનું એક લાઇ-ડિટેક્ટર (અસત્ય શોધક) યંત્ર તો તેમણે પોતે જ બનાવ્યું હતું, અને તેના સફળ પ્રયોગો પણ તેમણે અહીંના અધિકારીઓ આગળ કરી બતાવ્યાં. આથી આખરે તેમને મ્હૈસુરમાં એક ગુનાશોધન પ્રયોગશાળા ખોલવાનું કહેવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં જ એની શરૂઆત તેઓ કરી દેવાના છે.

તેમની વય માત્ર સાડત્રીસ વર્ષની જ છે. સ્વભાવે તે હસમુખા અને શરીરે સશક્ત છે. હિંદમાં અમેરિકા જેવી પ્રયોગશાળા સ્થાપી હિંદમાં ગુનાશોધન વિજ્ઞાનને આગળ ધપાવવાના તેમને કોડ છે. તેમને લાઇ-ડિટેક્ટર, ડ્રૂકોમીટર, ઈલેક્ટ્રો એનકૅફાલોગ્રાફ, ફિંગર પ્રિન્ટ વગેરેનું સારું જ્ઞાન છે અને સાઇકલો તથા મોબાઇલ એન્જિનો ઉપરથી ઘસી નાખેલા અક્ષરોને પણ ઉપસાવી આપીને ગુના શોધવાની શક્તિ ધરાવે છે. એમણે શીખેલી અને પશ્ચિમમાં પ્રખ્યાત એવી એ વૈજ્ઞાનિક પદ્ધતિઓનું જ્ઞાન આપણે પણ જાણવું જરૂરી છે. એટલે હવે તે સંબંધી વિચાર કરીએ.

**હ**વે ગુના શોધન-વિજ્ઞાન પગીનાં પગેરાં, બેડી ને તાળાં, કે બરફ

*સરકારી નોકરો માટે ટૂંકો અમેરિકન શબ્દ: G=Government.

પર સુવડાવી ગુનો કબૂલ કરાવવાની પદ્ધતિથી ખૂબ આગળ વધી ગયું છે. હૅમ-લેટ પણ જીવતો હોત ને આ વિજ્ઞાનનો લાભ પામી શક્યો હોત તો 'ફાધર'ને એવા બધા શબ્દો વૈજ્ઞાનિક યંત્રોથી સાંભળી એની ગૂંચ વણનો જલદી ઉકેલ લાવી શક્યો હોત! હવે તો પતિ પત્ની તરફ કે પત્ની પતિ તરફ વફાદાર છે કે નહિ, નોકર શેઠ પ્રત્યે પ્રામાણિક છે કે નહિ, માણસે નશો કરી અમુક કૃત્ય કર્યું છે કે નહિ, એ બધું યંત્રો દ્વારા જ જાણી શકાય છે. ઉદ્યોગોમાં અને સામાજિક ક્ષેત્રોમાં પણ આ યંત્રોએ આશ્ચર્યકારક પ્રગતિ કરી છે.



શ્રી શિવાબાસપ્પા લંડનના સ્કૉટલૅન્ડયાર્ડના અફસરો વચ્ચે

આપણે એકાદ ક્રિમિનલ સાયન્ટિફિક લૅબૉરેટરીમાં જઇ આવાં યંત્રો જોઇશું તો મુખ્યત્વે આપણને આટલા વિભાગો જોવા મળશે: (૧) ફોટોગ્રાફી; (૨) ફિંગર-પ્રિન્ટ અને ફૂટ-પ્રિન્ટ (હાથનાં આંગળાં તથા પગની છાપ) પારખનાર ખાતું; (૩) બૅલાસ્ટિક અથવા ફાયર આર્મ્સ—દારૂગોળીથી ફૂટતાં હથિયારોનું ખાતું; (૪) લાઇ-ડિટેક્શન —અસત્યશોધન; (૫) કૅમિકલ લૅબૉરેટરી કે જ્યાં લોહી પરીક્ષા, પીધેલાપણાની પરીક્ષા, અને ચોરીની તપાસ વૈજ્ઞાનિક રીતે થાય છે; (૬) હૅન્ડ રાઇટિંગ–હસ્તાક્ષર પારખવાનું ખાતું.

**ફોટોગ્રાફી:** ગુનો પુરવાર કરવામાં ફોટોગ્રાફીએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. અકસ્માત-પ્રસંગની તસ્વીરો કોર્ટમાં ગુનાની મહત્ત્વની સાબિતી પૂરી પાડે છે. પછી સાક્ષીઓની જરૂર રહેતી જ નથી. તેમાં યે ખાસ કરીને અલ્ટ્રાવાયોલેટ ને ઇન્ફ્રા-રેડ ફોટોગ્રાફી, માઇક્રો-ફોટોગ્રાફી, અને એક્સ-રે તો ઘણાં ઉપયોગી છે. હમણાં તાજેતરમાં જ પોતાની ગુદામાં સોનું છુપાવી લાવેલા આરબો મુંબઇમાં આ ફોટોગ્રાફીની કલાથી જ સપડાયા હતા.

**ફિંગર-પ્રિન્ટ:** કુદરતની એક અદ્ભુત અનવગળી એ છે કે દુનિયાભરમાં કોઈ પણ બે માણસનાં આંગળાંની છાપ એકસરખી મળતી આવતી નથી; અને બાળપણથી માંડી તે વૃદ્ધાવસ્થામાં પ્રવેશી મૃત્યુને આધીન થવા સુધીમાં આ છાપો કદી બદલાતી નથી! આથી આવી છાપોને સંઘરવામાં આવે છે. ગુનો બન્યો હોય તે સ્થળની દીવાલો અથવા વસ્તુઓ ઉપર રાસાયણિક દ્રાવણ છાંટીને આ છાપો ઉપસાવીને તેના ફોટોગ્રાફ લેવાય છે ને પછી એ છાપોને ગુનેગારોની છાપોનો જ્યાં સંગ્રહ હોય ત્યાંની છાપો સાથે સરખાવવામાં આવે છે. એ સરખામણીમાં જો સફળતા ન મળે તો જેમની છાપ સંગ્રહમાં ન હોય તેવા શકમંદ માણસોની આંગળીઓની છાપો લઇ તેની સાથે સરખાવીને ગુનો કોણે કર્યો એ શોધી શકાય છે. ગુના શોધક લૅબૉરેટરીમાં તો એક ખાસ વિભાગમાં દેશભરના ગુનેગારોનાં આંગળાંની આવી છાપો રીતસર સંઘરવામાં આવે છે.

ફૂટ-પ્રિન્ટ એટલે કે પગેરા ઉપરથી પણ આવી પગની છાપો લઈ શકાય છે. બૂટની પણ આવી છાપો લઇને ગુનેગારને પકડી શકાય છે.

**બૅલાસ્ટિક** અથવા 'ફાયર આર્મ્સ'નું શાસ્ત્ર: આ પદ્ધતિમાં ગુનેગારોએ છોડેલી ગોળીઓ કઇ દિશામાંથી છૂટી, કોના હાથથી છૂટી, કઈ બંદૂકમાંથી છૂટી, વગેરે બાબતો ફોટોગ્રાફ અને ગોળીના માપના આધારે તેમજ ગોળીની બનાવટ તથા બનાવનારી કંપનીના આધારે પારખીને ગુનો પકડી શકાય છે. અમેરિકાએ ઉપર જોયું તેમ, એક એવું રસાયણ શોધ્યું છે કે જેને આધારે પખવાડિયા સુધીમાં, ગોળી છોડેલા માણસના હાથ ઉપર એ દ્રાવણ છાંટીને ગોળી છોડતાં થએલા પ્રત્યાઘાતની નિશાનીઓ ઉપસાવીને પકડી શકાય છે.

**લાઈ-ડિટેક્ટર:** એનું પૂરું શાસ્ત્રીય નામ "રિયગ્મો-મૅનોન્યૂમો સાયકો ગૅલ્વેનોગ્રાફ": એટલેકે અસત્યશોધક યંત્ર–આ યંત્રની સહાયથી ગુનેગારને મારપીટ કર્યા સિવાય એના સત્યાસત્યને તારવી શકાય છે. લોહીના ધબકારા, શ્વાસોચ્છ્વાસ અને માનસિક ફેરફારોના આધારે તેમજ માનસશાસ્ત્રના જ્ઞાન વડે આ યંત્ર શોધવામાં આવ્યું છે. પશ્ચિમી જગતમાં તો મોટીમોટી પેઢીઓ ને બૅન્કો પણ નોકરોની વફાદારી માપવા આ યંત્રનો બહોળો ઉપયોગ કરી જાય છે.

**કૅમિકલ લૅબૉરેટરી:** એમાં લોહીની પરીક્ષા કરવામાં આવે છે. ઉપરાંત ડ્રંકોમીટર અને ઈલેક્ટ્રો એનકેફાલોગ્રામીટર નામનાં યંત્રોથી માણસે દારૂ ઢીંચ્યો છે કે નહિ અને તે કેટલો પીધો છે એનું ચોક્કસ માપ કઢાય છે. આ ઉપરાંત તેમાં સાઇકલો તેમજ મોબાઈલ એન્જિનોના ઘસાઇ ગએલા અક્ષરો અણુશક્તિના સિદ્ધાંતના આધારે અમુક રાસાયનિક ભૂકીને અમુક રીતે ઘસીને પરિશ્રમથી ફરી ઉપસાવી શકાય છે. આવી જાતની અનેક તપાસો આ લૅબૉરેટરીમાં કરવામાં આવે છે.

**હૅન્ડ રાઇટિંગ**—હસ્તાક્ષર: માનસશાસ્ત્રના આધારે હસ્તાક્ષરો ઉપરથી ગુનેગારનો સ્વભાવ તપાસી શકાય છે. વળી બનાવટી સહીઓ પણ નિષ્ણાતો અભ્યાસને આધારે પકડી કાઢે છે. મુંબઇ ઈલાકાના હસ્તાક્ષર તજ્જ્ઞ શ્રી ઠાકોરદાસ જેઠીનદાસ ગજ્જરે આમાં સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

આમ, તો અહીં આ પદ્ધતિઓ આપણે ટૂંકમાં જોઈ ગયા. તે સંબંધી વિસ્તારપૂર્વક હવે પછીના લેખોમાં આપણે જોઈશું. (ચાલુ)

# ગોપાલ ભાંડ

**લોકહૃદયમાં જીવતી રહેલી બિરબલની પરંપરાની હાજરજવાબી ને સહજબુદ્ધિવાળી એક વ્યક્તિનો પરિચય**

**બંગાળમાં** નવાબી શાસનનો એ સંધ્યાકાળ હતો. અંગ્રેજોનો પગદંડો હજી પૂરો જામ્યો ન હતો. એ વખતમાં નદિયા જિલ્લામાં કૃષ્ણનગરમાં કૃષ્ણચંદ્ર નામે રાજા રાજ્ય કરતા હતા. જોકે એ બહુ મોટા રાજા તો નહોતા, પણ તેમના દરબારમાં જ્ઞાની, ગુણી, પંડિતો અને કલાવન્તોનો તો ખાસ્સો એવો જમાવ રહેતો. એ સભાના જ ભક્ત રામપ્રસાદે પોતાનાં ભક્તિપૂર્ણ ગીતો રચ્યાં, ભારતચન્દ્રે પોતાનું 'વિદ્યાસુન્દર' કાવ્ય લખ્યું અને અમર વિદૂષક ગોપાલ ભાંડે રસભર વિનોદની રમઝટ બોલાવી હતી.

'વિદ્યાસુન્દર' વાંચતાં એ યુગની રુચિનો ખ્યાલ આવી રહે છે. પણ ગોપાલ ભાંડ તો સાક્ષાત્ આનંદની પ્રતિમૂર્તિ હતો. એ ભલે પંડિત ન હતો, પણ નદિયાના સંસ્કૃતિસંપન્ન સમાજમાં એ જન્મ્યો હતો. એની અદ્ભુત પ્રતિભા સર્વ પ્રકારના શાસ્ત્રભારથી મુક્ત હતી.

ગોપાલ નામ સાથેના 'ભાંડ' વિશેષણ સિવાય તેના અંગત જીવન વિષે બીજી કંઇ પણ માહિતી નથી મળી શકતી. માત્ર રાજા કૃષ્ણચંદ્રનો તે સમકાલીન હોવાથી કૃષ્ણચંદ્રના જીવનકાળ (૧૭૧૦–૧૭૮૨) દરમ્યાન તે થઇ ગયો એટલું નક્કી. કેટલાક લોકો ગોપાલને કાયસ્થ ગણાવે છે, પણ વસ્તુતઃ તેનો જન્મ નાઈ (વાળંદ) કોમમાં થએલો. નાઈ લોકો તો પોતાની બુદ્ધિમત્તાને લીધે સર્વત્ર પ્રસિદ્ધ છે. ઓછું શિક્ષણ પામ્યા હોવા છતાં તેઓનો સંગ સારા માણસો સાથે રહેતો હોય છે. હાસ્યવિનોદ માટે પણ નાપિતો સર્વત્ર વિખ્યાત છે.

કેટલાક કહે છે કે કૃષ્ણનગરની ઉત્તરે ઘૂર્ણી નામે ગામમાં તેનો જન્મ થએલો; પણ ઘણાખરાનું માનવું એવું છે કે ખરીરીતે તો તે શાન્તિપુરમાં જન્મેલો. બહુ નાની ઉમરે જ તેના પિતાનો સ્વર્ગવાસ થયો. મામા ગરીબ હોવાથી ગોપાલને લખતાં-વાંચતાં કંઇ ન શીખવાયું. તથાપિ બાળપણથી જ તેનામાં હાસ્યની અદ્ભુત પ્રતિભા હતી. એને લીધે જ તે રાજા કૃષ્ણચન્દ્રની નજરે પડેલો ને પછી તેનું સમગ્ર જીવન તેના આશ્રયે જ વીત્યું.

'વિદ્યાસુન્દર'નો યુગ સુરુચિ માટે બહુ જાણીતો તો નથી જ; અને તેમાં યે ગોપાલ તો બીચારો અશિક્ષિત ભાંડ જ હતો. એટલે તેની પાસેથી શિષ્ટ વિનોદની આશા તો ન જ રાખી શકાય. તેના વિનોદની બધી વાતો આજ તો ભદ્ર સમાજમાં ચાલી યે ન શકે. તોપણ પોતાના જમાનાની એ બધી ત્રુટીઓ છતાં યે ગોપાલમાં એક એવી સહજબુદ્ધિ ને સહૃદયતા જોવામાં આવે છે કે જે સાંભળનારને અચરજમાં ગરકાવ કરી દે છે.

**ન**વાબોના અત્યાચારોથી હોય કે પછી બીજા કોઈ કારણે, પણ એ વખતે અમુક લોકો નવાબ સિરાજુદૌલાને ખસેડી તેને સ્થાને શાસક તરીકે અંગ્રેજોને લાવવા માગતા હતા. અને અંગ્રેજોએ પણ મોકો જોઇને મીર જાફરને શિખંડી બનાવી જે જુલ્મ ગુજાર્યો એ તો જગજાહેર છે. કૃષ્ણચંદ્રના દળે તો આ ભાવિ દુર્ગતિનું અનુમાન પણ નહોતું કર્યું, પણ જ્યારે એ લોકો નવાબી અત્યાચારોથી બચવા અંગ્રેજોને બોલાવવાનું કાવતરું રચી રહ્યા હતા ત્યારે ગોપાલે કહેલું, 'મહારાજ, નવાબી બીમારીની ફિરંગીઓ ભલે દવા કરી રહ્યા છે, ને કદાચ એ બીમારી મટી યે જાય; પણ આપે એ વિચાર્યું છે ખરું કે દવાની તાસીર કેવીક જલદ છે?'

ગોપાલની એ સહજ બુદ્ધિ જો એ વખતના શિક્ષિતોમાં હોત તો કદાચ દેશની કેટલી યે દુર્ઘટનાઓ બનવા ન પામી હોત. આ સહજ બુદ્ધિના બળે જ ગોપાલ ભલભલા પંડિતોને પણ હરાવતો. એક વાર કોઈ મોટા પંડિતે તેને પૂછ્યું, 'કેમ, ભાઈ ગોપાલ! અમે આટઆટલી શાસ્ત્રની વાતો બતાવીએ છીએ છતાં અમારું કોઈ સાંભળતું નથી, અને તારી વાત લોકો આટલા ધ્યાનથી સાંભળે છે તેનું કારણ શું?' ગોપાલે કહ્યું, 'પંડિતજી મહારાજ, આપ જૂની-પુરાણી સડેલી વાતો કહ્યા કરો છો, ને હું કહું છું નિતનવીન અજબ રસભરી વાતો; એથી લોકો તે પ્રેમપૂર્વક સાંભળે છે.' પંડિતજીએ નિશ્ચય કર્યો કે દરબારમાં પોતે પણ હવે કંઈક નવીન વિચિત્ર વાત સંભળાવવાના.

બીજે દિવસે સભામાં ગોપાલ હજી આવ્યો નહોતો. પંડિતજીએ તક સાધીને કહ્યું, 'મહારાજ, કાલે સંધ્યા સમયે હું ઘાટ પર બેસી સંધ્યા કરતો હતો. એવામાં અચાનક જોયું તો એક બિલાડી મ્યાઉં મ્યાઉં કરતી આકાશમાં ઊડતી જઇ રહી હતી!' આ સાંભળતાંવેંત સૌ કોઇ બોલી ઊઠયું કે, 'પંડિતજીનું આજ ખસી ગયું છે કે શું? મધ્યમનારાયણ તેલની વ્યવસ્થા કરો.' પોતાની વિચિત્ર વાત સંભળાવતાં તો સંભળાવી, પણ પંડિતજી હવે હતપ્રભ થઇ ગયા. સારે નસીબે એ જ સમયે ગોપાલ ભાંડનું આગમન થયું. તેને સમજતાં વાર ન લાગી કે પંડિતજી પોતાનો નુસ્ખો અજમાવવા ગયા છે, પણ તેમ કરતાં બની ગયા છે. તેણે તરત મામલો સંભાળી લીધો. કહ્યું, 'મહારાજ, કાલે તો એવું બન્યું કે મારા ઘર પાસેથી એક સમડી એક બિલાડીના બચ્ચાને ઝાપટ મારી ઉપાડી ગઇ. પેલું બચ્ચું તો બિચારું તેના પંજામાં એવું ફસાએલું કે ચીસાચીસ કરી રોતું હતું.' ગોપાલની વાત સાંભળી સૌએ કહ્યું, 'ઠીક ત્યારે; આમ વાત છે! ત્યારે તો પંડિતજી બરાબર જ કહેતા હતા. પણ બીચારા સંધ્યા કરતા હશે, એટલે એમણે આંખ જ ઊંચી કરવાની તસ્દી નહિ લીધેલી. સમજ્યા હશે કે બિલાડી જ ઊડી રહી છે!' આમ, ગોપાલની હાજરજવાબીથી પંડિતજીની આબરૂ રહી ગઇ.


**રાજસભામાં** એક વિદેશી પંડિત આવેલો. બધી ભાષાઓ બોલવામાં તે એવો તો પારંગત હતો, કે કોઈ કળી નહોતું શકતું કે તેની મૂળ માતૃભાષા કઈ છે. જ્યારે બધા પંડિતો નિષ્ફળ ગયા ત્યારે એ ભાર ગોપાલ ભાંડ પર આવી પડયો. રાજસભા મેડા ઉપર ભરાતી હતી. સભા પૂરી થયે એ પરદેશી પંડિતજી નીચે ઊતરતા હતા. સીડી પર અજવાળું કંઈક ઓછું હતું. અચાનક ગોપાલ જાણીજોઇને ઠોકર ખાઈ પંડિત મહાશય ઉપર જ જઇને પડયો! આથી પંડિતજી ગુસ્સે થઈ ભભડી ઉઠયા: 'સડ઼ા અંધા!' અર્થાત્ 'સાળો આંધળો છે!' આપત્તિકાળે નીકળેલી એ સ્વાભાવિક ભાષા પરથી ગોપાલે તુરત નિર્ણય જાહેર કરી દીધો કે 'આ મહાશય તો ઉડિયા-ઓરિસ્સાના છે!'

**રાજા** કૃષ્ણચંદ્ર નવાબી દરબારમાં મુર્શિદાબાદ ગએલા. સાથે ગોપાલ પણ હતો. રાત્રે જોરથી ધરતીકંપ થયો. સવારે નવાબે કૃષ્ણચંદ્રને કહ્યું, 'તમારા વિદ્વાન પંડિતો જેમ પૂર્ણિમા, અમાવાસ્યા, ગ્રહણ આદિ બરાબર ગણત્રી કરીને અગાઉથી બતાવી દે છે, તેમ હવે તમારે ભૂકમ્પ દર્શાવતું પંચાગ પણ તૈયાર કરી આપવું પડશે.' કૃષ્ણચંદ્ર ગભરાયો અને શો જવાબ આપવો તે ન સૂઝવાથી ગોપાલને ઉપાય પૂછ્યો. ગોપાલે હાથ જોડી નવાબને કહ્યું, 'જહાંપનાહ, હિન્દુ મરે છે ત્યારે તેને બાળવામાં આવે છે, (અનુસંધાન પૃ. ૩૭૦ મે)

રોજિંદા જીવનમાં વિજ્ઞાનનો ફાળો
આલેખતી લેખમાળા–૩૨

# કાર્બન
## અને તેનાં વિવિધ રૂપ

લેખક · ડૉ. નરસિંહ મૂળજીભાઈ શાહ
એમ. એસસી. પીએચ. ડી.




કાર્બનના અ-સ્ફટિકમય પદાર્થો વિષે ગયા હપતામાં આપણે જાણી ગયા. હવે આપણે સ્ફટિકમય પ્રકારો લઇએ. એમાંથી હીરા વિષે આ લેખમાળામાં અગાઉ લખાઈ ગયું છે (જુઓ 'કુમાર', ફેબ્રુ-માર્ચ ૧૯૪૯). બીજો સ્ફટિકમય પ્રકાર તે ગ્રેફાઈટ.

ગ્રેફાઇટ ગ્રીક શબ્દ 'ગ્રેફો' એટલે લખવું, એ પરથી આવેલો છે. લખવાની પેન્સિલો તથા ચીતરવાના ક્રેયૉનોની બનાવટમાં તે ઘણા લાંબા કાળથી વપરાતું આવ્યું છે. જૂના વખતમાં ગ્રેફાઇટને સીસા તરીકે લેખવામાં આવતું એટલે તે 'પ્લમ્બેગો' અને 'કાળું સીસું' પણ કહેવાય છે. લખવાની પેન્સિલ માટે 'લેડ પેન્સિલ' શબ્દ પ્રચલિત છે તે પણ આ ઉપરથી જ.

ગ્રેફાઈટ મુખ્યત્વે પરિવર્તિત શિલાઓમાં મળી આવે છે. એ વિષે એવું અનુમાન કરવામાં આવે છે કે પૃથ્વીનાં પડો જ્યારે બંધાતાં હતાં તે ભૂસ્તરીય કાળમાં અતિશય ગરમી અને દબાણમાં ચૂના-પથ્થરનું વિઘટન થતાં તેમાંથી પેદા થએલા કાર્બન ડાઇઑાક્સાઇડના કાર્બનમાંથી તેની ઉત્પત્તિ થઈ હશે; યા તો એ પરિસ્થિતિમાં કાર્બનિક દ્રવ્યોનું ગ્રેફાઈટમાં રૂપાંતર થયું હશે. ગ્રેફાઇટવાળી આવી શિલાઓ મુખ્યત્વે સિલોન ને મેકસિકોમાં મળી આવે છે. સિલોનમાંનાં અગત્યનાં ભરાણો શિલાની તડોમાં નીકળતી મોટી રેખાઓમાં આવેલાં છે. મેકસિકોમાંથી અત્યંત સૂક્ષ્મ ગ્રેફાઇટ નીકળે છે. તે કોલસાના થરોમાંથી મળી આવે છે. તેનું બજારુ નામ 'અ-સ્ફટિકમય ગ્રેફાઈટ' છે. જોકે ખરીરીતે એ અ-સ્ફટિકમય નથી, પરંતુ તેની બારીકતા દર્શાવવા એ નામ વેપારમાં રૂઢ થઇ ગયું છે.

ઈ. ૧૯૩૫માં દુનિયાની ગ્રેફાઇટની વાર્ષિક પેદાશ ૨૧૦ હજાર ટન હતી. તે પછીના આંકડા મળતા નથી; પરંતુ તેમાં વધારો થયો છે એવો પુરાવો છે. આમાં રશિયાનો હિસ્સો ૩૯ ટકા, ચોસેનનો ૨૧, જર્મનીનો ૧૦, ઑસ્ટ્રેલિયાનો ૯, સીલોનનો ૭, માડાગાસ્કરનો ૫, અને મેક્સિકોનો ૩ ટકા હતો. પણ તે પૈકી સીલોન અને માડાગાસ્કરનું જ ગ્રેફાઇટ બજારમાં ઘણાં વર્ષો સુધી પ્રભુત્વ ધરાવતું રહ્યું હતું, અને હજી પણ ઊંચી જાતનો ગ્રેફાઈટ તો તે દેશો જ પૂરો પાડે છે. મેક્સિકો અને ચૉસેનમાંથી મુખ્યત્વે અ-સ્ફટિક જાત નીકળે છે.

ગ્રેફાઈટ એ તદ્દન પોચો, કાળો અને અપારદર્શક ખનીજ છે. હીરાનો તે નજીકનો જ સંબંધી છે, છતાં ગુણમાં એ બંને વચ્ચે કેટલો બધો ફરક છે! હીરો સખતમાં સખત ખનીજ છે, જ્યારે ગ્રેફાઇટ પોચો! બાકી રાસાયનિક દૃષ્ટિએ બંને એક જ છે. એમના આ પરસ્પર વિરોધી ગુણો એમની જુદીજુદી સ્ફટિકમય રચનાને લીધે છે.

દુનિયાની પેદાશનો લગભગ ૧૨ ટકા જેટલો ગ્રેફાઈટ લખવાની પેન્સિલો અને ક્રેયૉનની બનાવટમાં ખપે છે. પેન્સિલ બનાવવા માટે ગ્રેફાઈટમાં કાંકરા-રેતી વિનાની સાફ કરેલી બારીક માટી બરોબર મેળવીને, તેને ૮૨૫–૧૧૦૦ ડિગ્રીએ શેકીને મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. ગ્રેફાઇટ ઉપર તેજાબ, રસાયનો અને ક્ષારોની કોઈ પણ અસર થતી નથી, અને સખતમાં સખત ગરમી સામે પણ તે ટકી શકે છે. આથી ગ્રેફાઈટનો મોટો જથ્થો–લગભગ ૬૦ ટકા તો ધાતુ ગાળવાના કામમાં વપરાતા મૂષકો (crucibles) બનાવવામાં વપરાય છે. જોકે વીજળિક ભઠ્ઠીની ખીલવણીએ તેમાં ઘટાડો કર્યો હતો; પણ હવે ચક્ર પાછું ફર્યું છે અને તેનો ઉપયોગ વધવા માંડ્યો છે. એ ઉપરાંત ઊંજણાંમાં, રંગરોગાનમાં, ઇલેક્ટ્રોડની બનાવટમાં, ડાયનેમો અને મોટરના બ્રસોની બનાવટમાં, બૅટરીઓમાં અને ઓપ આપવા માટેના બારીક પાઉડરોની બનાવટમાં ગ્રેફાઈટનો ઉપયોગ સારીરીતે થાય છે.

આ વિજ્ઞાનયુગમાં હવે કુદરતી ગ્રેફાઈટની જગ્યા બનાવટી ગ્રેફાઇટે પણ લેવા માંડી છે. અમેરિકામાં નાયાગરા ધોધના પાણીથી પેદા કરેલી સસ્તી વીજળીનો લાભ લઈ ત્યાંના મિ. અચેસન નામના માણસે ઈ. ૧૮૯૬માં ગ્રેફાઇટ બનાવવાની રીત શોધી કાઢી. રેતી અને કોકના મિશ્રણને ૨૪થી ૩૦ કલાક સુધી વીજળીની ભઠ્ઠીમાં સખત ગરમ કરવામાં આવે છે. એથી પ્રથમ કાર્બોરૅન્ડમ તૈયાર થાય છે. કાર્બોરૅન્ડમ એટલે સિલિકોન કારબાઈડ, જેનું સખત ગરમીને લીધે વિઘટન થાય છે અને ગ્રેફાઈટ બને છે. આ બનાવટી ગ્રેફાઈટ માત્ર પેન્સિલોની બનાવટ સિવાય બાકી બધાં જ કામમાં આવે છે.

કાર્બનની સાથે ધાતુઓનું સંયોજન થવાથી કારબાઇડો બને છે. આવો એક કૅલ્શ્યમ કારબાઇડ, ચૂના ને કોલસાને વીજળીની ભઠ્ઠીમાં ગરમ કરવાથી બને છે. એ કારબાઇડ ઉપર પાણીની અસર થતાં તેમાંથી એસીટીલીન નામનો વાયુ છૂટે છે, જે સળગાવી શકાતો હોઇ બત્તી માટે વપરાય છે. તેને ઑક્સિજન સાથે મેળવીને સળગાવવાથી પુષ્કળ ગરમી પેદા થાય છે; આથી લોઢાના પાટડા કાપવા માટે તેની ગરમીની શેડનો ઉપયોગ કરવામાં આવે છે.

ઍલ્યુમીનિયમ કારબાઈડ પર પાણીની ક્રિયા થતાં મીથેઈન વાયુ નીકળે છે. કોલસાની ખાણોમાં આ વાયુ ઘણીવાર નીકળે છે. એ ખાણોમાં થતા ધડાકા આ વાયુ સળગી ઊઠવાથી જ થાય છે.

**કા**ર્બનને બાળવાથી બે ઑક્સાઇડો પેદા થાય છે: એક તો કાર્બન મૉનૉક્સાઇડ. બહુ જ મર્યાદિત—ઓછી હવામાં કોલસો બાળવાથી આ વાયુ પેદા થાય છે. એ અત્યંત ઝેરી હોય છે. ગરમ પાણીનો બંબો રહેતો હોય તેવી બાથરૂમમાં બંબો સળગતો રાખીને બંધબારણે નહાવા બેસવાથી આ વાયુને કારણે ગૂંગળાઇ ગયાના ઘણા દાખલા બન્યા છે. મોટરના ધુમાડામાં પણ આ જ વાયુ નીકળે છે. પશ્ચિમમાં તો એવા દાખલા પણ નોંધાએલા છે કે બંધબારણે મોટર ઊભી રાખી, તેનું એન્જિન ચાલુ કરી, તેનો ધુમાડો અંદર એકઠો થવા દઇને, ઘણાએ આપઘાત કરેલા છે. આ વાયુ નીકલ ધાતુ શુદ્ધ કરવામાં વપરાય છે. તે બળે છે ત્યારે વાદળી જ્યોત નીકળે છે. આપણી સગડીઓમાં ઘણી વાર એ રંગ નજરે પડે છે તે તેનો જ.

બીજો વાયુ તે કાર્બન ડાઇ-ઑક્સાઈડ. આ વાયુ આપણા શ્વાસોચ્છ્‌વાસમાંથી નીકળે છે. કોઇ પણ કાર્બનવાળી ચીજને બાળવાથી આ વાયુ પેદા થાય છે. દારૂની બનાવટ માટે સાકરવાળા પદાર્થોને જ્યારે આથવામાં આવે છે ત્યારે તેમાંથી પણ આ વાયુ પુષ્કળ પ્રમાણમાં નીકળે છે. તે સોડાવૉટર અને એવાં પીણાં (ઍરેટેડ વૉટર્સ) બનાવવા માટે, તેમજ આગ બુઝાવવા માટેનાં સાધનો ('ફાયર એક્સ્ટીંગ્વિશર્સ')માં થાય છે. આ વાયુને દબાણમાં ઠંડો પાડવાથી ધીમેધીમે તે પ્રવાહી બને છે ને છેવટે ઘન બરફ જેવો થઈ જાય છે. એને 'સૂકો બરફ' કહે છે, કારણકે તે ઓગળવાથી પાણી થતું નથી. આ સૂકા બરફને અડવાથી દુઃખદાયક ફોલ્લા પડે છે, આથી પાણીના બરફની હરીફાઈમાં આ બરફ ટકી શક્યો નથી.

લીલી વનસ્પતિનાં પાંદડાં સૂર્યના તાપમાં આ વાયુમાંથી જ કાર્બન લઇને તેમાંથી પોતાને ઉપયોગી ખોરાક બનાવે છે, અને આ રીતે છૂટો પડેલો ઑક્સિજન હવામાં મળી જાય છે. આ ક્રિયાને 'તેજ-સમીકરણ' કહે છે. આ રીતે સૃષ્ટિમાં વનસ્પતિ ઘણો ઉપયોગી ભાગ ભજવે છે. તે હવામાં ઑક્સિજન અને કાર્બનડાયૉક્સાઈડનું પ્રમાણ સમતોલ રાખે છે. સામાન્યરીતે હવામાં દર ૧૦,૦૦૦ ભાગે લગભગ ૩ ભાગ કાર્બન ડાઇ-ઑક્સાઈડ હોય છે. ગીચ વસતિવાળાં શહેરોમાં અને જ્યાં છૂટથી હવાની આવજા ન થઇ શકતી હોય એવી જગ્યાઓમાં આ પ્રમાણ વધી જાય છે, ત્યારે શ્વાસોચ્છ્‌વાસમાં મુશ્કેલી પડવા માંડે છે અને આકળવિકળ થઈ જવાય છે.

**લા**લચોળ ધગધગતા કોલસા પર વરાળ છોડવાથી કાર્બન મૉનૉક્સાઇડ, કાર્બન ડાઈ-ઑક્સાઇડ અને હાઇડ્રોજન વાયુઓનું મિશ્રણ પેદા થાય છે. આ વાયુ 'વૉટર-ગૅસ' કહેવાય છે. એમાં જો વરાળને બદલે હવા વાપરવામાં આવે તો 'પ્રોડ્યુસર ગૅસ' બને છે. આ ગૅસો ઉદ્યોગોમાં ગરમી માટે વપરાય છે. પેટ્રોલની તંગીના દિવસોમાં મોટરો પણ આ ગૅસ વડે જ ચલાવવામાં આવતી હતી.

આ થઈ કાર્બનના રસાયનની એક બાજુ. બીજી બાજુએ કાર્બનિક પદાર્થો તો એટલા વિપુલ છે કે અગાઉ નિર્દેશ કર્યા અનુસાર તે માટે તો એક આખું કાર્બનિક રસાયન અસ્તિત્વમાં આવ્યું છે, ને એ બધી હવે પ્રયોગશાળાની પેદાશ થઈ ગઈ છે. આપણી ખોરાકી ચીજો, આપણાં કપડાંલત્તાં, આપણા આરોગ્ય માટેની આવશ્યક દવા-ઔષધિઓ, રંગો ને બીજી અનેક ચીજોનો સમાવેશ તેમાં થાય છે. આ બધી ઊડીને આંખને વળગતી ચીજો કાર્બનની જ કરામત છે. એ સંબંધી વિગતવાર માહિતી હવે પછી 'કુમાર'માં આવવાની છે.

---

## આપનું લવાજમ આ અંક સાથે પૂરું થતું હશે.

**જૂ**જજાજ અપવાદ સિવાય જે મોટા ભાગના ગ્રાહકોનાં લવાજમ આ અંક સાથે પૂરાં થાય છે તેમના ગ્રાહક નંબરની આસપાસ આ અંકની કોથળી પર કુંડાળું કરેલું હશે. તો ગયા અંકમાં અમે વિસ્તારથી કહેલી 'કરકસરની વાત' તરફ આપનું ધ્યાન ખેંચીએ છીએ: (૧) મની ઑર્ડરથી લવાજમ મોકલતાં આપને માત્ર બે આનાનો ખર્ચ થશે; જ્યારે વી. પી.થી મંગાવતાં છ આના થશે. (૨) પોસ્ટ ઑફિસ એકસામટાં વી. પી. સ્વીકારતી નહિ હોવાથી, સેંકડો વી. પી. કરવામાં આપનો ક્રમ આવતાં દિવસો વીતી જશે.

**આ** બે વાત ઉપર વિચાર કરી આપ રૂ. ૭-૧૨-૦નો કાં તો મનીઑર્ડર કરી દેશો; અગર વી. પી.થી મોકલવા અમને લખી જણાવશો? આવતો અંક બહાર પડતાં સુધીમાં ઉત્તર નહિ મળે તો આપ ચાલુ રહેવા ઇચ્છો છો એમ સમજી આપને ક્રમાનુસાર વી.પી. મોકલાશે. **અને** ચાલુ ન રહેવું હોય તો કૃપા કરી અમને વેળાસર જણાવશો, જેથી અમને સવાચાર આનાના પોસ્ટેજનું અને અંક ચોળાઇને પાછો આવવાનું નાહકનું નુકસાન ન થાય. સાથે આપનો ગ્રાહકનંબર અવસ્ય લખી જણાવશો: આ અંકની કોથળી પર તે છે.

---

**ગોપાલ ભાંડ** (અનુ૦ ૩૬૮થી ચાલુ)

એટલે એની રૂહ (આત્મા) ધુમાડા સાથે આકાશમાં ચાલી જાય છે. એ લોકો ત્યાંના ગ્રહોનું રહસ્ય પોતાનાં સંતાનોને સમજાવી દે છે. આથી હિન્દુઓ આકાશના તારાની બધી બાબતનાં પંચાંગ બનાવી શકે છે. પણ જમીન નીચે તો મુસલમાનોને મૃત્યુ બાદ દફનાવાય છે. એટલે ભૂકમ્પની ખબર તો તેઓ જ પોતાનાં સંતાનોને બતાવતા હશે. માટે ધરતીકંપની આગાહી કરતાં પંચાંગ તો મુસ્લિમ પંડિતોએ જ બનાવવાં જોઇએ.' ગોપાલની બુદ્ધિથી કૃષ્ણચન્દ્ર બચી ગયો.

હાસ્યરસનો પ્રાણ સહૃદયતા છે. ગોપાલ અત્યંત સહૃદય હતો. ગરીબો, નબળાં અને અસહાય પ્રતિ તેના અંતરમાં ભારે સમવેદના હતી. એક વાર એક ગૃહસ્થે કોઇ મોટા જમીનદાર પાસેથી કંઈક મહેનતે એક તળાવ અને તેના કાંઠાની થોડી જમીન ખરીદી, ને ત્યાં એક નાનીશી ઝૂંપડી બનાવી તે રહેવા લાગ્યો. જમીનદાર પૂરો નીચ હતો. પેલા બીચારાને તળાવમાંથી પાણી જ ન લેવા દે! કહેતો કે મેં તળાવ વેચ્યું છે, તળાવનું પાણી નથી વેચ્યું!' આખરે મામલો કૃષ્ણચંદ્રના દરબાર સુધી પહોંચ્યો. કરારના કાગળ-પત્ર જોઈ રાજા પણ વિચારમાં પડ્યો. અંતમાં ગોપાલને તેને નિવેડો લાવવો પડ્યો. ગોપાલે કહ્યું, 'વાત તદ્દન બરાબર જ છે. કરારમાં ચોખ્ખું જણાવ્યું છે કે આ માણસે પાણી નથી ખરીદ્યું. આથી, બેશક, તળાવનું બધું પાણી જમીનદારનું જ ગણાય. પણ તે પારકાના તળાવમાં પોતાનું પાણી કેમ રાખી શકે? તળાવ તો તેણે વેચી નાખ્યું છે. એટલે તે હવે પોતાનું પાણી બીજે કોઈ ઠેકાણે લઈ જાય; યા તો આ ગૃહસ્થને એના તળાવમાં પોતાનું પાણી રાખવા બદલ માસિક ભાડું આપે.' આ ફેંસલો સાંભળતા વેંત જમીનદારે પોતાનો હક્ક ઉઠાવી લીધો.

ગોપાલની આવી હાજરજવાબી, સહજબુદ્ધિ ને સહૃદયતાની વાતો તો સદા સૌ સંભાર્યા કરશે. **આચાર્ય ક્ષિતિમોહન સેન**
(ઑલ ઇન્ડિયા રેડિયો લખનૌથી કરેલું પ્રવચન: 'આજકલ'માંથી)

# પચ્ચીસ વર્ષ પહેલાં




## અંક ૧૨ · માગશર ૧૯૮૧ (ડિસેમ્બર ૧૯૨૪)

'એ સામાન્ય પ્રકારના અંગ્રેજ નથી. તે બહુ વિદ્વાન છે. ઉમદા કુટુંબના ગૃહસ્થ છે. કવિ ને ધર્મશાસ્ત્રી છે. તેમણે ઇચ્છયું હત તો પોતે મોટા સુબાની પદવી ભોગવી શકત, તેમણે ધાર્યું હત તો મોટી કૉલેજના પ્રિન્સિપાલ થઇ શકત, ને તેમણે માગ્યું હત તો પાદરી તરીકે ઉચ્ચ પદવી ભોગવી શકત. પણ તેમણે લક્ષ્મીને જતી કરી છે, હોદ્દાને ગણકાર્યો નથી અને આજે નિષ્પરિગ્રહી રહી હિંદને અર્થે ભ્રમણ કર્યા કરે છે. જ્યાં સુધી અંગ્રેજ પ્રજામાં એવો એક પણ અંગ્રેજ હોય ત્યાં સુધી તેમને ખાતર પણ અંગ્રેજો પ્રત્યે તિરસ્કાર ન કરી શકીએ'

આ શબ્દોમાં ગાંધીજીએ જેમની પ્રશસ્તિ કરેલી તે દીનબંધુ ઍન્ડ્રૂઝનું શ્રી બનારસીદાસ ચતુર્વેદીએ લખેલું ચરિત્ર 'કુમાર'ના પહેલા વર્ષના છેલ્લા અંકમાં આવેલું. આજે તો એ જ લેખકે શ્રીમતી માર્ગારેટ સાઇક્સના સહકારથી લખેલો દીનબંધુનો વિસ્તૃત ચરિત્ર-ગ્રંથ બહાર પડ્યો છે. એ પરથી જ પ્રતીતિ થશે કે એ ઊગમકાળે પણ 'કુમારે' પોતાના કાર્યફલકની માંડણી કેટલી વિશાળ કરી હતી. એ ચરિત્રનો ઉઘાડ કરતાં શ્રી દેશળજી પરમારે લખેલું કે 'કવિવર રવીન્દ્રનાથના એ પરિચર ને ગાંધીજીના એ પ્રિયસહચર સામાન્ય મિશનરીઓને માર્ગે ચડેલા ધર્મફેલાઉ પાદરી નથી, પણ ઇશુ ભગવાનનો પ્યાલો પીધેલો ખરો ખ્રિસ્તી ફકીર છે. કલ્પના અને કવિતા હોમીને જીવનઝોળી વરેલો એ જોગી છે. અમલ ને ધનની પાર ઊતરેલો એ અવધૂત છે. એ પ્રભુનો માણસ છે, ગરીબોનો વાલી છે, દુઃખિયાંનો બેલી છે. બ્રિટિશ સલ્તનતના ઝેરમાંથી મળેલું અમૃત છે.'

એ અંકમાં ત્રણ વાર્તાઓ હતી: એક રસભરી લોકકથા, એક વફાદાર કૂતરાની ભેરૂબંધીની કથા, અને ત્રીજી કિરીટ હાથીની ચાલુ વાર્તા: જેમાં વાઘનો શિકાર ને કળણમાં ખૂંચી ગએલા હાથી પરથી ગએલી ઘાતની કથાના બે રોમાંચક પ્રસંગો એ અંકમાં હતા. એ કળણની ભયંકરતાનો ખ્યાલ આપતો એક ફકરો તો ઉતારવા જેવો છે:

'પણ વાંદરાએ અમને ખરેખર ફસાવ્યા જ હતા. અમે એક કળણ –'ભુવા'માં આવી પડ્યા હતા, ને કિરીટ અંદર ગરતો જતો હતો. કળણ એટલે જમીનના ઉપલા પડ નીચે ઢંકાઇ રહેલું પોલાણ. નદીઓમાં પૂર આવવાથી અથવા ભરતીઓટ થવાથી પાણીનો પટ વધે છે. આથી કાંઠા ઉપર જ્યાં જ્યાં પાણીનાં વમળ પડ્યાં હોય છે, ત્યાં પાણી ઘુમાઈ ઘુમાઇને ઊંડા ખાડા પડી જાય છે. જ્યારે ઓટ આવે છે કે પાણી ઊતરી જાય છે ત્યારે આ ખાડાઓમાં કીચડ એકઠો થાય છે. સાધારણરીતે કાંઠા પરનો કીચડ સુકાઇ જાય છે ત્યારે તેના પર થઇને માણસો આવજા કરે છે; પણ આવા વમળની જગ્યાએ પડેલા ઊંડા ખાડાની અંદરનો કીચડ સુકાતો નથી; માત્ર તેનું ઉપલું પડ જ સુકાએલું હોય છે. આથી માણસ તેના પર ભૂલથી ચાલતાં અંદર ખૂંચી જાય છે. આવાં કળણને 'ભુવા' કે 'ફોડા' પણ કહે છે. જેમજેમ માણસ તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરે છે, તેમતેમ તે અંદર ગરક થતો જાય છે. આવે વખતે માણસે કાંઇ પણ બળ ન વાપરતાં તરત ચત્તા સૂઈ જવું. સાથે કોઇ માણસ હોય તો તેને દૂર રહી કપડું કે દોરડું નાખવાનું કહેવું, અને તે પકડી રાખી પેલા માણસને ખેંચી લેવાનું કહેવું. સાથે કોઈ ન હોય તો ચત્તા સૂઇને પછી આળોટતાં આળોટતાં પણ તે ખાડો ઓળંગી જવાથી બચી જવાય છે.

કિરીટ બહાર નીકળવાને બળ કરતો હતો તેમ તે અંદર વધારે ગરક થતો જતો હતો. આથી તે એટલો ગભરાયો કે કોઈ પણ ઉપાય શોધવા માટે ફાંફાં મારવા લાગ્યો. તેનો આગલો ભાગ છાતી સુધી અંદર ખૂંચી ગયો હતો, પણ પાછલો ભાગ જરા વધારે બહાર હતો; એટલે તે એવી ત્રાંસી રીતે ખૂંચેલો હતો કે પોતાની જાતને ઊંચકતાં તેને વધારે મુશ્કેલી પડતી હતી.'

એ વરસે કર્ણાટકમાં બેળગામમાં કૉંગ્રેસ મળેલી અને ગાંધીજી તેના પ્રમુખ વરાયા હતા. 'કુમાર'ના ચિરપરિચિત શ્રી પ્રભુદાસ ગાંધીએ બેળગામનાં સુંદર ચિત્રો મોકલીને તેનો પરિચય આપતો પત્ર લખેલો તેમાંનું એક વર્ણન આકર્ષક છે: 'અહીંની માટી એટલી લાલચોળ છે કે માણસ જરાક બેદરકાર રહ્યો કે બે દિવસમાં સંન્યાસી થઈ જવાનો! આસપાસના ડુંગરા, ઝાડી, આકાશનાં વાદળાં, બધું એવું કાવ્યમય દેખાય છે કે આવું સુંદર નંદનવન છોડીને કાકા સાહેબ (કાલેલકર) ગુજરાતમાં કેમ આવ્યા તેનું જ આશ્ચર્ય થાય છે.'

"આફ્રિકા એવો હતભાગી ખંડ છે કે તે જુદીજુદી પ્રજાઓનો ભોગ થઈ પડ્યો છે. અરબ, જર્મન, ફ્રેંચ, અંગ્રેજ, પોર્ટુગીઝ, ઈટાલીઅન, સૌએ આ મહાકાય ખંડને પીંખી ખાધો છે. ત્યાંની મૂળ જાતો એટલી પછાત અને ભોળી છે કે એમનો લાભ લેવા એક્કેય પ્રજા ભૂલી નથી.

ગોરાઓ અહીં આવ્યા તે અગાઉ સૈકાઓ પહેલાં હિંદમાંથી ઘણા વેપારી લોક અહીં આવી વસેલા. તેઓએ વેપાર ચલાવ્યો, મૂળ વતનીઓ જોડે સંબંધ કેળવ્યો, ઘરનાં મકાન બાંધ્યાં ને જમીનો ખરીદી, આરોગ્ય ન જળવાય એવા પ્રાંતોમાં પણ તેઓએ વસવાટ કર્યો અને વેપારને અનુકૂળ સાધનો ઉપજાવ્યાં.

૧૮૯૬માં અહીં હિંદી પ્રજાએ હિંદી મજૂરો વડે રેલવે બાંધવી શરુ કરી. જંગલ ને વેરાન વચ્ચે થઇને રેલવે કાઢવી કેટલી મુશ્કેલ છે તેનો ખ્યાલ આપણને અહીં બેઠાં ન આવે. હિંદીઓએ પરસેવો અને પૈસો વાપરીને, માણસોનો પણ ભોગ આપીને મૉમ્બાસાથી ઠેઠ યુગાન્ડા સુધી લગભગ ૬૦૦ માઇલની રેલવે સડક બાંધી. એ આખું રાષ્ટ્ર ખરું કહીએ તો હિંદીઓએ જ નિર્માણ કર્યું છે. કર્નલ વેજવૂડે આ સંબંધે પોતાના એક પુસ્તકમાં લખ્યું છે કે 'રાષ્ટ્ર નિર્માણ કરવાના અને રેલવે બાંધવાના કામમાં હિંદીઓએ હાડની કાંગસો કરી નાખી છે. લડાઇ ફાટી નીકળી ત્યારે પણ એ જ બહાદુર હિંદીઓ જર્મનો સામે સંસ્થાનમાં રહી ઝઝૂમ્યા હતા. હિંદી રેલવે અને રેલવેનાં માણ-

સોએ જ લડાઈ ચલાવી રાખી હતી. જર્મન પૂર્વ આફ્રિકાનાં જંગલોમાં પ્રાણ પાથરનાર પંજાબી શીખો સિવાય કોણ હતું?' પણ આજ સ્થિતિ જુદી છે. હવે હિંદીઓ તેમને ખૂંચે છે, ને ત્યાંથી હિંદીઓને તેઓ કાઢવા મથે છે.'' આમ કહીને એ પૂર્વ આફ્રિકાના 'કેનીઆ' નામના પ્રાંતનો પરિચય એ અંકમાં ચિત્રો સાથે આપ્યો છે.

**આ** અંકની 'માધુકરી'માં એક એવા આપકર્મી માણસના કપરી મુશ્કેલીના પણ પ્રેરક કુમારકાળના સ્મરણનો ફકરો ઉતાર્યો હતો, કે જે જતે દહાડે ઈંગ્લંડનો વડો પ્રધાન થયો. આજે પણ એના શબ્દો એટલા જ અસરકારક નીવડે એવા છે:

'સ્કૉટલંડના એક ગામડામાં તે જન્મ્યો હતો. નિશાળેથી ભણી ઊતર્યાં બાદ એને ખેતરનો આશ્રય લેવો પડ્યો, અને ત્યાં સાથી તરીકે ક્યારા વાળવા, પંખી ટોવાં વગેરે કામ કરતાંકરતાં તે ખેતીમાં પારંગત થવા લાગ્યો. પણ બાળપણથી જ તે રાજનીતિનો રસિયો હતો; અને ખેતીમાં કંઈ બરોબર ગુજરાન ન ચાલતું લાગવાથી એને કુદરતની મીઠી ગોદ મૂકીને શહેરમાં વસવાનો અવસર આવ્યો. ૧૯ વરસની નાની વયે તે લૉસીમાઉથ પ્રજાકીય મંડળનો સરનશીન નીમાયો. તરત જ તેને બ્રિસ્ટલમાં તક મળી, અને આખરે લંડનની સુવર્ણમય શેરીઓની તેની લાંબા વખતની કલ્પના નજરોનજર નિહાળવાનો અવસર આવી લાગ્યો. પરંતુ લંડનમાં તેનાં સુવર્ણનાં સ્વપ્નાં સરી પડતાં જણાયાં. તે કહે છે કે, ''હું લંડનમાં આવ્યો ત્યારે એક પણ આદમી એવો ન હતો કે જેને હું પિછાનતો હોઉં અથવા જે મારી પરવા કરે. કામ શોધવા માટે મેં કેટલાંયે અઠવાડિયાં સુધી 'ડેઇલી ટેલિગ્રાફ'ની જાહેરખબરની કટારો વાંચ્યા કરી. અઠવાડિયાં સુધી હું એકાકી અને ગ્લાનિયુક્ત દિવસો ગાળતો લંડનની શેરીઓમાં ભમ્યા કર્યો. છાપાં વેચનારા છોકરાઓની પણ મને ઈર્ષ્યા થવા લાગી. છેવટે 'બસ-ગાડી'ના પાસવાનની પણ જગ્યા મળે તો તેની પણ હું તપાસ કરતો રહ્યો. પણ એવામાં સારે નસીબે અઠવાડિયે પંદર શિલિંગના દરે મને એક કામ મળી ગયું.

''પણ મારા ઘરનું ભાડું આપવામાં મારી સઘળી મૂડી ખૂટી ગઈ, અને ઉલટું માથે દેવું થયું. એટલે એક સાઈકલવાળાની દુકાને, અઠવાડિયે દસ શિલિંગને પગારે પરબીડિયાં પર સરનામાં કરવાના હંગામી કામે રહી ગયો અને બાર માસ સુધી ત્યાં જ નભાવી લીધું. ત્યાર પછી મારો પગાર વધીને એક પાઉંડ થયો. એ વર્ષ દરમ્યાન ભોંયરામાં ચાલતી રેલવેની ઑફિસમાં ભરતિયાં કરવાના કામે મને રોકવામાં આવ્યો હતો. હું તો બોલી ઊઠ્યો: વાહ! આ તો જબરી ફતેહ ગણાય! મારી વાત માનો ન માનો; પણ મારે હિસાબે તો એ વર્ષ મને ભારે વિજય અને પરાક્રમનું નીવડ્યું. એ પંદર શિલિંગમાં તો મેં ખાધું, પીધું ને રાજ કર્યું. નવરાશની વેળાએ હું બર્કબેકમાં હાયબરી ઈન્સ્ટીટ્યૂટ તથા સિટી ઑવ લંડન કૉલેજમાં ભણતો. તેની કેટલીક ફી પણ હું આ પગારમાંથી જ ભરતો; એટલું જ નહિ, પણ રજાઓમાં વતન જવાની વાટખર્ચી પણ એમાંથી જ ફાજલ પાડી શકતો. કિંગક્રૉસ અને ઍંગલ વચ્ચેના બાજુના ભાગની ગલીઓમાંથી હું સોંઘામાંનું સીધુંસામાન ખરીદી લેતો. મારા ખોરાકમાં જવનો લોટ મુખ્ય હતો; પણ લંડનમાં તો એ બહુ મોંઘો. એટલે તે હું મારા વતન સ્કૉટલંડથી મગાવી વાપરતો. આમ મારું રોજનું ગુજરાન છ સાત આનામાં પતી રહેતું! ચા કૉફી જેવા વિલાસનાં તો મને સાંસાં જ હતાં; એટલે એને બદલે સદા ગરમ પાણીથી ચલાવી લેતો! એ પણ ચા જેવો જ ખોરાક છે, અને મહાવરો પડ્યા પછી તો ચા જેટલું સ્વાદિષ્ટ પણ લાગે છે એમ મને જણાઇ આવ્યું! બપોરનું ખાણું હું પીઅર્સ અને સ્લીનીની સોંઘી વીશીઓમાં ખાઈ આવતો. મને યાદ છે કે તે ખાણા પાછળ મેં રોજના બે કે ત્રણ આનાથી વધુ ખર્ચ્યું નથી. એ ખાણું તો મારા આખા દિવસનું મુખ્ય ભોજન હતું. સવારના આઠથી સાંજના છ સુધી મારે નોકરી ભરવી પડતી. તોપણ પરોઢિયે ચારને ટકોરે તો હું પથારી છોડી ઊભો થઈ જતો, અને વિજ્ઞાન તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતો. રાત્રે નાઈટક્લાસમાં જતો એટલે ૧૧ વાગ્યા પહેલાં સૂવા પામતો નહિ. એવામાં એ વખતની નૅશનલ લિબરલ ક્લબના ચિટનીસના રહસ્યમંત્રી બનવાની મને તક મળી, અને તે દિવસથી મારો સિતારો ચડવા લાગ્યો.''

આ આપકથા છે ઈંગ્લંડના પંતપ્રધાન થએલા રામ્સે મૅકડોનલ્ડની.

**આ**જથી પચીસ વરસ પર ગુજરાતી સાહિત્યમાં જેના પ્રકાશને વાચકોને આકર્ષ્યા હતા અને કવિશ્રી નાનાલાલ જેના પર મુગ્ધ થયા હતા તે સ્વ. પૃથુરાજ શુક્લની 'ફુલપાંદડી'ના ફકરા સૌ પહેલાં 'કુમાર'ના આ જ અંકમાં પ્રકટ થએલા. તેની એક વાનગી: 'હું તારી આગળ અક્કડ ઊભો રહું છું એનો અર્થ એમ નથી કે હું ગર્વિષ્ઠ છું; પણ જો હું તને નમીને પ્રણામ કરવા જાઉં તો તારું મુખકમળ મારી દૃષ્ટિમર્યાદામાંથી ખસી જાય.'...'કોણ કહે છે કે હું કવિ છું? હું તો માત્ર મારી મા મને જે હાલરડાં ગાય છે તેનું અનુકરણ કરું છું.'

**અં**ગ્રેજોમાં કોઈને ઘેર જતાં કે કોઇને મળતી વેળા ટોપી ઉતારવાનો રિવાજ શાથી પડ્યો તે દર્શાવતો આ ફકરો રસમય છે: એ રિવાજ જૂના વખતથી ચાલતી એક રૂઢી ઉપરથી પડ્યો છે. પહેલાંના વખતમાં કોઈ અંગ્રેજ સરદાર કોઇને ત્યાં મહેમાન થઇને જતો, ત્યારે માથા પરથી ટોપી ઉતારતો. આથી તે એમ જણાવતો કે હું મારી તલવારને બળે નહિ, પણ યજમાનના ભરોસા ઉપર છું. ત્યારથી એ લોકોમાં–ખાસ કરીને સ્ત્રીઓ આગળ–ટોપી ઉતારવાનો ચાલ પડ્યો છે.

# કોથળી મુબારક!

કુમાર ઉપર આવતી કોથળી માટેના કાગળોની તંગીને કારણે વચ્ચે અમારે એ બંધ કરી નાના કાગળોમાં વીંટીને કુમાર' મોકલવું પડેલું ત્યારે, ઓહોહો, કેટલા બધા વિરોધના કાગળો આવેલા! ને ગ્રાહકોની વાત પણ સાચી હતી: કોથળી વિના તેનું મુખ્ય આકર્ષણ અને મોઘું ધન જે ચિત્રો, તેનો ચોળાઇનો ચૂંથો થઇ જતો હતો. કેટલાકે તો અમને ત્યાં સુધી લખેલું કે લવાજમમાં થોડો વધારો કરીને પણ અમારે કોથળી તો ચાલુ રાખવી જ! અલબત્ત, એવું કશું કર્યા વિના જ અમે વહેલામાં વહેલી તકે ફરી કોથળી ચાલુ કરી દીધી. પણ અમારી એક નવાઈના કારણની આજલગી અમને ખબર પડી નથી: જે કોથળી માટે સૌ આટલા આતુર હતા (કુમારના સંરક્ષણનું કાર્ય બજાવ્યા પછી પણ એ બીજા અનેક ઉપયોગમાં આવતી હોઈ લોકો એને કાળજીપૂર્વક સાચવી રાખે છે.) એ જ કોથળી ઉપર, નામ-સરનામાને બરોબર મથાળે, પોતાનો ગ્રાહક નંબર લખેલો હોય છે, એ યાદ રાખવાની અને દરેક પત્રવ્યવહાર વખતે તે અમને લખી જણાવવાની જરા સરખી તકલિફ પણ લોકો કેમ નહિ લેતા હોય? એટલી નાની સરખી આપની તસ્દી તો અમારી મોટી જહેમત બચાવી દે છે: હજારોના સમુદાયમાંથી આપનું નામ શોધી કાઢવાની. તો કૃપા કરીને, આ વાંચીને તરત, પેલી ઊંચે મૂકી રાખેલી કોથળી પરનો નંબર લવાજમ બાબતના આપના નિર્ણય સાથે લખી જણાવશો? આભાર–ઘણો આભાર. અને હવે આપની કોથળી આપને મુબારક!

# સંકેત-લિપિઓ

લેખક
કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમા

ગુપ્ત સંદેશાઓ મોકલવા માટેની જે વિવિધ પદ્ધતિઓ પ્રાચીન કાળમાં પ્રચલિત હતી તે પૈકી બે કરપલ્લવી ને ધ્વજ-સંદેશ આપણે અગાઉના હપતાગાં જોઇ ગયા. ત્રીજી દુંદુભિ-સંદેશ, એટલેકે ઢોલ મારફતે સદેશો મોકલવાની પદ્ધતિ સમજીએ તે પહેલાં આધુનિક કાળમાં દુનિયાભરમાં પ્રચલિત ટેલીગ્રાફ-ની–તારની લિપિનો પરિચય પણ મેળવી લઇએ. દુંદુભિ-સંદેશાની સંજ્ઞાઓ લગભગ એવી હોવાથી એ સમજવી આથી સરળ પણ પડશે.

જેણે તાર ઑફિસ જોઈ હશે તેમણે ત્યાંના ટેબલ ઉપરનાં નાનાં વીજળિક યંત્રો ઉપરનો એક પિત્તળનો દાંડો દબાવીને તેમાંથી કડ-કડાટ કરતા અવાજો નીકળતા સાંભળ્યા હશે. એ કડકડાટ એ જ તાર-ટેલીગ્રાફની સંકેત-લિપિ.

તેમાં દાંડાની ઠેસીને દબાવીને તરત મૂકી દેવાથી 'કડ' એવો અવાજ નીકળે; અને દબાવીને થોડી વાર રહીને પછી મૂકી દેવાથી 'કટ' અવાજ નીકળે છે. આ 'કડ' અને 'કટ' એ બે અવાજોને આડા-અવળા, ઉલટાસુલટા અને વિવિધ સંખ્યાઓમાં ગોઠવીને ABCDની રોમન લિપિના બધા અક્ષરો, અંકો વગેરેના સંકેતો યોજ્યા છે. તેને લખાણથી સમજવા માટે 'કડ' અવાજને માટે · આવું ટપકું, અને 'ક...ટ' અવાજને માટે — આવી આડી લીટી યોજવામાં આવી છે. એક 'ક ..ટ' એટલે ત્રણ 'કડ', એ રીતે તેમના અવાજના સમયનું માપ ગણેલું છે. એ આખી લિપિ નીચે મુજબ છે:

| | | |
|---|---|---|
| A | · — | કડ ક..ટ |
| B | — · · · | ક...ટ કડ કડ કડ |
| C | — · — · | ક...ટ કડ ક...ટ કડ |
| CH | — — — — | ક...ટ ક...ટ ક...ટ ક...ટ |
| D | — · · | ક...ટ કડ કડ |
| E | · | કડ |
| F | · · — · | કડ કડ ક...ટ કડ |
| G | — — · | ક...ટ ક...ટ કડ |
| H | · · · · | કડ કડ કડ કડ |
| I | · · | કડ કડ |
| J | · — — — | કડ ક...ટ ક...ટ ક...ટ |
| K | — · — | ક...ટ કડ ક...ટ |
| L | · — · · | કડ ક...ટ કડ કડ |
| M | — — | ક...ટ ક...ટ |
| N | — · | ક...ટ કડ |
| O | — — — | ક...ટ ક...ટ ક...ટ |
| Ō | — — — · | ક...ટ ક...ટ ક...ટ કડ |
| P | · — — · | કડ ક...ટ ક...ટ કડ |
| Q | — — · — | ક...ટ ક...ટ કડ ક...ટ |
| R | · — · | કડ ક...ટ કડ |
| S | · · · | કડ કડ કડ |
| T | — | ક...ટ |
| U | · · — | કડ કડ ક...ટ |
| V | · · ; — | કડ કડ કડ ક...ટ |
| W | · — — | કડ ક...ટ ક...ટ |
| X | — · · — | ક...ટ કડ કડ ક...ટ |
| Y | — · — — | ક...ટ કડ ક...ટ ક...ટ |
| Z | — — · · | ક...ટ ક...ટ કડ કડ |

અંકોની સંજ્ઞા

| | | |
|---|---|---|
| 1 | · — — — — | કડ ક...ટ ક...ટ ક...ટ ક...ટ |
| 2 | · · — — — | કડ કડ ક...ટ ક...ટ ક...ટ |
| 3 | · · · — — | કડ કડ કડ ક...ટ ક...ટ |
| 4 | · · · · — | કડ કડ કડ કડ ક...ટ |
| 5 | · · · · · | કડ કડ કડ કડ કડ |
| 6 | — · · · · | ક...ટ કડ કડ કડ કડ |
| 7 | — — · · · | ક...ટ ક...ટ કડ કડ કડ |
| 8 | — — — · · | ક...ટ ક...ટ ક...ટ કડ કડ |
| 9 | — — — — · | ક...ટ ક...ટ ક...ટ ક...ટ કડ |
| 0 | — — — — — | ક...ટ ક...ટ ક...ટ ક...ટ ક...ટ |

વિરામ ચિહ્નો અને બીજી સંજ્ઞાઓ

| | | |
|---|---|---|
| . | · — · — · — | કડ ક...ટ કડ ક...ટ કડ ક...ટ |
| , | — — · · — — | ક...ટ ક...ટ કડ કડ ક...ટ ક...ટ |
| ; | — · — · — · | ક...ટ કડ ક...ટ કડ ક...ટ કડ |
| : | — — — · · · | ક...ટ ક...ટ ક...ટ કડ કડ કડ |
| ? | · · — — · · | કડ કડ ક...ટ ક...ટ કડ કડ |
| ! | — — · · — — | ક...ટ ક...ટ કડ કડ ક...ટ ક...ટ |
| ' ' | · — — — — · | કડ ક...ટ ક...ટ ક...ટ ક...ટ કડ |
| — | — · · · · — | ક...ટ કડ કડ કડ કડ ક...ટ |
| " " | · — · · — · | કડ ક...ટ કડ કડ ક...ટ કડ |
| ખોટો અક્ષર | · · · · · · · · | કડ કડ કડ કડ કડ કડ કડ કડ |
| રાહ જુઓ | · — · · · | કડ ક...ટ કડ કડ કડ |
| સંદેશ પૂરો | · · — · — | કડ કડ ક...ટ કડ ક...ટ |
| (કૌંસ) | — · — — · — | ક...ટ કડ ક...ટ ક...ટ કડ ક...ટ |

તારની આ સંકેત-લિપિનો શોધક સૅમ્યુઅલ ફિન્લે મોર્સ નામે એક અમેરિકન હતો. તેના નામ પરથી એ લિપિ 'મોર્સ-કોડ'ના નામથી જાણીતી છે. એનું વિસ્તૃત ચરિત્ર 'કુમાર'ના એક ઘણા જૂના અંકમાં આવી પણ ગયું છે. ૧૭૯૧ની ૨૭મી એપ્રિલે તે જન્મેલો. ઇંગ્લંડમાં કળાનો અભ્યાસ કરી તેણે ન્યૂ યૉર્ક જઇને તસ્વીર-કલાકાર તરીકે ધંધો શરુ કર્યો. પણ નાનપણથી જ વિજ્ઞાનનો શૉખ હોવાથી વીજળીના કેટલાક અખતરાઓ કરતાં કરતાં તેને વીજળીની મદદથી સંદેશાઓ મોકલવાની શકયતા જણાઇ, એટલે મથામણ કરીને તેણે ઉપર જણાવ્યું તેવું 'કડ-ક...ટ'ના સંકેતો દ્વારા સંદેશો મોકલી શકે તેવું યંત્ર બનાવ્યું અને એ બે અવાજોમાં સંકેત-લિપિ યોજી કાઢી. તેના અખતરા તરીકે ઈ.૧૮૩૫માં તેણે ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં અરધા માઈલનો તારવ્યવહાર ચલાવી બતાવ્યો, એટલે અમેરિકન કૉંગ્રેસે ૧૮૪૩માં તેની આ શોધ માટે નાણાં મંજૂર કર્યાં અને બીજે વર્ષે વૉશિંગ્ટનથી બાલ્ટીમોર સુધીની તાર લાઈન નંખાઇ, તેમાં ઈ.૧૮૪૪ના મેની ૨૪મી તારીખે દુનિયાનો પહેલો તાર-સંદેશ નીચેના શબ્દો-માં ઊતર્યો : 'What hath God wrought ?' આજ એક સૈકામાં તો એ દુનિયાભરના દેશોમાં સર્વવ્યાપી સંકેત-લિપિ બની ગઈ છે. (ચાલુ)

# શ્રમશીલતાની પરાકાષ્ઠા સમી રમત

# મૅરથૉનની ૨૬ માઈલ દોડ

લેખક
વાસુદેવ ભટ્ટ


જરા વિચાર તો કરી જુઓ: એક-બે નહિ પણ છવ્વીસ માઈલની દોડ!

આનંદ આપતી કોઈ ફિલ્મ જોવા માટે પણ સતત બે-અઢી કલાક બેસી રહેતાં ઘણાને થાક લાગતો હશે, ત્યારે આ તો સવા ત્રણ કલાક સુધી સતત દોડ્યે જ રાખવાની વાત થઈ! કેટલાકને તો એ ગળે પણ નહિ ઊતરે, પણ એ 'હકીકત' છે કે આ દુનિયામાં, અને આપણા ગુજરાતમાં, એકીસાથે છવ્વીસ-છવ્વીસ માઇલ દોડનારા પડ્યા છે!

સમગ્ર દુનિયાનો મોટામાં મોટો ખેલકૂદ-ઉત્સવ તે વિશ્વ-ઑલિમ્પિક-ઉત્સવ. એ ઉત્સવમાં જેનો સમાવેશ કરવામાં આવેલો છે તે આ લાંબી દોડ (મૅરેથોન)નું પૂરું અંતર ૪૨,૧૯૫ મીટર એટલેકે ૨૬ માઈલ ને ૩૮૫ વાર હોય છે. એ અંતર દોડવા માટે ત્યાં તો થોકબંધ યુવાનો મેદાને પડે છે. ઑલિમ્પિક-ઉત્સવમાં એ જવાંમર્દોને દોડતા જોવા એ એક લહાવો ગણાય છે.

આ તો સમસ્ત દુનિયાના આંકની વાત થઈ; પણ ખુદ ગુજરાત અને અમદાવાદમાં પણ એ ૨૬ માઈલ દોડનારા પડ્યા છે એની સાબિતી તાજેતરમાં જ મળી.

ગઈ તા. ર૭મી નવેમ્બરે પરોઢિયે છ વાગ્યે અમદાવાદના વિખ્યાત કાંકરિયા તળાવને કાંઠે કેટલાક યુવાનોનું ટોળું જમા થયું હતું. સવારના સાડા છ વાગતાં સુધીમાં તો એક ઍમ્બ્યુલન્સ કાર, એક મોટર, એક મોટર-સાઇકલ અને આઠ-દસ સાઈકલો એ જગ્યાએ હાજર થઇ ગયાં. સાદ પડ્યો: 'છવ્વીસ માઇલ દોડના હરીફો તૈયાર થઈ જાય!' વારાફરતી ત્રણ યુવાનો બહાર આવ્યા. તેમને ઍમ્બ્યુલન્સ કારમાં બેસાડી એક ડૉક્ટરે તેમની શારીરિક પરીક્ષા કરી અને એ ત્રણેને દોડવા માટે લાયક ઠરાવ્યા. પોણા સાત વાગ્યે ફરી સાદ પડ્યો: 'દોડનારા હરીફ ભાઇઓ પ્રસ્થાન-રેખા ઉપર આવી જાય.'




૩ કલાકમાં સતત ૨૬ માઇલ દોડી પહેલા આવનાર
અરવિંદભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ

ત્રણે યુવાનો પ્રસ્થાન-રેખાએ આવી પહોંચ્યા. પ્રસ્થાનકારે (દોડ શરૂ કરાવનાર પંચે) દોડવાની સંજ્ઞા આપી, સમય નોંધનાર અધિકારીઓએ અટક-ઘડી (સ્ટૉપ-વૉચ) ચાલુ કરી અને દોડ શરુ થઇ.

આગળ, લાલ વાવટા સાથે એક મોટર 'પાયલટ-કાર' તરીકે નીકળી. તેની પાછળ ત્રણ દોડનારા અને તેમની સાથે બબ્બે સાઇકલિસ્ટો મોસંબીની થેલીઓ સાથે રસ્તે પડ્યા.

કાંકરિયા તળાવનાં બે ચક્કર પૂરાં થયાં. સવારમાં ફરવા આવેલા થોડાઘણા લોકો આશ્ચર્ય સાથે આ ખેલ જોઈ રહ્યા હતા. હરીફાઈના સંચાલકોને ખાતરી હતી કે બહુ લોકો જોવા આવવાના જ નથી, અને તેથી લોકો જો દોડનારા પાસે ના આવે તો દોડનારાને લોકો પાસે લઈ જવાનું નક્કી કર્યું હતું. આથી કાંકરિયાનાં બે ચક્કર લગાવ્યા બાદ દોડનારાનો માર્ગ મણિનગર તરફ આંકેલો. મુખ્ય માર્ગે મણિનગર સ્ટેશન પર પહોંચી બાજુના રસ્તેથી પાછા કાંકરિયે. ત્યાંથી રાયપુર દરવાજે થઈ આસ્તોડિયા માર્ગે વિક્ટોરિયા ગાર્ડન આગળથી લાલ દરવાજા અને ભદ્ર આવી, સીધા જાહેર રાજમાર્ગ ગાંધીરોડ પર. તે પૂરો કરી પાંચકૂવા દરવાજાની બહાર માધવબાગ પાસે થઈ, ગોમતીપુરના પૂલ પરથી સરસપુર ઊતરી, ત્યાંના દરવાજે હાથ દઈ, કાળુપુરનો પૂલ ઊતરીને પ્રેમદરવાજા, ઈદગા ચોકી અને ગિરધરનગરને માર્ગે શાહીબાગ. ત્યાંથી છેક કૅમ્પમાં સદરબજાર પાર કરી પાછા ભીમનાથ અને ત્યાંથી સાબરમતીના રેલવે પૂલ પાસે બૅરોનેટના બંગલા આગળ થઇ પોલીસ હેડ કવૉર્ટર્સ.

ત્યાંથી સીધા દિલ્હી દરવાજે થઈ શાહપુર દરવાજાને માર્ગે ગાંધીપૂલ વટાવી સ્વસ્તિક સોસાએટી પહોંચ્યા ત્યાં તો દિવસ ચડી ગયો હતો, પણ પેલા ત્રણ જણા હજી લેશમાત્ર થાકતા જણાતા




અમદાવાદ–મૅરૅથૉન શરતની દોડનો નકશો: જેની ૨૬ માઈલ દોડમાં અમદાવાદનાં બધાં જ અગત્યના સ્થળો આવરી લેવામાં આવ્યાં છે.

ન હતા. આદર્શ સોસાએટીથી સીધા પરિમલ સોસાએટીને રસ્તે મહાલક્ષ્મી ને પાલડી આગળ થઈ સરખેજ રોડ ઉપર ટાઉન હૉલ: ત્યાંથી એલિસ બ્રિજ ઊતરી, વિક્ટોરિયા ગાર્ડન આગળથી પાછા આસ્તોડિયા રોડ અને રાયપુર દરવાજે થઇ કાંકરિયાને રસ્તે.

આટલું વાંચતાં કદાચ તમને થાક લાગ્યો હોય તો ભલે, પણ પેલા દોડનારા થાકી જાય તેમ નહોતા. પારસી અગિયારી પાસે દોરેલી વિજય-રેખા તેમની જ રાહ જોતી હતી. અને આ વીરોએ તેને વટાવી ત્યારે જ પરસ્પરને સંતોષ થયો.


જગતની ૨૬ માઈલ દોડમાં ઊતરે છે તો ઘણા, પણ ઊતરે તેટલા બધા જ કાંઇ દોડ પૂરી કરી શકતા નથી. ને જેઓ પૂરી કરે છે તેમાંથી ઘણાને તો તરત જ તબીબી સારવાર આપવી પડે છે. પણ આપણે ગૌરવ લેવા જેવી વાત તો એ છે કે અમદાવાદના આ ત્રણ દોડવીરોને કાંઇ પણ સારવારની જરૂર નથી પડી. દોડ પૂરી કર્યા પછી સ્વાભાવિક શ્રમ બાદ કરતાં તેઓ પૂરા સ્વસ્થ હતા. સેન્ટ જ્હૉન ઍમ્બ્યુલન્સ બ્રિગેડ તરફથી સારવાર માટે જે સારી વ્યવસ્થા કરવામાં આવી હતી તે પણ તેમણે બીન-ઉપયોગી ઠરાવી. અલબત્ત, આટલી દોડ દરમિયાન તેમને ખોરાક-પાણીની જરૂર પડે જ, અને તેથી સ્થાનિક ઑલિમ્પિક સંસ્થા તરફથી કરવામાં આવેલી વ્યવસ્થા પ્રમાણે તેમણે દોડ દરમિયાન મોસંબી અને કૉફી લીધાં હતાં.

પ્રથમ આવનાર દોડ-વીર હતા ભાઈ અરવિંદભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ. મિલના સાંચા ચલાવનાર એ કારીગરનું શરીર તેમની વીરતાનો પુરાવો જરા યે આપી શકે તેવું નથી. તમને તે રસ્તામાં મળે તો તમે સ્વપ્ને પણ ખ્યાલ ન કરી શકો કે તે સતત સવા ત્રણ કલાક સુધી દોડી ૨૬ માઈલનું અંતર પાર કરી શક્યા હશે!

બીજા ભાઇ છે એક ડૉક્ટર. તેમનું નામ છે ડૉ. વી. એલિયટ. ૩૫ વર્ષના એ ડૉક્ટરને બહુ નાનપણથી જ દોડવાનો નાદ લાગેલો છે. નથી પહેલવાન જેવું બદન, તેમ નથી એક સામાન્ય માણસ જેટલી પણ ઊંચાઈ. છતાં થનગનતા પગવાળો એ યુવાન ઇ.૧૯૩૬ માં શરુ કરી આજ સુધીમાં ૨૬ માઇલ દોડની શરત ૧૧ વાર દોડ્યો છે, જેમાંની પાંચ તો અખિલ હિંદ ઑલિમ્પિક ઉત્સવના આશરા નીચે દોડાએલી છે. સામાન્યરીતે જગતમાં કોઇ પણ દોડ-વીર ચારપાંચથી વધારે વાર આ શરત દોડી શકતો નથી. પણ આ યુવાન ૧૧ વાર દોડ્યા છતાં આશા રાખે છે કે તે ૪૦ વરસની ઉમરે ૪૦ માઈલની દોડ દોડી બતાવશે!

એ તો થાય ત્યારે ખરું. પણ છવ્વીસ વર્ષની ઉંમરે છવ્વીસ માઇલની દોડ જેણે દોડી બતાવી, તે છે ત્રીજે નંબરે આવનાર ભાઇ રમણલાલ નાગરજી મહેતા. ઊંચુ, સપ્રમાણ ગૌર બદન, અને મોં પર રમતું સ્મિત તેમને પ્રતિભા આપે છે. કૉલેજના જુવાનો (!) જાણીને નવાઈ પામશે કે તેઓએ સેકન્ડ ક્લાસમાં પ્રથમ સ્થાન મેળવી

અમદાવાદ-મૅરેથૉનની ૨૬ માઈલ દોડમાં અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે આવનાર બે દોડવીરો: ડૉ. વી. એલિયટ (જમણી તરફ) તથા શ્રી રમણલાલ નાગરજી મહેતા (ડાબી બાજુ, ઊંચા છે તે) જેઓ એમ. એ. હોઈ પુરાતત્વના અભ્યાસી છે ને પી. એચ. ડી. ની તૈયારીઓ કરે છે.



અમદાવાદના ખાડિયા લત્તામાંથી મૅરેથૉન દોડતા ઉપરના બંને હરીફો

એમ. એ. ની પરીક્ષા પસાર કરી છે અને પીએચ. ડી. ની તૈયારી કરી રહ્યા છે. તેમણે ભારત-સરકાર-સંચાલિત સ્થાપત્ય-શાળાની તાલીમ મેળવી છે, અને પુરાતત્ત્વ સંશોધન તથા પ્રાચીન કળાઓમાં સારો રસ ધરાવીને કાર્ય પણ કરેલું છે. હાલમાં તેઓ અમદાવાદના કૅલિકો મ્યૂઝિયમ ઑવ ટેક્સટાઈલ્સમાં ક્યૂરેટર તરીકે કામ કરી રહ્યા છે. ઇ. ૧૯૪૪-૪૫માં ગુજરાત-સૌરાષ્ટ્રની આંતર-કૉલેજ હરીફાઇમાં તેઓ 'ચેમ્પિયન' થયા હતા, એ પણ તેમની શારીરિક સંપત્તિનું સૂચક છે. આવા યુવાનો આપણા શહેર અને પ્રાંતમાં છે એ આપણાં સદ્ભાગ્ય છે.

પણ આપણાં દુર્ભાગ્ય યે છે કે તેમની શક્તિ તેઓ જ્યાં પ્રદર્શિત કરે છે તે રમતગમતના મેદાન તરફ આપણી નજર જ નથી ઊઘડી. આપણા જનસમુદાયમાં અને એ જનસમુદાયને દોરનાર આપણા આગેવાનો, નેતાઓ અને અખબારોમાં આ નજર જલદી આવે તેવી આશા ખોટી તો નહિ જ પડે ને?

## અંગ્રેજી ભાષાનું સામ્રાજ્ય

મારા નાનકડા જ્ઞાનભંડારમાંથી અંગ્રેજીનો બહિષ્કાર કદી થનાર નથી. હું એ ભાષા ભૂલવા માગતો નથી. બધા ભારતીય જનો એને છોડે અથવા ભૂલે એવું પણ હું ઈચ્છતો નથી. માત્ર મારો આગ્રહ એટલો જ છે કે એને યોગ્ય હોય તેના કરતાં વધારે સ્થાન ન મળે અથવા એને આપણી કેળવણીનું માધ્યમ બનાવવામાં ન આવે. એને કેળવણીનું માધ્યમ બનાવી આપણે આપણી ભાષાઓને કંગાળ બનાવી. એથી વિદ્યાર્થીઓ પર આપણે ભારે બોજો નાખ્યો. મારી સમજ પ્રમાણે હિંદની બહાર આવું કરુણ દૃશ્ય ક્યાંય જોવા નહિ મળે. ભાષાની આ ગુલામીથી આપણા કરોડો લોકો વરસો સુધી જ્ઞાનથી વંચિત રહ્યા છે. આ વાતની આપણને નથી શરમ લાગતી, નથી પસ્તાવો થતો. આ કંઈ નાની વાત છે? આ બધું જાણવા છતાં હું અંગ્રેજી ભાષાના બહિષ્કારની વાત સહી શકતો નથી. જેમ તામિલ વગેરે પ્રાંતિક ભાષા છે ને હિન્દુસ્તાની રાષ્ટ્રભાષા છે તેવી જ રીતે અંગ્રેજી વિશ્વભાષા છે—જગતની ભાષા છે, એ વાતનો કોઇથી ઇન્કાર થઈ શકે તેમ નથી. અંગ્રેજોનું સામ્રાજ્ય દોષવાળું હતું ને તેથી જવા બેઠું, પણ અંગ્રેજી ભાષાનું સામ્રાજ્ય કદી નાશ પામવાનું નથી.—ગાંધીજી

# પ્રાચીન નાટ્યશાસ્ત્ર
# સ્ત્રી-પુરુષ-પ્રકૃતિ

**તથા તેની અનુષંગી અન્ય કળાઓનો પરિચય આપતી લેખમાળા — લેખક — હપતો ૪૦મો**

**યોગેન્દ્ર પ્રિયદર્શી**

**જગતનાં** પ્રાણીમાત્ર-અર્થાત્ મનુષ્ય, પશુ, પંખી વગેરે જીવો નર તથા નારી એવા બે ભાગમાં વહેંચાએલાં છે. મનુષ્ય જાતિના આ બે ભેદોને સ્ત્રી તથા પુરુષ કહે છે. એ તો આપણે જાણીએ છીએ. સ્ત્રી પુરુષ વચ્ચેનો ભેદ પ્રાચીન નાટ્યશાસ્ત્રમાં તેમના આટલા પ્રાકૃતિક ગુણો દ્વારા દર્શાવ્યો છે.

**સ્ત્રી-ગુણ:** કોમળતા, માર્દવ, સુંદરતા વગેરે સ્ત્રીઓનો ગુણ છે. વળી સહનશીલતા તથા સ્વાર્પણ (આત્મ-સમર્પણ) સ્ત્રીઓના મુખ્ય ગુણ ગણાયા છે

**પુરુષ-ગુણ:** વીરત્વ, બળ, સાહસિકતા, સ્પર્ધા, ઔદાર્ય, અહંકાર તથા ગૌરવ વગેરે પુરુષોના ગુણ કહ્યા છે. ટૂંકમાં સર્વ પ્રકારની સુકુમારતાને સ્ત્રીઓના ગુણ અને સર્વ પ્રકારની ખડતલતાને પુરુષોના ગુણ કહ્યા છે. બીજી રીતે કહેતાં તો રૂપ તથા શીલને સ્ત્રીઓનું ભૂષણ કહ્યું છે તથા વીરત્વ અને સ્પર્ધાને પુરુષોનું ભૂષણ કહ્યું છે.

જગતનાં પ્રાણીમાત્ર જેમ બે વિભાગમાં વહેંચાએલાં છે તેમ જગતની વસ્તુમાત્ર ઉત્તમ, મધ્યમ તથા અધમ એવા ત્રણ વિભાગમાં વહેંચાએલી છે. આ ત્રિભાગીકરણ સત્ત્વ, રજસ તથા તમસ નામનાં ત્રણ તત્ત્વોને અનુષંગીને થએલું છે. આ ત્રણ તત્ત્વો સૃષ્ટિમાં સર્વત્ર પથરાએલાં છે આથી જ સૃષ્ટિ સત્ત્વ, રજસ તથા તમસ એવા ત્રણ તત્ત્વોમાંથી બનેલી કહેવાય છે.

આથી દરેક વસ્તુની જેમ મનુષ્યપ્રકૃતિના પણ સાત્ત્વિક, રાજસિક તથા તામસિક એવા ત્રણ ભેદ કરેલા છે. (૧) શાંતરસપ્રધાન કારુણ્યમય અને સ્થિરમૂર્તિને સાત્ત્વિક કે સત્ત્વગુણી જણાવ્યો છે; (૨) વીરરસપ્રધાન, અનુરાગમય ગૌરવમૂર્તિને રાજસિક કે રજોગુણી જણાવ્યો છે; અને (૩) રૌદ્રરસપ્રધાન, કટુસ્વભાવી ચંડમૂર્તિને તામસિક કે તમોગુણી જણાવ્યો છે.

જગતના સર્જક, પાલક તથા સંહારક તરીકે ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિપુટી વસ્તુતઃ આ ત્રણ તત્ત્વોના આવિષ્કરણ કે પ્રતિનિધિ રૂપ છે. સામાન્ય રીતે મનુષ્યજાતિમાં બ્રાહ્મણ સાત્ત્વિક, ક્ષત્રિય રાજસીક તથા ચાંડાલને તામસિક ગણાય છે. વળી સાત્ત્વિક પુરુષ ત્યાગી, રાજસિક પુરુષ ભોગી તથા તામસિક પુરુષ ઉદ્યોગી હોય છે.

આ સાત્ત્વિક, રાજસિક તથા તામસિક પ્રકૃતિવાળાને સામાન્ય વ્યવહારમાં આપણે ઉત્તમ, મધ્યમ તથા અધમ માણસો તરીકે ઓળખીએ છીએ. અર્થાત ઉપર કહ્યું તેમ આ ઉત્તમ, મધ્યમ ને અધમના ભેદો ઉપરના આ ગુણોને આધારે જ પાડવામાં આવેલા છે. શાસ્ત્રમાં તેમનાં લક્ષણો પણ આપ્યાં છે.

**ઉત્તમ પુરુષ:** ગાંભીર્ય, ધૈર્ય, કારુણ્ય, ઔદાર્ય, દાક્ષિણ્ય, ત્યાગ વગેરે ગુણોયુક્ત જીતેન્દ્રિય પુરુષ. વળી નાના શાસ્ત્રસંપન્ન (વિવિધ શાસ્ત્રો ભણેલો), વિવિધ કલાઓ તથા ધર્માધર્મ સમજવામાં વિચક્ષણ, તેમજ સ્વભાવ તથા આચરણમાં શ્રેષ્ઠ હોય તે.

**મધ્યમ પુરુષ:** મધુર, જ્ઞાનસંપન્ન, લોકાચારને જાણનાર તથા મધ્યમ પ્રકૃતિના ગુણોવાળો.

**અધમ પુરુષ:** દુઃશીલ (ખરાબ સ્વભાવવાળો), દુરાચારી (ખરાબ આચરણવાળો), કુસત્વા (બાયલો) અલ્પબુદ્ધિ, ક્રોધી, કૃતઘ્ની, ઘાતકી, રુક્ષ-વચની, ઉદ્ધત, અભિમાની, સ્ત્રીલોલા (લંપટ), વ્યસની, કલહપ્રિય (કજિયાખોર), ચાડિયો, પાપકર્મી, અન્યનું પડાવી લેવાની દાનતવાળો વિગેરે સર્વ દુર્ગુણસંપન્ન.

એ જ રીતે સ્ત્રીની ત્રણ પ્રકૃતિ નીચે મુજબ છે:

**ઉત્તમા:** ઉત્તમ ગુણ, શીલ તથા કુળવાળી સ્ત્રી, જે મૃદુસ્વભાવી, સસ્મિતા, ચપલા (ચતુર), પરિમિતા (મર્યાદાવાળી), દક્ષા (ડાહી), સલજ્જ (લજ્જાયુક્ત), વિનયાન્વિતા (વિનયશીલ), ગંભીરા, ધૈર્યા (ધીરજવાળી) તથા રૂપમાધુર્યા હોય તે. ઉપરાંત નીચેના ગુણોવાળી સ્ત્રીને પણ ઉત્તમા કહી છે. શાંત સ્વભાવા, (અપ્રિય થવા છતાં જે શાંત રહે કે રોષમાં પણ મૌન રહે – ક્રોધ પામે નહિ તેવી સ્ત્રી), કાર્ય-કાલ-વિશેષજ્ઞા (કાર્યને સમજનારી તથા સમય અનુસાર ચાલનારી), કલાશિલ્પ-વિશારદા (કલા-વિષયોમાં પ્રવીણ) તથા ઉત્તમ કુળ તેમજ ધનવાળા પણ જેની કામના કરે તેવી સ્ત્રી.

**મધ્યમા:** બહુ ઉત્કૃષ્ટ નહિ કે બહુ નિકૃષ્ટ નહિ તેવા મધ્યમ પ્રકારના સ્વભાવ તથા ગુણોવાળી સ્ત્રી. વળી પુરુષની કામના કરનાર તથા પુરુષ જેની કામના કરે તેવી, કામોપચારકુશલા સ્ત્રીને પણ મધ્યમા કહી છે. તેને પ્રતિપક્ષની ઈર્ષ્યા કરનારી તેમજ ઘડીમાં કોપાયમાન તથા ઘડીમાં પ્રસન્ન થનારી (ક્ષણક્રોધાક્ષણપ્રસાદા) પણ જણાવી છે.

**અધમા:** રૂક્ષા (વાણી વર્તન તથા દેખાવમાં કર્કશ), અસ્થાનમાં હસનારી, ઉતાવળે ચાલનારી, ઉદ્ધત, ક્રોધી, ક્રૂર સ્વભાવવાળી તથા અધમ પુરુષોનાં અન્ય સર્વ લક્ષણોયુક્ત સ્ત્રીને અધમા કહી છે. આ ઉપરાંત તેમાં અન્ય લક્ષણો પણ કહ્યાં છે: જેમકે અતિ માનિની (અતિ માનવાળી), પરુષા (દુષ્ટ વચનો બોલનારી), દીર્ઘરોષા (લાંબો સમય રોષ રાખનારી) તથા કારણ વગર ક્રોધ કરનારી વગેરે.

આવતા હપતામાં આપણે સ્ત્રીસ્વભાવ અનુસાર સ્ત્રીઓના વિવિધ પ્રકારો જોઈશું.

---

## ઉનાળા કરતાં શિયાળામાં ટાઢ વધારે શાથી પડે છે?

ઘણા લોકો એમ માને છે કે ઉનાળા કરતાં શિયાળામાં સૂર્ય પૃથ્વીથી દૂર જવાથી શિયાળામાં ટાઢ પડે છે. પણ આ માન્યતા ખોટી છે. એથી ઊલટું શિયાળામાં તો સૂર્ય ઉનાળાના કરતાં પૃથ્વીની વધુ નજીક હોય છે. આમ છતાં તેમ થવાનું કારણ એ છે કે પૃથ્વીની ધરી સીધી ન હોઈ સહેજ વાંકી હોવાથી જુદાજુદા સમયે પૃથ્વીનો જુદોજુદો ભાગ સૂર્યની તરફ ઝૂકેલો હોય છે. ઉનાળા અને શિયાળામાં ઉષ્ણતામાનમાં ફરક થવાનું મુખ્ય કારણ છે જ્યાં સૂર્યનાં કિરણો ત્રાંસાં પડે છે ત્યાં ગરમી ઓછી હોય છે અને જ્યાં સીધાં પડે છે ત્યાં વધારે હોય છે. પૃથ્વીની ધરી વાંકી હોવાને કારણે વરસનો અરધો ભાગ ઉત્તર ગોળાર્ધનો ભાગ સૂર્ય તરફ ઝૂકેલો હોવાથી ત્યાં સૂર્યનાં કિરણો સીધાં પડે છે જેથી ત્યાં ઉનાળો હોય છે અને તે જ વખતે દક્ષિણ ગોળાર્ધમાં કિરણો ત્રાંસાં પડતાં હોવાથી ત્યાં શિયાળો હોય છે. વરસના બીજા અરધા ભાગમાં આથી ઉલટી સ્થિતિ હોય છે. જો પૃથ્વીની ધરી સીધી અને તેની મધ્યરેખાને કાટખૂણે હોત તો આ પ્રમાણે ન થતાં, ફક્ત વિષુવવૃત્ત આગળ કાયમ ઉનાળો રહેત અને બંને ધ્રુવ આગળ કાયમ શિયાળો હોત.

# પ્રાચીન નાટ્યશાસ્ત્ર — સ્ત્રી-પુરુષ-પ્રકૃતિ

**તથા તેની અનુષંગી અન્ય કળાઓનો પરિચય આપતી લેખમાળા** —— લેખક —— **હપતો ૪૦મો**

**યોગેન્દ્ર પ્રિયદર્શી**

**જગતનાં** પ્રાણીમાત્ર–અર્થાત્ મનુષ્ય, પશુ, પંખી વગેરે જીવો નર તથા નારી એવા બે ભાગમાં વહેંચાએલાં છે. મનુષ્ય જાતિના આ બે ભેદોને સ્ત્રી તથા પુરુષ કહે છે. એ તો આપણે જાણીએ છીએ. સ્ત્રી પુરુષ વચ્ચેનો ભેદ પ્રાચીન નાટ્યશાસ્ત્રમાં તેમના આટલા પ્રાકૃતિક ગુણો દ્વારા દર્શાવ્યો છે.

**સ્ત્રી-ગુણ:** કોમળતા, માર્દવ, સુંદરતા વગેરે સ્ત્રીઓનો ગુણ છે. વળી સહનશીલતા તથા સ્વાર્પણ (આત્મ-સમર્પણ) સ્ત્રીઓના મુખ્ય ગુણ ગણાયા છે.

**પુરુષ-ગુણ:** વીરત્વ, બળ, સાહસિકતા, સ્પર્ધા, ઔદાર્ય, અહંકાર તથા ગૌરવ વગેરે પુરુષોના ગુણ કહ્યા છે. ટૂંકમાં સર્વ પ્રકારની સુકુમારતાને સ્ત્રીઓના ગુણ અને સર્વ પ્રકારની ખડતલતાને પુરુષોના ગુણ કહ્યા છે. બીજી રીતે કહેતાં તો રૂપ તથા શીલને સ્ત્રીઓનું ભૂષણ કહ્યું છે તથા વીરત્વ અને સ્પર્ધાને પુરુષોનું ભૂષણ કહ્યું છે.

જગતનાં પ્રાણીમાત્ર જેમ બે વિભાગમાં વહેંચાએલાં છે તેમ જગતની વસ્તુમાત્ર ઉત્તમ, મધ્યમ તથા અધમ એવા ત્રણ વિભાગમાં વહેંચાએલી છે. આ ત્રિભાગીકરણ સત્ત્વ, રજસ તથા તમસ નામનાં ત્રણ તત્ત્વોને અનુષંગીને થએલું છે. આ ત્રણ તત્ત્વો સૃષ્ટિમાં સર્વત્ર પથરાએલાં છે આથી જ સૃષ્ટિ સત્ત્વ, રજસ તથા તમસ એવા ત્રણ તત્ત્વોમાંથી બનેલી કહેવાય છે.

આથી દરેક વસ્તુની જેમ મનુષ્યપ્રકૃતિના પણ સાત્ત્વિક, રાજસિક તથા તામસિક એવા ત્રણ ભેદ કરેલા છે. (૧) શાંતરસપ્રધાન કારુણ્યમય અને સ્થિરમૂર્તિને સાત્ત્વિક કે સત્ત્વગુણી જણાવ્યો છે; (૨) વીરરસપ્રધાન, અનુરાગમય ગૌરવમૂર્તિને રાજસિક કે રજોગુણી જણાવ્યો છે; અને (૩) રૌદ્રરસપ્રધાન, કટુસ્વભાવી ચંડમૂર્તિને તામસિક કે તમોગુણી જણાવ્યો છે.

જગતના સર્જક, પાલક તથા સંહારક તરીકે ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિપુટી વસ્તુતઃ આ ત્રણ તત્ત્વોના આવિષ્કરણ કે પ્રતિનિધિ રૂપ છે. સામાન્ય રીતે મનુષ્યજાતિમાં બ્રાહ્મણ સાત્ત્વિક, ક્ષત્રિયરાજસીકતથાચાંડાલનેતામસિક ગણાય છે. વળીસાત્ત્વિકપુરુષ ત્યાગી, રાજસિક પુરુષ ભોગી તથા તામસિક પુરુષ ઉદ્યોગી હોય છે.

આ સાત્ત્વિક, રાજસિક તથા તામસિક પ્રકૃતિવાળાને સામાન્ય વ્યવહારમાં આપણે ઉત્તમ, મધ્યમ તથા અધમ માણસો તરીકે ઓળખીએ છીએ. અર્થાત ઉપર કહ્યું તેમ આ ઉત્તમ, મધ્યમ ને અધમના ભેદો ઉપરના આ ગુણોને આધારે જ પાડવામાં આવેલા છે. શાસ્ત્રમાં તેમનાં લક્ષણો પણ આપ્યાં છે.

**ઉત્તમ પુરુષ:** ગાંભીર્ય, ધૈર્ય, કારુણ્ય, ઔદાર્ય, દાક્ષિણ્ય, ત્યાગ વગેરે ગુણોયુક્ત જીતેન્દ્રિય પુરુષ. વળી નાના શાસ્ત્રસંપન્ન (વિવિધ શાસ્ત્રો ભણેલો), વિવિધ કલાઓ તથા ધર્માધર્મ સમજવામાં વિચક્ષણ, તેમજ સ્વભાવ તથા આચરણમાં શ્રેષ્ઠ હોય તે.

**મધ્યમ પુરુષ:** મધુર, જ્ઞાનસંપન્ન, લોકાચારને જાણનાર તથા મધ્યમ પ્રકૃતિના ગુણોવાળો.

**અધમ પુરુષ:** દુઃશીલ (ખરાબ સ્વભાવવાળો), દુરાચારી (ખરાબ આચરણવાળો), કુસત્વા (બાયલો) અલ્પબુદ્ધિ, ક્રોધી, કૃતઘ્ની, ઘાતકી, રુક્ષ-વચની, ઉદ્ધત, અભિમાની, સ્ત્રીલોલા (લંપટ), વ્યસની, કલહપ્રિય (કજિયાખોર), ચાડિયો, પાપકર્મી, અન્યનું પડાવી લેવાની દાનતવાળો વિગેરે સર્વ દુર્ગુણસંપન્ન.

એ જ રીતે સ્ત્રીની ત્રણ પ્રકૃતિ નીચે મુજબ છે:

**ઉત્તમા:** ઉત્તમ ગુણ, શીલ તથા કુળવાળી સ્ત્રી, જે મૃદુસ્વભાવી. સસ્મિતા, ચપલા (ચતુર), પરિમિતા (મર્યાદાવાળી), દક્ષા (ડાહી), સલજ્જ (લજ્જાયુક્ત), વિનયાન્વિતા (વિનયશીલ), ગંભીરા, ધૈર્યા (ધીરજવાળી) તથા રૂપમાધુર્યા હોય તે. ઉપરાંત નીચેના ગુણોવાળી સ્ત્રીને પણ ઉત્તમા કહી છે. શાંત સ્વભાવા, (અપ્રિય થવા છતાં જે શાંત રહે કે રોષમાં પણ મૌન રહે – ક્રોધ પામે નહિ તેવી સ્ત્રી), કાર્ય-કાલ-વિશેષજ્ઞા (કાર્યને સમજનારી તથા સમય અનુસાર ચાલનારી), કલાશિલ્પ-વિશારદા (કલા-વિષયોમાં પ્રવીણ) તથા ઉત્તમ કુળ તેમજ ધનવાળા પણ જેની કામના કરે તેવી સ્ત્રી.

**મધ્યમા:** બહુ ઉત્કૃષ્ટ નહિ કે બહુ નિકૃષ્ટ નહિ તેવા મધ્યમ પ્રકારના સ્વભાવ તથા ગુણોવાળી સ્ત્રી. વળી પુરુષની કામના કરનાર તથા પુરુષ જેની કામના કરે તેવી, કામોપચારકુશલા સ્ત્રીને પણ મધ્યમા કહી છે. તેને પ્રતિપક્ષની ઈર્ષ્યા કરનારી તેમજ ઘડીમાં કોપાયમાન તથા ઘડીમાં પ્રસન્ન થનારી (ક્ષણક્રોધાક્ષણપ્રસાદા) પણ જણાવી છે.

**અધમા:** રૂક્ષા (વાણી વર્તન તથા દેખાવમાં કર્કશ), અસ્થાનમાં હસનારી, ઉતાવળે ચાલનારી, ઉદ્ધત, ક્રોધી, ક્રૂર સ્વભાવવાળી તથા અધમ પુરુષોનાં અન્ય સર્વ લક્ષણોયુક્ત સ્ત્રીને અધમા કહી છે. આ ઉપરાંત તેમાં અન્ય લક્ષણો પણ કહ્યાં છે: જેમકે અતિમાનિની (અતિ માનવાળી), પરુષા (દુષ્ટ વચનો બોલનારી), દીર્ઘરોષા (લાંબો સમય રોષ રાખનારી) તથા કારણ વગર ક્રોધ કરનારી વગેરે.

આવતા હપતામાં આપણે સ્ત્રીસ્વભાવ અનુસાર સ્ત્રીઓના વિવિધ પ્રકારો જોઈશું.

---

## ઉનાળા કરતાં શિયાળામાં ટાઢ વધારે શાથી પડે છે?

ઘણા લોકો એમ માને છે કે ઉનાળા કરતાં શિયાળામાં સૂર્ય પૃથ્વીથી દૂર જવાથી શિયાળામાં ટાઢ પડે છે. પણ આ માન્યતા ખોટી છે. એથી ઊલટું શિયાળામાં તો સૂર્ય ઉનાળાના કરતાં પૃથ્વીની વધુ નજીક હોય છે. આમ છતાં તેમ થવાનું કારણ એ છે કે પૃથ્વીની ધરી સીધી ન હોઈ સહેજ વાંકી હોવાથી જુદાજુદા સમયે પૃથ્વીનો જુદોજુદો ભાગ સૂર્યની તરફ ઝૂકેલો હોય છે. ઉનાળા અને શિયાળામાં ઉષ્ણતામાનમાં ફરક થવાનું મુખ્ય કારણ છે જ્યાં સૂર્યનાં કિરણો ત્રાંસાં પડે છે ત્યાં ગરમી ઓછી હોય છે અને જ્યાં સીધાં પડે છે ત્યાં વધારે હોય છે. પૃથ્વીની ધરી વાંકી હોવાને કારણે વરસનો અરધો ભાગ ઉત્તર ગોળાર્ધનો ભાગ સૂર્ય તરફ ઝૂકેલો હોવાથી ત્યાં સૂર્યનાં કિરણો સીધાં પડે છે જેથી ત્યાં ઉનાળો હોય છે અને તે જ વખતે દક્ષિણ ગોળાર્ધમાં કિરણો ત્રાંસાં પડતાં હોવાથી ત્યાં શિયાળો હોય છે. વરસના બીજા અરધા ભાગમાં આથી ઉલટી સ્થિતિ હોય છે. જો પૃથ્વીની ધરી સીધી અને તેની મધ્યરેખાને કાટખૂણે હોત તો આ પ્રમાણે ન થતાં, ફક્ત વિષુવવૃત્ત આગળ કાયમ ઉનાળો રહેત અને બંને ધ્રુવ આગળ કાયમ શિયાળો હોત.

# ટિકિટ-સંગ્રહ

## આ યુગનો એ સંસારવ્યાપી શૉખ

કેમ ફેલાવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ






જેનું વર્ણન નીચેની ટિકિટો સાથે આપ્યું છે તે ભાવલપુર રાજ્યની સિલ્વર જ્યુબિલી ટિકિટો પૈકીની એક










### ભારત-પ્રજાસત્તાકની નવી ટિકિટો

આવતી તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત-પ્રજાસત્તાકની ઘોષણા થઈને નવું બંધારણ અમલમાં આવશે તે પ્રસંગને સ્મરણાંકિત કરવા હિંદના ટપાલખાતા તરફથી જે નવી ટીકીટો બહાર પડનારી છે તેનું દર્શન ઉપર આપ્યું છે. એમાં બે આનાની ટિકિટ ઉપર લોકોના આનંદોત્સવના, ૩½ આનાવાળી ઉપર જ્ઞાન અને સંસ્કારપ્રચારના, ૪ આનાવાળી ટિકિટ ઉપર કૃષિ-ઉન્નતિના અને ૧૨ આનાવાળી ટિકિટ ઉપર ગૃહઉદ્યોગના પ્રતીક રૂપ આલેખનો છે.

ગયા અંકથી અહીં સુધી આપણે ટિકિટો ઉખેડવાની, તેને સાફ કરવાની તથા તેની અખંડિતતા અને કુદરતીપણું જાળવી રાખવાની વાત કરી. પણ કેટલીક ટિકિટોને ઉખેડ્યા વિના તેના અસલ કાગળ ઉપર રહેવા દેવામાં જ તેમનું મૂલ્ય હોય છે. દાખલા તરીકે કોઈ ખાસ પ્રસંગને માટેની પોસ્ટમાર્ક (જેવી ૩૧૦ અંકમાંની ગઆટની ટિકિટો ઉપર, તથા તેની પહેલાંના અંકમાંની સ્વાતંત્ર્ય દિનની ટિકિટો ઉપર આપી હતી તેવી) જો ટિકિટો ઉપર છપાઈ હોય તો તે પોસ્ટમાર્કની સંપૂર્ણ છાપ સાથે તેને એ કાગળ ઉપર જ રહેવા દેવી જોઈએ, કેમકે એમાં વિશિષ્ટતા રહેલી છે. એ જ રીતે ફર્સ્ટ-ડે કવર ઉપર આવેલી ટિકિટો પણ ઉખેડી ન લેતાં તેને કવર ઉપર જ રહેવા દેવી એ વધારે સારું છે. કેટલાક શિખાઉઓ મોટું કવર સંઘરવાની કડાકૂટથી બચવા માટે એ સ્પેશ્યલ પોસ્ટમાર્ક જેટલા ભાગ સાથે ગોળ કે લંબગોળ યા ચિત્રવિચિત્ર ઘાટમાં ટિકિટને કવર ઉપરથી કાતરી લે છે એ પણ બેહૂદું છે. બને ત્યાં સુધી કવરને જ આખું સાચવવું. વળી જે સંગ્રાહકને અત્યંત પુરાણા ને કીમતી જણાતાં કે વિરલ પાકીટો કે ફોલ્ડરો હાથ લાગે તેણે તેના પરથી પણ કોઈ અનુભવી ટિકિટ-સંગ્રાહકને પૂછ્યા વિના ટિકિટો ઉખેડી લેવી ખોટી છે; કેમકે એવી પુરાણી ચીજોમાંથી તો કોઈ અતિ વિરલ ને મૂલ્યવાન વસ્તુ મળી આવે. એટલે એવી ચીજો પણ અકબંધ રાખવી જ સારી.

ટિકિટોની પાછળ ચોંટેલા કાગળ ઉખેડીને સાફ કરવા માટે તેને પાણીમાં ઊંધી નાખતાં પહેલાં એટલું તપાસી જજો કે એમાંના કોઈ કાગળ ઉપર કૉપીઈંગ પેન્સિલથી લખાણ કે લીટા કરેલો ન હોવો જોઈએ; નહિતર એ રંગ પાણીમાં પડતાંવેંત પ્રસરીને બધી જ ટિકિટોને ખરાબ કરી મૂકશે. એ જ રીતે કેટલીક ટિકિટો ચાકનો ધૂંટો કરેલા કે મિશ્રણવાળા કાગળો ઉપર છાપેલી આવે છે. (ઑસ્ટ્રિયા અને ડચ ઈસ્ટ ઈન્ડીઝની તેમજ બીજા પણ કેટલાક મુલકોની ટિકિટોનો કાગળ એવો હોય છે.) એ કાગળ અત્યંત લીસો અને ચમકદાર સપાટી જેવો હોય છે, એટલે તરત પરખાઈ આવે છે. (શંકા પડે તો કોઈ અનુભવીને બતાવી જોવી અગર કૅટલગમાં તેની માહિતી આપેલી હોય છે તે જોઈ લેવી). એ પ્રકારના કાગળ પર છાપેલી ટિકિટોને

હિંદનાં દેશી રાજ્યોમાં ભાવલપુર રાજ્ય ટિકિટોમાં કદાચ સૌથી વધુ રસ લેતું જણાયું છે. આ વરસે તેના નવાબને ગાદીનશીન થયે પચીસ વર્ષ થયાં તેની રજતજયંતી નિમિત્તે કાઢેલી ટિકિટો પૈકી ચાર નીચે આપી છે, જેના ઉપર રાજ્યની સમૃદ્ધિ રૂપ પેદાશો (ઘઉં, કપાસ, નહેર-યોજના, ઉત્તમ પશુઓ)નાં આલેખનો સાથે નવાબની છબિ અને 'સિલ્વર જ્યૂબિલી : ૧૯૨૪-૧૯૪૯' લખાણ છે.





# માધુકરી

અન્યોના વિપરીત શા અનુભવે જે લે ધડો, સુજ્ઞ તે;
જે કો સ્વાનુભવે સ્વદોષ ત્યજતા, સામાન્ય તે જાણવા;
ને જે ઠોકર ખાઇને ન સુધરે, તે મૂર્ખ સાચા જ છે;
થાયે 'ચીત' છતાં ગણે 'જીત' અરે, તે કોણ? ન જાણતો!
('નવભારત') ય. અ. ભોગડેના મરાઠી મુક્તકનો અનુવાદ

## ચીની લોક-રાજ્યનો પ્રમુખ માઓ ત્સે-તુંગ

ચીનનો મોટો ભાગ કબજે કર્યા બાદ, પોતાના પક્ષની જમાવટ પાકી કરી લઇને ચીનના સામ્યવાદી પક્ષે, ગઈ તા. ૧લી ઑક્ટોબરે ચીનના પુરાણા પાટનગર પેકિંગમાંથી ચીની લોકરાજ્યની જાહેરાત કરીને તેના અગ્રણી માઓ ત્સે-તુંગને પોતાના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટ્યો છે. જોકે ઘણાને એવી કલ્પના યે ન આવે કે એના જેવા વિદ્વાન અને રંગદર્શી અભ્યાસીને માથે વળી આવી સરમુખ્ત્યારીની સત્તાનો મુકુટ પહેરાવાશે. પરંતુ મૂળથી જ તે ચીની સામ્યવાદી પક્ષની પાછળના સાચા બલ અને બુદ્ધિ રૂપ રહેતો આવ્યો છે.

ચીનના હુનાન પ્રાંતના અંતરાળના એક ભાગમાં એનો પિતા એક શ્રીમંત ખેડૂત હતો. તેણે હોંસથી પોતાના આ છોકરાને પ્રાચીન સાહિત્ય, અર્થશાસ્ત્ર અને રાજકારણના અભ્યાસ માટે પેકિંગ મોકલ્યો. ત્યાં મોજશોખને તિલાંજલિ આપીને અને કપરો પરિશ્રમ કરીકરીને એ પેકિંગ યુનિવર્સિટીની લાયબ્રેરિનો નાયબ લાયબ્રેરિયન થયો. અહીં જ તે 'ચીનના લેનિન' તરીકે વિખ્યાત નેતા એન સ્યુના સંપર્કમાં આવ્યો અને તેને ચીની સામ્યવાદી પક્ષ સ્થાપવામાં મદદ કરેલી. ત્યારથી એ પક્ષના સંચાલક મગજ તરીકે તે રહેતો આવ્યો છે.

આજે પંચાવનની એની ઉમર છે, છતાં વીસ વરસનો હોય એમ લાગે. એ તદ્દન શાન્ત અને નિરાડંબરી સ્વભાવનો સીધો સાદો આદમી છે, અને હજીયે સાધારણ નાગરિકના જેવો જૂનો ધૂળિયા રંગનો સૂટ કે સામાન્ય પોશાક પહેરે છે. રાજદ્વારી વિષયો ઉપર તો, અલબત્ત, એણે ઘણાં પુસ્તક-પત્રિકાઓ લખ્યાં છે, પણ ઘણાને ખબર નહિ હોય કે એ એક સિદ્ધહસ્ત કવિ છે. ચીનમાં કાવ્યોનું મૂલ તેમાંના કાવ્યતત્ત્વ ઉપરાંત કવિના હસ્તાક્ષરોની સુંદરતા ઉપર પણ અંકાય છે; અને માઓનાં કાવ્યોની ગુણવત્તા તેમાંની ઉત્તમ લક્ષણા ઉપરાંત તેના સૌંદર્યમંડિત સુડોળ લખાવટવાળા હસ્તાક્ષરો માટે પણ પંકાય છે. ચીનાઓના પ્રમાણમાં મોટી ગણાય તેવી આંખો, કાળા સુંવાળા વાળ, વિશાળ ખભા અને સજ્જડ બીડાએલા રહેતા નિશ્ચલતા દર્શાવતા હોઠવાળો ચીનનો આ અગ્રણી આજની દુનિયામાં સૌથી ઓછો જાણીતો રાજદ્વારી સરમુખ્ત્યાર છે. ચીનને રાષ્ટ્રવાદના પ્રથમ પાઠ ભણાવનાર ત્યાંના પરમ માનનીય નેતા ડૉ. સુન-યાટ સેનના વારસદાર તરીકે તે પોતાને ઓળખાવે છે.



### આસમાસનાં પંખી-૪૭

#### ઘુવડ



પરંપરાગત માન્યતાને કારણે જેનો બોલ કે દર્શન ભલભલાના મનમાં પણ અમંગળની આશંકાઓ જન્માવે છે એ ઘુવડ પશ્ચિમમાં તો જોકે 'ડહાપણ'નું પ્રતીક મનાયું છે: પણ સામાન્ય પક્ષીસમાજથી જુદો પડી આવતો તેના ચહેરાનો ડોળ જ ભયજનક લાગે છે. દુનિયાભરમાં વ્યાપક આ પંખીની આપણે ત્યાં લગભગ પાંચ જાતો થાય છે.

સફેદ પીંછાંથી ઢંકાએલો વાંદરાના જેવો લાગતો ગોળ ચહેરો, છાંટણાંવાળી બદામી કાયા, છેક સુધી પીંછે ઢંકાએલા પગ, ને અંધારામાં તગતગતી ભયંકર ગોળ આંખોવાળી જાત આપણે ત્યાં વ્યાપક છે. સૂર્યનો પ્રકાશ ઝીલી ન શકવાથી તે આખો દિવસ કોઇ ખંડેર કે અવાવરૂ જગ્યામાં અંધારે ખૂણે લપાઈ રહે છે. એ દરમ્યાન તે અક્કડ બેસી રહીને ઝોકાં ખાધા કરે છે. પણ અંધારું જામતાં પોતાની ધ્રૂજાવતી ઘેરી કઠોર ચીસો વહેતી કરી ઉંદર-છછૂંદરના શિકારે નીકળે છે અને ભૂતના પડછાયાની જેમ એક મકાનેથી બીજે મકાને ભટકે છે. આથી સર્વત્ર તે અપશુકનિયાળ મનાયું છે: છતાં ઉંદરોની વૃદ્ધિ અટકાવવા પૂરતું તો તે આપણને લાભદાયી જ છે. તેનાં માંસ, હાડકાં ને પીંછાંનો ઉપયોગ ભૂવાઓ તથા ઊંટવૈદ્યો જંતરમંતર તેમજ સંધિવા તથા પક્ષઘાત ઉપર કરે છે. વર્ષ દરમ્યાન ગમે ત્યારે તે તેના અંધારા ખૂણામાં કચરાની ગાદી કરી ત્યાં ચારથી સાત લીસાં સફેદ ઈંડાં મૂકે છે.

ઉપર જેનું ચિત્ર આપ્યું છે તે પાણી નજીક રહેતી જાતનું છે. તેની વિશિષ્ટતા તેના માથા પરનાં શીંગડાં જેમ ઊભાં પીંછાં. તે આહારની શોધમાં પાણી પર ઝૂકતી ડાળ કે પથ્થરની ધાર પર સંધ્યા ટાણે બેસી પાણીની સપાટી નજીક આવતી માછલી પર નજર રાખે છે અને તક મળ્યે ઝડપી લે છે. ક્વચિત ઉંદર, ગરોળી ને નાનાં પંખી પણ મારે છે.

અને તેની સાથે ચીની લોકરાજ્યના ચૂંટાએલા છ ઉપ-પ્રમુખો પૈકી એક માદામ સુન-યાટ-સેન પણ છે; પણ એ સાચો 'ચીનવાસી' નીવડે છે કે 'સામ્યવાદી' એ તો સમય બતાવશે.

પરંતુ એટલું તો નક્કી છે કે ચીન જેમ આજ સુધી બનતું આવ્યું છે તેમ એશિયાના ભાવિ ઘડતરમાં અગત્યનો ભાગ ભજવવાનું જ.

## સ્કૉટલૅન્ડ યાર્ડ : લંડનના પોલીસ દળનું વડું મથક

છૂપી પોલીસનાં ગુનાશોધક વૈજ્ઞાનિક સાધનોનો પરિચય આપતો જે લેખ આ અંકમાં અન્યત્ર પ્રકટ થયો છે તેને અનુસંધાને લંડનના જગવિખ્યાત પોલીસના વડા મથકનો આ ટૂંકો પરિચય પણ સાથે સહાયક થઈ પડશે.

છૂપી પોલીસના વડા મથકને માટે વળી 'સ્કૉટલૅન્ડ યાર્ડ' જેવું વિચિત્ર નામ કેમ અપાયું હશે એ નવાઇ પમાડનારું છે. અમદાવાદના વડા પોલીસ મથકને માટે 'ગાયકવાડની હવેલી' શબ્દ જે રીતે પ્રચલિત થયો છે તેવી જ એની કથા છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં ઈંગ્લંડના રાજાઓના જૂના રાજમહેલ વ્હાઈટ હૉલનો વાડો 'સ્કૉટ-લૅન્ડ યાર્ડ' તરીકે ઓળખાતો હતો. ઈ.૧૮૪૨માં જ્યારે લંડન શહેરના પોલીસ દળે પહેલવહેલું ગુપ્તચરખાતું ખોલ્યું ત્યારે તેનું મથક એ જગ્યાએ રાખવામાં આવ્યું હતું, તે પરથી પોલીસ મથકને માટે એ સ્થાનનું નામ પ્રચલિત બન્યું. પછી તો એ એટલું પ્રચલિત થયું કે ઇ. ૧૮૯૦માં પોલીસ દળને તે જગ્યાએથી વેસ્ટમિન્સ્ટર પૂલ પાસેના એક વિશાળ મકાનમાં ખસેડવામાં આવ્યું ત્યારે તેઓએ તે મકાનને પણ જૂની જગ્યાનું જ નામ આપ્યું! અને આજે તો લંડનના લોકોના મનમાં એ વિચાર એટલે સુધી રૂઢ થઈ ગયો છે કે 'પોલીસ દળ' એટલે 'સ્કૉટલૅન્ડ યાર્ડ' એવો એ પર્યાય શબ્દ બની ગયો છે!

એ 'ન્યૂ સ્કૉટલૅન્ડ યાર્ડ' હવે, ૧૮૯૦, ૧૯૦૫ અને ૧૯૪૦માં બાંધવામાં આવેલાં ત્રણ મોટાં મકાનોનો બનેલો છે. તેના મધ્યવર્તી કેન્દ્ર ૨૫ મુખ્ય કચેરી સંખ્યાબંધ ખાસ ખંડોની બનેલી છે, જેમાં લંડનનાં ૧૭૫ થાણાંઓ સાથે ચોવીસે કલાક સંદેશાઓની આપલે થયા જ કરે છે. ૭૦૦ ચોરસ માઇલના બનેલા એ વિરાટ લંડન શહેરમાં એવું કશું જ બનતું નથી જેની સ્કૉટલૅન્ડ યાર્ડને થોડી સેકન્ડ અથવા થોડી મિનિટોમાં ખબર ન પડે. તરત જ આ ખંડો-માંના અમલદારો તરફથી લંડનભરમાં જાળની માફક બિછાવેલી પોલીસ ફોજોને તે સંબંધમાં યોગ્ય પગલાંના હુકમો છૂટે છે.

કચેરીનો સૌથી મોટો ખંડ 'માહિતી ખંડ' તરીકે ઓળખાય છે. સંદેશાઓ ઘણુંખરું ટેલીફોન અથવા ટેલીપ્રિન્ટર દ્વારા મળ્યા કરે છે. આખા લંડન શહેરની સમસ્ત પ્રજાને બે ટેલીફોન નંબરો ખૂબ જ જાણીતા છે. એક ૯૯૯ અને બીજો વ્હાઈટ હૉલનો ૧૨૧૨. કોઈ પણ શહેરીને જલદીથી પોલીસની તાત્કાલિક મદદની જરૂર પડે કે તરત તે ૯૯૯ નંબર પર ફોન કરે છે. એ જ આંકડા પસંદ કરવાનું કારણ એ કે અંધારામાં પણ તે નંબર સહેલાઇથી ડાયલ ફેરવીને જોડી શકાય. તરત જ તેનું જોડાણ 'માહિતી-ખંડ' સાથે થઇ જાય છે.

માહિતી-ખંડનું બારણું ઉઘાડતાં જ મકાનોના નકશા તૈયાર કરનાર ડ્રાફ્ટસમેનોનાં ટેબલ જેવાં મોટાં ટેબલો પર શેતરંજનાં પ્યાદાંઓ ગોઠવેલા વિશાળ નકશાઓ નજરે પડે છે. આ દરેક નકશો લંડનના એકએક વિભાગનો હોય છે, અને તે પરનાં પ્યાદાંઓ તે એ વિભાગમાંની પોલીસની મોટરો દર્શાવે છે. જેને યુનિફૉર્મ પહેરેલા પોલીસો હાંકતા હોય તેવી મોટરોને નાની ગોળકાર ચકતી દ્વારા દર્શાવેલી હોય છે, અને જે મોટરોને સાદાં કપડાંવાળી છૂપી પો-લીસ હાંકતી હોય ને તેથી તે શહેરની સામાન્ય મોટર કે લોરી જેવી દેખાતી હોય તેને ચોકટ આકારનાં ચકતાંથી દર્શાવેલી હોય છે. આ ઉપરાંત ટેમ્સ નદીમાં પણ પોલીસની હોડીઓ રાખેલી હોય છે, તેને હોડીઓ જેવા આકાર દ્વારા દર્શાવેલી હોય છે. આ દરેક મોટર તથા હોડીને સ્કૉટલૅન્ડ યાર્ડમાંથી રેડિયો દ્વારા સીધા સંદેશાઓ મોકલી શકાય છે. તે ઉપરાંત ૨૩ વિભાગોનાં મથકોમાં ટેલીપ્રિન્ટરથી સંદેશા મોકલી શકાય છે.

આ ઉપરાંત આખાયે લંડન શહેરમાં પોલીસ દળના ઉપયોગ માટે જ ખાસ ટેલીફોન બૉક્સો રાખવામાં આવી છે ને તેને ટપાલ-ખાતાની ટેલીફોનની લાલ કોટડીઓથી જુદી પાડવા બ્લ્યુ રંગેલી છે. તે બૉક્સનું બારણું પણ ઉઘાડ્યા સિવાય કોઇ પણ શહેરી માત્ર રિસીવર ઉપાડે કે તરત જ તેનું પાસેમાં પાસેના પોલીસ થાણા સાથે જોડાણ થાય છે. પોલીસો પોતે પણ પોતાના વિભાગમાં ફરતાં ફરતાં કંઈ કામ હોય તો આ ટેલીફોનનો ઉપયોગ કરે છે. વળી આવી દરેક બૉક્સને મથાળે બત્તી હોય છે અને પોલીસ-થાણાને પોતાના વિસ્તારમાંના ફરજ પરના પોલીસનું કંઈ કામ હોય તો તેને ટેલીફોન પર બોલાવવા માટે તે બત્તી કરીને તેનું તે તરફ ધ્યાન ખેંચે છે. માહિતી-ખંડમાંનાં આ ત્વરિત સાધનો તથા યુક્તિઓ વડે તેમજ જુદાજુદા વિસ્તારોમાં ફરતી પોલીસ દળની મોટરોની મદદથી ગયા વર્ષ દરમિયાન લગભગ ૭,૦૦૦ માણસોની ઘણી જ જલ્દીથી ધરપકડ કરી શકાઇ હતી.

ગુનેગારોનાં આંગળાંની છાપ લેવા માટેનું અહીંનું ખાતું રેલવેની એકાદ મોટી ટિકિટ ઑફિસ જેમ ગોઠવવામાં આવેલું છે. સ્કૉટ-લૅન્ડ યાર્ડ પોતાના આ વિભાગને માટે અભિમાન લઈ શકે એવા તેના ભૂષણરૂપ એ છે. ત્યાંના અગાઉના કમિશનર, સર એડવર્ડ હેન્રીએ એ છાપોનાં કુંડાળાં, કમાનો, શંકુઓ વગેરેનાં ચિહ્ન પ્રમાણે તેનું જે વર્ગીકરણ કર્યું છે તે પદ્ધતિનો આજે દુનિયાના દરેક દેશનાં પોલીસ-દળો ઉપયોગ કરી રહ્યાં છે. —વિન્ડહામ મરે

## શી અભ્યાસી વૃત્તિ!

આજથી ૨૫ વરસ પર એવેલીન ચીઝમૅન નામની કીટ-વિજ્ઞાનની અભ્યાસી એક અંગ્રેજ બાઈ દક્ષિણ પાસિફિક પ્રદેશનાં કીટકોનો સંગ્રહ કરવા ત્યાં ગએલી. તેણે ત્યાંથી મહા મુશ્કેલીએ એકઠાં કરી-કરીને લંડનના સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમને મોકલેલાં વિવિધ કીટ-કોનો સરવાળો હમણાં ૧૦૦,૦૦૦ (એકલાખ)ની સંખ્યાએ પહોંચ્યો છે! આ પહેલાં એ બાઇએ ન્યૂ ગીની, પાપુઆ અને આફ્રિકામાં આવી કીટકશોધો કરેલી; અને હવે તે પાસિફિકમાં આવેલા માપણી થયા વિનાના પ્રદેશોમાં જવાની છે.

## સાપનું ઝેર

'કુમાર'ના ૩૦૭મા અંકના ૨૨૦ પાના પર 'સાપનું ઝેર' નીચે જે હકીકત લખાએલી છે, તે બરાબર છે પણ અધૂરી છે.

સાપનું ઝેર સાપના પેટમાં જાય તો એને અસર નથી થતી. સાપનું ઝેર માણસના મોં વાટે પેટમાં જાય તો યે અસર નથી થતી. જેમ પેનીસીલીન અને કોરેમીન જેવા પદાર્થો પેટમાં જવાથી અસર વગરના થઈ જાય છે તેમ. પેટમાંના હાઇડ્રોક્લોરિક ઍસિડની અસર નીચે આ બધા પદાર્થો પોતાનો ગુણ ગુમાવી દે છે. સાપનું ઝેર અસર-કારક થવા સીધું લોહીમાં જ જવું જોઈએ એ જરૂરી શરત છે. એટલે કોઇને સર્પ-દંશ થયો હોય તેને ચૂસીને થૂંકી નાખવાનું કામ તદ્દન સલામત છે. પણ ચૂસનારનું મોં સાફ—ચાંદી વગરનું કે આળું થએલું ન હોવું જોઈએ.

—જશભાઇ જ. પટેલ

હરિ સમરે પાતક ઘટે મિત્ર હરે નિજ પીર;
અરિ સમરેમેં તીન ગુન બુદ્ધિ, પરાક્રમ ધીર.●

વિલાયતમાં વલ્લભભાઇ બૅરિસ્ટરીનું ભણતા હતા ત્યાં એમને પગે વાળા નીકળ્યા. તેનું ઑપરેશન કરતી વખતે સર્જને એનેસ્થેટિક (બેભાન કરનારી દવા) વાપરવા માંડતાં વલ્લભભાઇએ આગ્રહ કર્યો કે ગમે તેટલું દુઃખ થશે તે સહન કરીશ, પણ કલૉરૉફોર્મ ન આપો. અલબત્ત, ડૉકટરોએ એ માન્યું નહિ પણ તાજ્જુબ થઇ ગયા કે આવો દરદી અમને પહેલી જ વાર મળ્યો છે !

અનેકાર્થી શબ્દ: **લય**=નાશ, પ્રલય; એકતાન થઈ જવું તે, લીનતા; સંગીતમાં લેવાતો વિરામ; નૃત્ય, ગીત તથા વાદ્યની સંગીતમાંસમતા;કોઇસ્વરકાઢવામાં લાગતો લાંબો કે ટૂંકો સમય: દ્રુત, મધ્યમ કે વિલંબિત; ગાવાનો કે સ્વર કાઢવાનો ઢંગ.

કહેવતો કેમ પડી ?: 'ઈસ ભોજન પર દ્વાદશ તિલક ?' મથુરાની યાત્રાએ ગએલા એક શ્રીમંત મારવાડીએ બ્રહ્મભોજન કરાવવા માટે કોઈ ધર્મિષ્ઠ બ્રાહ્મણને શોધી લાવવા પોતાના નોકરને ઘાટ પર મોકલ્યો. માલેતુજાર શેઠને ત્યાં માલમલીદા ખાવાની આશામાં એ ચૌબાજીએ પોતાની ધાર્મિકતાનો પરચો બતાવવા ભભકાબંધ સાજ સજ્યો અને કપાળમાં બારેક જાતનાં તિલકનો ઠઠારો કર્યો. પણ જ્યાં પાટલે બેઠા ત્યાં થાળીમાં દાળ-રોટલી જ આવી ! આથી છેડાઈ પડી ભૈયાજી બરાડી ઊઠયા: 'ઇસ ભોજન પર દ્વાદશ તિલક ?' ત્યારથી, વધુ અપેક્ષાને અંતે વસ્તુસ્થિતિ તદ્દન મામૂલી નીકળી પડે એ સંજોગોમાં ભોંઠી પડેલી ધારણા માટે આ કહેવત વપરાય છે. એના જેવી બીજી કહેવતોમાં 'ખોદ્યો ડુંગર ને કાઢયો ઉંદર' વગેરે ગણાવી શકાય.

'વનસ્પતિ'ના ભેળસેળવાળા આ જમાનામાં મળતું ઘી શુદ્ધ છે કે કેમ તે પારખવા એક કાચના વાસણમાં થોડુંક લઈ, તેમાં શુદ્ધ નાઇટ્રિક ઍસિડનાં બે-ચાર ટીપાં નાખીને જરા ગરમ કરવું. જો ભેગવાળું હશે તો તેનો રંગ જ ફરી જશે.

● હરિનું સ્મરણ કરવાથી પાપ કપાય, મિત્રને યાદ કરતાંવેંત તે આવીને આપણું સંકટ કાપે, પણ અરિ(દુશ્મન)નું સ્મરણ કરતાં તો બુદ્ધિ, પરાક્રમ અને ધીરજ એ ત્રણે હોય તો જ મનને શાન્તિ રહે.

### ગણિત ગમ્મત

૧ થી ૨૪ સુધીના આંકડાને નીચે પ્રમાણે અનુક્રમમાં ચાર હારમાં ગોઠવવાથી પ્રત્યેક ઊભી હારનો સરવાળો ૫૦ જ આવે છે.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ |
| ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ |




બ્રિટન(ઇંગ્લંડ)ને જીતનારા રોમનો તેને 'બ્રિટાનિયા' કહેતા. આજે તો જોકે બ્રિટનના પ્રતીક-રૂપ સ્ત્રીમૂર્તિને જ માટે એ શબ્દ વપરાય છે, અને કેટલાક બ્રિટિશ સિક્કાઓ ઉપર તેમજ ચન્દ્રકો, પ્રતીકો આદિ બીજી સંજ્ઞાઓ ઉપર તે આલેખાય છે. ઇંગ્લંડના આજના સિક્કાઓ ઉપર બ્રિટાનિયાનું જે ચિત્ર આવે છે તે તો ચાર્લ્સ બીજાના વખતમાં આલેખાએલું અને "ડચેસ ઑવ રિચમન્ડ"ને પાત્ર તરીકે બેસાડીને કલાકારે તે ઉપજાવેલું. પણ તેની રચના તો અસલ રોમનોએ જ કરેલી. એવી બ્રિટાનિયાની છાપવાળો ઇંગ્લંડભરમાં જે જૂનામાંજૂનો સિક્કો મળી આવ્યો છે તે આ ઉપર આપ્યો છે.

શિયાળામાં બાળકોનું વજન ઉનાળા કરતાં વધુ વધે છે; જ્યારે ઊંચાઈમાં બાળકો શિયાળા કરતાં ઉનાળામાં વધુ વધે છે.

જે વસ્તુ સાચવી રાખવાને સૌકોઈ ઇચ્છે છે, અને છતાં જેની સૌ ઓછામાં ઓછી દરકાર કરે છે તે છે— 'જિંદગી.'




અવ્યવસ્થિતરીતે ગોઠવાઇને પડેલા રૂમાલમાં માનવચહેરાની આકૃતિ.

તરડાએલી ફાઉન્ટન-પેન સાંધવા માટે જિલેટીનની થોડી કરચો પર તેજ ઍસેટિક ઍસિડનાં થોડાં ટીપાં નાખીને સળી વડે હલાવો. (ઝાઝા મિશ્રણની જરૂર નથી; સીવવાની અંગૂઠી ભરાય એટલું બસ છે.) જિલેટીન નરમ બનીને ફૂલે એટલે પ્રવાહી કાઢી નાખીને તદ્દન ધીમા તાપ પર ધરી જિલેટિનને ઓગાળી નાખો, અને પછી ગરમગરમ ફાઉન્ટનપેનની ફાટ પર લગાડી જોરથી દબાવી દોરી બાંધી દો. સુકાઈ ગયે દોરી ઉખેડી લો.

કચ્છમાં 'કુંઢેર' નામે લાકડાની જાત થાય છે, તે લીલાં હોય તો પણ કશી મુશ્કેલી વિના સૂકાં લાકડાં પેઠે બળે છે. (ઇ. હા. વ્યાસ)

'તમારા છોકરે મારા પર પથરો ફેંક્યો.'
'વાગ્યો કે તમને ?'
'ના, થોડામાં બચી ગયો.'
'તો ખાત્રીથી, તે છોકરો મારો નહિ હોય.'

નાઇટ્રસ ઑકસાઇડ નામનો વાયુ શ્વાસમાં જતાં માણસ આપમેળે હસવા માંડે છે.



કલાકણિકા: માનવીએ કલા વડે કોઇને પણ વધુમાં વધુ નવાજ્યો હોય તો ધર્મને. દેવમૂર્તિથી માંડી તેની પૂજાનાં મામૂલી સાધનો સુધીમાં જે પ્રેમ અને ભક્તિપૂર્વક માનવીએ તેને કલાની અર્ચના કરી છે તેનું ઉદાહરણ દક્ષિણ હિંદની આ નાનીસરખી આરતી છે.

જાન્યુ૦ થી ડિસે૦ ૧૯૪૯ — અંક ૩૦૧ થી ૩૧૨ સુધી

# છવ્વીસમા વર્ષનું વાર્ષિક સાંકળિયું

## મુખ્ય ચિત્રો — પૂર્ણરંગી



### એકરંગી, દ્વિરંગી, રેખાંકન વૂડકટ



### ફોટોગ્રાફો



### શિલ્પ-સ્થાપત્ય




### ટપાલની ટિકિટો



### કાવ્યો

# અમદાવાદ

## ગુજરાતનું પાટનગર



**અમદાવાદની સમૃદ્ધ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો**

હિંદુ અને ઇસ્લામી સ્થાપત્યના સુંદર સમન્વય સમો, અમદાવાદના શાહ-આલમના રોજાનો મનોહર દ્વાર-પ્રદેશઃ એની ઉપલી કમાન ઇસ્લામી અને નીચલી(બારણાં ઉપરની) કમાન હિંદુ સ્થાપત્યની ઢબની છે. એની જાળીઓની ડિઝાઇન, ઇસ્લામી આદેશ મુજબ કોઇપણ જીવંત પ્રાણીના આલેખન વિનાની છે, છતાં એ જાળીઓની ડિઝાઇનની ઢબ હિંદુ પરંપરા ઉપર છે, અને પિત્તળની જાળીવાળાં એનાં કમાડ અમદાવાદના જ કારીગરોના અદ્ભુત પિત્તળકામનો સુંદર નમૂનો છે. અમદાવાદનાં શિલ્પ અને સ્થાપત્યના આવા ચુનંદા નમૂનાઓના બાવન ફોટોગ્રાફોના સુંદર આલ્બમમાંની આ એક વાનગી છે.

¶. દેશના ધોરી વ્યાપારમાર્ગો ઉપરની પોતાની કેન્દ્રવર્તી ભૌગોલિક સ્થિતિથી, અને અદ્યતન ઉદ્યોગનગર હોવા છતાં એતદ્દેશીય સંસ્કૃતિનાં વહેણનો જીવંત ને પ્રબળ સ્રોત ધરાવવાને કારણે, અમદાવાદ જ ગુજરાતનું પાટનગર રહ્યું છે, રહેવાનું છે અને આગામી યુગમાં સોળે કળાએ વિકસવાનું પણ છે.

¶. છતાં એને વિષે આપણે કેટલું સાચું જ્ઞાન ધરાવીએ છીએ? એનો વિવિધરંગી ઇતિહાસ, એનાં ઊંડાં સંસ્કારવહેણ અને એની પુરાણી શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિથી ખુદ અમદાવાદીઓ પૈકી પણ સંપૂર્ણ જાણકાર કેટલા હશે? માત્ર એની શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિની જ વાત કરીએ તો, એ શહેરના સ્થાપક બાદશાહ અહમદશાહના ખુદના અવશેષ સંઘરતા મકરબાથી માંડીને છેક હઠીભાઇની વાડી અને સ્વામીનારાયણના મંદિર સુધીનાં હજી એક જ સૈકા ઉપરનાં મંદિરોમાં આપણી પરંપરાગત વાસ્તુકલાનો જે સમૃદ્ધ વારસો સિલસિલાબંધરીતે જળવાયો છે તે પોતેજ એકમૂક પણ રસભર ઇતિહાસગ્રંથ છે.


¶. જગતમાં બેનમૂન પથ્થરી કોતરકામવાળી ગણાએલી સીદી સૈયદની મસ્જિદની જાળીઓ અને સપ્રમાણ શિલ્પના અનન્ય નમૂનારૂપ રાણી રૂપમતિની મસ્જિદથી માંડીને જલાગારો તથા ગરનાળાંઓમાં પણ છુટ્ટે હાથે વેરાએલી કળાલક્ષ્મીના અવશેષો ધરાવતી અડાલજની વાવ તથા કાંકરિયા તળાવ સુધીનાં અમદાવાદનાં શિલ્પ–સ્થાપત્યો હજી યે આપણા એ પાટનગરની પુરાતન જાહોજલાલીની વાચા બનીને ઊભાં છે.

¶. તમે એ બધું નજરે ન જોયું હોય, કે ન જોઈ શકો તેમ હો તો એનું એક સચિત્ર આલ્બમ બહાર પડ્યું છે. એમાં, 'ગુજરાતનું પાટનગર--અમદાવાદ' નામના મહાગ્રંથના લેખક શ્રી રત્નમણિરાવ ભીમરાવે ખુદે આલેખેલી એ નગરની ઇતિહાસરેખા રૂપ પ્રસ્તાવના સાથે, બાવન ચુનંદા ફોટોગ્રાફો તે તે સ્થળનાં વર્ણનો સાથે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે સંઘરાયા છે. કિંમત માત્ર બે રૂપિયા [પોસ્ટેજ જુદું]. કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ.



**કલાકાર શ્યાવક્ષ ચાવડાની**
**પ્રાણીચિત્રણા**

અન્ય પ્રકારોની જેમ પ્રાણીચિત્રણા પણ કલાકાર શ્રી ચાવડાની પીંછીમાં રહેલા સામર્થ્યને શ્રી રવિશંકર રાવળે આ અંકમાંના લેખમાં અત્યંત વિશદ અને સુગ્રાહ્ય રીતે જે સમજાવ્યું છે તેની સવિશેષ પ્રતીતિ આપતાં આલેખનો ઉપર ઉતાર્યા છે. મુંબાઈના પ્રાણીસંગ્રહ-ઉદ્યાનમાં જાનવરોનાં પિંજર સામે જ બેસીને ઉતારેલાં આ ત્વરિત રેખાટનોમાં તેમની લાક્ષણિક ઢબછબોને જે એપ્રાસપાટે તે પકડી શકે છે તેનું સ્પષ્ટ દર્શન થાય છે. ભૂરા રંગના કાગળો પર કાળા ક્રેયૉનના કાંકરા વડે, અને રબર કે બીજી કશી છેકભૂંસ વિના, સીધા લસરકા લેતી તેમની આંગળીઓ જે આસાની ને સપ્રમાણતાથી પ્રાણીઓની આકૃતિઓ સમજાવતી આવી છે તેના આવા કડી-




## નૂતન વર્ષાભિનંદનની સામગ્રી

નવા વર્ષ નિમિત્તનાં અભિનંદનો મોકલવા માટેની મબલખ અને મોંઘી સામગ્રી બજારોમાં મળે છે અને વર્ષોવર્ષ ઢગલામોઢે તેનો ખપત પણ થાય છે. એમાં નવીનતા પણ જણાયા કરે છે. પણ આ અભિનંદનો એ અંગત લાગણીનો હૃદય-જન્ય ઊર્મિનો વિષય છે; એટલે એ નિમિત્તે મોકલાતી વસ્તુ માણસની હસ્તકૃત હોય એમાં એનું સવિશેષ મૂલ્ય છે. ઈશ્વરે જેમને કવિતા કે ચિત્ર જેવી કલાથી વિભૂષિત કર્યા છે એમની એવી કૃતિઓ પાછળ રહેલો ધબકારો તરત પરખાય છે. કવિ મિત્રોએ સ્વરચિત પંક્તિઓ હસ્તાક્ષરમાં મોકલી છે. એ રીતે આવેલી કેટલીક હસ્તકૃત અભિનંદન-સામગ્રી આ ઉપર આપી છે. મથાળાના પહેલાં કાર્ડમાંના હરણમાં ભાઈ પ્રમોદ ચુ. લાલ મહેતાએ 'કુમાર'ના નામાક્ષરો ગૂંથી મોકલ્યા છે એ વર્તાય છે? તેની નીચેના કવર પર આપણા ચીન જઈ આવેલા જાણીતા કલાકાર યજ્ઞેશ્વર શુક્લની ચીની ઢબની કલાની કૃતિ છે. ને કવિતા તથા ચિત્રમાં પા-પા પગલી પાડનાર એક મુગ્ધ કુમારનો પ્રયત્ન તેની નીચે છે. જમણી બાજુના મથાળાનાં બે કાર્ડ ભાઈ બિહારીલાલ ટાંક (જે હવે 'કુમાર'ના એક અંગભૂત બન્યા છે. તે)નાં છે. એમાં સુંદર આલેખન સાથે અભિનવ સામગ્રીનો ઉપયોગ કરવાની કલાદૃષ્ટિ છે, ને અંગની તારા-ટપકી અને રેશમી ફુમતી દર્શાવશે. નીચલે જમણે ખૂણે આવેલું નાનકડું ફોલ્ડર શાન્તિનિકેતનના કલાના વિદ્યાર્થી ભાઈ બિહારીલાલ બારભૈયાએ મોકલ્યું છે, જેમાં

પરિચય
કરાવનાર
**શ્રી રવિશંકર
રાવળ**



આ બંને આડાં પાનાંમાં સેપીઆ ફાઉન્ટનપેનથી કરેલા સ્કેચ છે, જ્યારે આ નીચે સામસામાં આપેલાં ઊભાં ચિત્રોમાંના પંખી થાથી-ક્રેયૉનથી આલેખેલાં છે. લેશમાત્ર રબર વાપર્યા વિનાના એ સ્કેચોમાંનો સચોટ આવેગ કલાકારના હાથની તાકાત બતાવે છે.

★

નાવતી પોતાની અનોખી શૈલીમાં પ્રાણીઓનાં એંશી ઉપરાંત ચિત્રો તૈયાર કરી, મુંબાઈની તાજમહાલ હૉટેલમાં એક વ્યક્તિગત પ્રદર્શન રજૂ કર્યું ત્યારે એ કૃતિઓ જોઇને મુંબાઈ આશ્ચર્યમુગ્ધ બની ગયું હતું. પ્રાણીચિત્રોમાં બહુ જ થોડા હિંદી કલાકારો રસ ધરાવે છે અને તે પણ કોઈ પ્રસંગ કે કથાનિરૂપણ કરનારાં ચિત્રો જ હોય છે, પરંતુ ભાઇ ચાવડાએ તો વિવિધ પ્રાણીઓના અંગમરોડ, આવેગ-સંવેગ અને સ્વભાવના સંકેત દાખવતા પિંડોને રેખાબદ્ધ કરવામાં અનોખી સફળતા બતાવી છે.

ભાઈશ્રી ચાવડા કદી ચિત્રગૃહમાં ભરાઇ રહેવાનું કે ધંધાનું જ કામ કર્યાં કરવામાં સંતુષ્ટ બની બેસવાનું પસંદ કરતા નથી. જરાકે અવસર મળે એટલે શક્ય તેટલા દૂરના પ્રદેશમાં જઈ લોકજીવન, વન્યજીવન કે પ્રાણીજીવનનો સંપર્ક પામવા, કે કોઈ પ્રાચીન શિલ્પ-

